કુમાર

અંક ૩૬

· ઉગતી · પ્રજાનું · માસિક ·

તંત્રી

રવિશંકર રાવળ



વર્ષ : ૩

માગશર ૧૯૮૩


અંક : ૧૨

પનઘટ પર : ચિત્રકાર : ચન્દ્રવદન ભટ્ટ

કુમાર
માગશર ૧૯૮૩
અંક ૩૬

જેમને અંક ન મળતા હોય તેમણે

અંક બહાર પડયા પછી આઠ દિવસની અંદર અમને જાણ કરવી. તે પછી આવતી ફરિયાદોને પહોંચી વળવા અમે બંધાતા નથી. દરેક અંક પ્રગટ થયાની જાહેરખબર 'સૌરાષ્ટ્ર'માં પ્રગટ થાય છે. **લવાજમ** વરસના રૂ. ૬: છ માસના રૂ. ૩: પરદેશના ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ, આર. વનમાળીદાસની કં. કાલબાદેવી, વર્ધમાન ઍન્ડસન્સ પાયધુની. **ગ્રાહકો** વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) અથવા બીજા છમાસિક હપતાની શરૂઆતથી (એટલે અષાડના અંકથી) જ નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચુક લખવો. **લેખકો** જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



વીણાવાદન

ચિત્રકાર : શ્રી પ્રમોદકુમાર ચેટરજી

'કુમાર' માગશર ૧૯૮૩ના અંકનું મુખચિત્ર

કુમાર
માનવતા મહત્તા અને મનોરથોનું માસિક
માગશર
૧૯૮૩
વર્ષ ત્રીજું
અંક ૧૨મો

ક્રાન્તિ

આપણા દેવો પૈકી રુદ્રની—શંકરની ભાવના કોઈ વિલક્ષણ સૌંદર્યવાળી અને ભવ્ય છે. તે રુદ્ર છે અને ભયંકર છે; સંહારનો દેવ છે અને છતાં સુખકર છે, શિવ છે, મંગલ છે; યોગ ને કલાનો આદ્ય ગુરુ છે.

આ વિનાશ અને કલાનિર્માણ બંને વિરૂદ્ધ દેખાતી વસ્તુઓ એક જ ભાવનામાં શી રીતે સંગ્રહાયાં,—સમન્વય પામ્યાં ?

રુદ્રની ભાવના વૈદિક અગ્નિપૂજામાંથી વિકાસ પામી છે. અગ્નિનું સ્વરૂપ મંગલ છે. તે માણસને અનેક રીતે ઉપકારક છે. માણસનું કામ કરી આપે છે, તેનું અન્ન રાંધી આપે છે, તેનું ઘર અજવાળી આપે છે, ટાઢથી તેનું રક્ષણ કરે છે. પરંતુ એ અગ્નિ કશાકના પણ સંહાર વિના પ્રગટ થઈ શકતો નથી. ઘરમાં અગ્નિ કરવો હોય તો તેને માટે લાકડાનો કે કોલસાનો નાશ થવા દેવો પડે. એ રીતે એ મંગલ સ્વરૂપને પ્રગટ કરવાને માટે પણ સંહારની, વિનાશની જરૂર છે.

ક્રાન્તિનું પણ એવું છે.

ઘણા માણસો સમાજમાં ક્રાન્તિ થવાથી ડરે છે. ક્રાન્તિમાં અનેક વસ્તુઓનો નાશ થઈ જાય છે તેનો તેમને ભય લાગે છે. પણ આ ભય મિથ્યા છે. ક્રાન્તિમાં સંહાર થાય છે એ ખરૂં છે, પરંતુ કોઇ પણ નવું મંગલ સ્વરૂપ ઘડવાને કંઈક વસ્તુઓનો સંહાર તો થવા દેવો પડે જ. વિનાશ વિના સર્જન નથી.

ક્રાન્તિથી જુની વ્યવસ્થાઓ અસ્તવ્યસ્ત થઇ જાય છે. થોડો સમય અવ્યવસ્થા થાય છે. લોકો વ્યવસ્થાને નામે કહે છે કે ભાઇ ક્રાન્તિ ન કરો; તેથી અવ્યવસ્થા થશે. પણ દરેક નવી વ્યવસ્થા કરતાં જુની વ્યવસ્થા તુટે જ, અને નવી વ્યવસ્થા સંપૂર્ણ અમલમાં આવે ત્યાં સુધી અવ્યવસ્થા પણ ચાલે. અભરાઇ ઉપર વાસણો જુદી રીતે ગોઠવવાં હોય તો બધાં નીચે ઉતારી એકવાર અવ્યવસ્થા કરવી જ પડે. નવી યોજના પ્રમાણે ઘર ચણવું હોય તો જુનું ઘર પાડી નાખવું પડે અને થોડા દિવસ ઘર વિનાના થઇ રહેવુ પડે.

આપણા સમાજમાં એવું ઘણું છે જેને માટે હવે ક્રાન્તિની જ જરૂર છે. સમાજ સડી ગયો છે. બાળલગ્ન, સ્ત્રીઓની મંદ દશા, ધર્મઢોંગ, મિથ્યાદાન, મિથ્યાવ્યય, ધર્મવ્યવહાર અને ધર્મનો વિયોગ એ સર્વ મુળ ઘાલીને પડેલાં છે. બાળક જન્મે છે ત્યારથી જે જુઠાણાં શરૂ થાય છે તે મુઆ પછી પણ કાયમ રહે છે. એ સર્વનો ગમે તે ભોગે નાશ થવો જોઇએ.

એ નાશ કરવાને માટે જે વ્યય કરવો પડે એ જ આપણો યજ્ઞ છે.

('ક્રાન્તિ'માંથી)

રામનારાયણ વિશ્વનાથ પાઠક



વાંચનના વર્ગ

અત્યારે બહાર પડતાં સામયિક પત્રોમાં બે વર્ગ છે. એક વર્ગ વાંચનારાઓને મનગમતું વાંચન આપી તેમની લાગણીઓને વશવર્તી અનુકુળ રસો ચખાડનારો છે. બીજો વર્ગ વાંચન દ્વારા વાંચનારાઓને જીવનનો કોઇ નવો પ્રદેશ બતાવવા, કોઈ નવા ઉંચા રસો ચખાડવા, તેમની અરૂચિ મટાડી સુરૂચિ જગાડવા મથી રહ્યો છે. 'કુમાર' નમ્રપણે આ બીજા વર્ગમાં હોવાનો દાવો કરે છે. આથી જ ઘણીવાર 'કુમાર'ના થોડા પરિચયવાળા કે પ્રથમ પરિચયવાળાને તેનું વલણ સમજાતું નથી. પરંતુ જેમણે આજ લાગટ ત્રણ વર્ષથી તેનો સંબંધ જાળવ્યો છે તેમની ખાતરી થઇ હશે કે પોતે પહેલા અંકથી ભાખેલી વાતો 'કુમાર' એક પછી એક આચરતું આવ્યું છે. દરેક અંકની બધી બાબતો એક જ વાંચનારને રૂચતી ન યે થાય એ અમે સમજીએ છીએ; પણ અમે એટલી તો કાળજી રાખી છે કે દરેક બાબત વાંચનારને ઉપયોગી તો થવી જોઇએ.

અભિપ્રાયો આપનારા

વર્તમાનપત્રો ને મિત્રમાસિકોએ 'કુમાર' માટે સારા અભિપ્રાયો અને સૂચનાઓ લખીને 'કુમાર' ઉપર ખુબ ઉપકાર કર્યો છે. અમે તેની અંતઃકરણથી કદર કરીએ છીએ. પરંતુ દરેક વાંચનાર ધ્યાનમાં રાખે કે એ અભિપ્રાય એક જ માણસના મનમાં ઉત્પન્ન થએલો હોય છે; ન કે હજારો વાંચનારાનો. અમને ખરો ઉત્સાહ આપનાર તો અમારા ચાલુ વાંચનારા છે. કોઇકોઇ ખુણેથી અવારનવાર અમને એવા લાગણીભર્યા પત્રો મળે છે કે જે વાંચતાં અમારૂં હૃદય આર્દ્ર બની જાય છે. અને આવા પત્રો મોકલનારાઓની સંખ્યા વર્તમાનપત્રો કે માસિકો પાછળ રહેલા એકેક માણસના સરવાળા કરતાં બહુ મોટી છે.

'કુમાર' મોંઘું છે?

કુમાર મોંઘું છે એમ કહેનાર તો હવે કોઈક જ નીકળશે. છતાં જેમને તેની કીમતમાં શંકા લાગતી હોય તેમણે ગયાં ત્રણ વર્ષની ફાઇલો ઉથલાવી જવી અને એમાંનાં ચિત્રો, લેખો, વાર્તાઓ અને વિવિત્ર હકીકતોનો તોલ કરી જોવો. એક સમર્થ કલાવિવેચકે તો 'બુદ્ધ યશોધરા અને રાહુલ'નું રંગીન ચિત્ર જોઈ કહ્યું હતું કે 'આ એક જ ચિત્ર માટે લોકો બાવીસ રૂપિયાનું એક અંગ્રેજી પુસ્તક ખરીદે છે' અને છતાં અમે 'કુમાર'માં આપેલું ચિત્ર એ અંગ્રેજી પુસ્તકવાળા ચિત્ર કરતાં વધારે સ્વચ્છ અને સાચું હતું. ગુજરાત અને હિંદુસ્તાનનાં અતિ દુર્લભ, દુર્ગમ, સ્થળોનાં સારામાં સારાં ચિત્રો આપ્યાં હોવાની ખાતરી પણ 'કુમાર'ની ફાઇલો આપશે.

અમારી ઉણપો

તેમ છતાં અમારા કામની ઉણપો અમને તો ઉઘાડી દેખાય છે. ઘણા ઉપયોગી લેખો આ વર્ષમાં આપવાના હતા તે રહી ગયા છે; ઘણા માહિતીપૂર્ણ નકશાઓ અને ચિત્રો વણછાપ્યાં પડ્યાં છે; નવી અને પ્રેરક કલ્પનાઓનું હજી માત્ર આલેખન જ થયું છે. 'કુમાર'ના વાંચનારાઓ વહેલામાં વહેલી તકે પોતાના દેશ અને દુનિયાને તેના પુરા સાચા સ્વરૂપમાં ઓળખી શકે, મહાન સત્વોના પરિચય પામે અને જગતના ક્ષણેક્ષણના ઇતિહાસના સાક્ષી બની શકે એવું સાહિત્ય આપવાની અમારી મથામણ ચાલુ છે.

ગ્રાહક સંખ્યાની ગતિ

પણ તંત્રી અને તંત્રીમંડળની તનતોડ મહેનત છતાં હજુ 'કુમાર'ની ગ્રાહકસંખ્યા અતીવ ધીરીગતિએ વધે છે. પહેલે વર્ષે ૧૨૫, બીજે વર્ષે ૭૦૦ અને ત્રીજે વર્ષે ૧૦૦૦થી કરેલી શરૂઆત ચોથા વર્ષમાં કેવી થશે તેનો જવાબ તો દરેક વાંચનાર જ આપી શકે. વાંચનારને ખબર નહિ હોય કે તંત્રીએ 'કુમાર'ની જવાબદારીઓ તો પોતાની અંગત સ્થિતિ સંભાળવા ઉપરાંત ખેંચવી પડે છે. આ વિષે અમારે જે કહેવું છે તેનો થોડો ભાગ આ અંક સાથે વળગાડેલી આસમાની પત્રિકા કહેશે. બાકી 'કુમાર' વિષે—એની સંસ્થાનું ચિરંજીવ રૂપ ગુજરાતમાં કેવું સંભવી શકે તે વિષે અમારી ભાવના અને સ્વપ્નાં તો અમે વખત આવ્યે તમારી આગળ રજુ કરીશું. એ બધાંને પહોંચી વળવા જેટલી સમર્થ અને સાધનસંપન્ન 'કુમાર'ની સંસ્થા થતી જાય નહિ ત્યાં સુધી 'કુમાર'ના મનોરથો અધુરા રહેતા આવે તો વાંચનાર ક્ષમા નહિ કરે?

ક્ષમાપન

પણ બીજી બધી કરતાં એક બાબતની ક્ષમા તો અમારે વાચકો પાસેથી અવશ્ય માગવી રહે છે, અને તે અમારી અનિયમિતતાની. એનાં કારણો વારંવાર આપીને અહીં પુનરાવર્તન નહિ કરીએ. અમારાં પરિમિત ને અધુરાં સાધનોને લીધે અનેક ચિંતાપૂર્ણ મથામણો છતાં અમે વખતનો ખાડો ટપી શકતા નથી. આવતે વર્ષે એ ખાડો પુરી દેવાનું વચન આપવા કરતાં આચરણમાં જ મુકી બતાવવાના પ્રયત્નો અમે કરીશું.

આવતે વર્ષે

આવતા વર્ષની અમારી તૈયારીનું લાંબું ટિપ્પણ અહીં અમે આપીને નાહક જગ્યા નહિ રોકીએ; પણ અમારી સાથેના ત્રણ વર્ષના પ્રસંગથી જેઓને અમારામાં શ્રદ્ધા બેઠી છે તેઓને અમે


ખાતરી આપીએ છીએ કે 'કુમાર'ના આવતા અંકો કલા અને પ્રેરણાના વધુ જોમભર્યા, આકર્ષક ને ઉપયોગી બનશે જ.

નાહક ખોટ અને મેણાં

'કુમાર'ના અંકો પોસ્ટ મારફતે બરોબર મળે છે કે નહિ તે જોવાને પોસ્ટખાતું બહુ કાળજી બતાવી ઉપકાર કરે છે. પરંતુ કાર્યાલયમાંથી ચોકસાઇભરી ગણતરી અને બેવડી તપાસ કરીને અંકો રવાના કર્યા છતાં યે દર મહીને સંખ્યાબંધ ફરિયાદો ઉભી જ રહે છે. એ બાબતમાં ગ્રાહકો અને તેમને અંકો પહોંચાડનારા વધુ ચોકસાઇ રાખી અમને ફરિયાદોનાં મેણાં અને ખર્ચના નાહકના બોજાથી ઉગારી લેવા કૃપા નહિ કરે? દર મહીને આટઆટલા અંકો ગ્રાહકોને ન મળે ત્યારે એ જતા હશે ક્યાં, એનો સહજ વિચાર થાય એવું છે. ટપાલખાતાની ચોકસાઇભરી નજર ચુકાવીને એટલા બધા અંકો ગેરવલ્લે જાય કે અદરશ્ય થઈ જાય એ તો ન જ બને? અમારી ખાતરી છે કે 'કુમાર'ના અમુક 'શોખીન' વાંચનારાઓ એ અદ્ધરથી જ ઉઠાવી જાય છે. આવી રીતે અંકો પચાવી પાડનારાઓએ પ્રમાણિકપણે પોતાના દિલને પુછવું કે 'કુમાર'ના વાંચનારે આવું પાપ કરવું ઘટે?

હવે પછીના મિજલસમાં

અમે ફેરફાર કરવા ઇચ્છીએ છીએ. જુદાજુદા વાંચનારા તરફથી અનેક વિષયોને સ્પર્શતા પત્રો અમને મળ્યા કરે છે. તેમાંથી ઉપયોગી, સારભૂત અને ચર્ચાસ્પદ ભાગો પ્રગટ કરીશું. આથી ગામેગામના વાંચનારાઓ મિજલસમાં પોતાના વિચારો દર્શાવી સહકાર વધારી શકશે અને તંત્રીને પણ વાંચનારા જોડે સંબંધ બાંધવાની તક મળશે. આ જાતની મિજલસ આવતા માસના અંકમાં જોશો. પ્રત્યેક વાંચનાર તેમાં ભાગ લેવા તૈયાર થશે એવી આશા છે.



વ્યવહાર પૂજા

૨૭—સ્થાપિત વ્યવહાર ઉપર આપણા દેશમાં એટલું બધું ધ્યાન અપાય છે કે જીવનની બીજી બધી સંસ્કારી અને વિકાસસાધક પ્રવૃત્તિઓને અવગણી, ભુખે મરતી રહેવા દઇ, એ વ્યવહારરાક્ષસનું હોજરૂં ભરવામાં જ આપણા સંસારની સમાપ્તિ થઇ જાય છે; અને શોખ કે શોભાને ખાતર પીંજરે પુરી રાખેલાં પંખીની જેમ આપણે કેળવણી અને સંસ્કારને સમાજની મર્યાદામાં સોષાતાં રાખી દયાને નામે ચપટી દાણા નાખતા હોઇએ છીએ. આપણી સર્વ સંપત્તિ હોઇયાં કરી જતા એ વ્યવહારની પંચાત મુકી આપણાં માબાપો ને વડીલો કોઈ રીતે ય પ્રભુમોકલ્યાં પંખી જેવી બાળપ્રજાની સેવામાં લાગી જાય?

આર્યભટ્ટારક ગુરુ અગસ્ત્ય



ગુરુ અગસ્ત્યની પ્રાચીન મૂર્તિ

સૈકાઓ થયાં જે આર્યાવર્ત પરતંત્રતામાં પરવશ પડયો છે તે એકવાર સ્વાધીનતંત્ર હતો એટલું જ નહિ, પણ તેણે દેશવિદેશમાં પોતાનાં સંસ્થાનો સ્થાપેલાં હતાં. એવા સ્થાપનાર આર્યવીરોમાં મુખ્ય ગુરુ અગસ્ત્ય છે.

વેદ અને પુરાણ કાળ વચ્ચેના ગાળામાં થઇ ગએલા આ ગુરુ અગસ્ત્યની પ્રવૃત્તિઓમાં ઉંડું જીવનભાન, ગાઢ રાષ્ટ્રપ્રેમ અને બૃહદ્ આર્યાવર્તનો વિકાસ એ સૌ પ્રપૂર્ણરીતે ખીલેલાં દેખાય છે. એક નહિ પણ અનેક રાજકુળના એ ગુરુ બને છે; રાજકુળની કન્યાસુંદરીઓ જોડે લગ્ન કરે છે અને નવા વંશવેલા વિસ્તારે છે.

ઉત્તર આર્યાવર્તની પ્રબળ ને પાવનકારી સંસ્કૃતિનું વહેણ દક્ષિણમાં વહેવડાવી ત્યાંથી ઠેઠ આર્ય દેશની આસપાસના દરિયાપારના દ્વિપોમાં પણ અગસ્ત્ય આર્ય લોકનાં ધર્મ, સંસ્કૃતિ ને રાજયોનાં ઠેરઠેર થાણાં બેસાડતા જાય છે અને તે યે એક પણ લડાઈ વગર, લેશમાત્ર વિરોધ વિના. આનું એક સબળ કારણ એ છે કે જે સંસ્કૃતિનાં બીજ એ રોપતા જતા હતા તે માત્ર આર્યોની પ્રાન્તિક સંસ્કૃતિ નહોતી, પણ મનુષ્યજાતિઓને સર્વસામાન્ય એવી જીવનભાવનાઓની રચાઇ હતી.

બ્રહ્મધર્મ અને ક્ષાત્રધર્મના ઉપાસક એ આર્ય ભટ્ટારક ગુરુ અગસ્ત્યને આ સંસ્કૃતિના પ્રચારમાં આપણે રાજકુળોના ગુરુ, સમાજસુધારક, સંસ્થાનોના સ્થાપક, ધર્મપ્રચારક, તપસ્વી, મુનિ અને યોગી તરીકે સાનંદાશ્ચર્ય નિહાળી રહીએ છીએ.

બંગાળના 'રૂપમ્' ત્રિમાસિકમાં તેના તંત્રી શ્રી અર્ધેન્દ્રકુમાર ગંગુલીએ એ મહાન આર્યવીરની જે વિદ્વત્તાભરી જીવનરેખા આલેખી છે, એમાંનો કુમારોને અનુકુળ ભાગ આ નીચે ઉતાર્યો છે.

પ્રભાતે ભગવાન દિવાકર ઉગે છે અને પોતાનાં કિરણોની ગુલાબી ફુલમંજરીઓ પાસેના શિખર પરનાં વૃક્ષો ઉપર વેરે છે; ઘડીભર એ મનોહર દૃશ્ય દેખાય છે અને પછી તો તેજનો લાલ ભભુકો ધસે છે ને એ મધુર ચિત્ર લુપ્ત થાય છે. વળી સપ્તરંગી કિરણજુથ એકઠું થઇને તેનો નીતર્યો ધવલ પ્રકાશ દિશ-દિશના જગતને ભરી દે છે. થોડીવારમાં સૂર્યનારાયણનો સાત અશ્વ જોડેલો રથ નીકળે છે અને અંધકારમાં ઘેરાએલા ખંડો, સમુદ્રો, ખીણો અને નાનાં સંસ્થાનો ઉપર પ્રકાશ–સમ્રાટનો વિજય ઉચ્ચારતો દોડયો જાય છે.

કુદરતના આ રોજીંદા દેખાવ ઉપરથી એક નવી કલ્પના ઉઠે છે. આપણા ધર્મચક્રની અને સંસ્કૃતિના પરિવર્તનની ગતિ પણ હમેશાં એ જ રીતે ફરતી રહી છે.

ઇશુ ભગવાનનો સંદેશો આજ વરસો થયાં જગતનું અંતર અજવાળી રહ્યો છે. અરબસ્તાનના મહમ્મદ પયગમ્બરનો બીજચંદ્ર તુર્કસ્તાનથી હિંદુસ્તાન સુધી ઉદય પામ્યો છે. એ જ રીતે આર્ય સંસ્કૃતિના ભેખ-ધારીઓ ભગવાં કે પીળાં વસ્ત્રો પહેરીને, હાથમાં ત્રિશૂલ કે બોધિવૃક્ષની ડાળી લઇને સાતસાત સમુદ્રો અને અભેદ્ય પર્વતો વીંધીને સંસ્કૃતિની પ્રતિષ્ઠા માટે દેશવિદેશ ભમ્યા છે તથા પામરમાં પામર તૃષાતુર જીવોને જીવન–અમૃત પાઇ અમર કરી ગયા છે.

પહેલાં તો દસ્યુઓ અને દાનવો ઋષિઓના હોમહવન ભ્રષ્ટ કરતા. પછીથી વિરોધ કંઇક શમ્યો અને તેઓમાંના કેટલાકે ઋષિઓનું શરણું લીધું. ઋષિઓએ એમને પવિત્ર ભસ્મનું તિલક કર્યું, આશિષ આપી અને આર્યત્વનો ગુરુમંત્ર ફુંકયો. પરંતુ એમનામાંના ઘણાક તો દૂરદૂર નાસીને વનપર્વતોમાં સંતાઈ બેઠા. ત્યાંથી આક્રમણો કરી આર્યધર્મને જીતવા તેમનો મનસુબો હતો, પણ એ દ્વન્દ્વમાં તેઓ પોતે જ જીતાઈ ગયા.

પંજાબની નાનીશી ખીણ જેવડો એક વારનો આર્યાવર્ત ભગવતી ગંગાના ફળદ્રુપ સપાટ પ્રદેશ જેટલો વિશાળ બન્યો; વિન્ધ્યાચલ વીંધીને દક્ષિણમાં વધ્યો; ત્યાંથી પણ સાગરપાજ ઓળંગી દૂરના દ્વિપોમાં પ્રગટયોઃ એ જાદુભર્યો લાગતો ઇતિહાસ તદ્દન સાચો છે. દક્ષિણવાસીઓ ઉત્તરને 'મંગલ દિશા' માનતા તે કદાચ આને લીધે.

આવી આર્યમયતાના અજોડ સંસ્થાપકની આજ આપણે જીવનયાત્રાએ નીકળીએ છીએ અને અવશ્ય કોઇ અનેરી દૃષ્ટિ મેળવી પાછા ફરીશું.

પંચનદના તીરપ્રાન્તોથી આગળ વધી આર્ય લોકે ગંગાની ફળદ્રુપ ખીણ વસાવી છે. ઋષિ-મુનિઓના આશ્રમોવાળા ભાગને તેઓ બ્રહ્માવર્ત અને આખી ભૂમિને આર્યાવર્ત નામે ઓળખે છે. ઠામઠામ રહેઠાણ અને ગામ બાંધે છે; વર્ણ અને આશ્રમની વ્યવસ્થા કરી સમાજ ઘડે છે; પોતાની સંસ્કૃતિ પોષે છે ને એક પ્રજા–એક રાષ્ટ્ર બને છે. રાજપદ અને ઉત્તરના સર્વત્ર સર્વમાન્ય થઇ ગયાં છે. પણ આ તો ગુરુપદ તેજપ્રદેશની વાત.

હાલના હિંદુસ્તાનના ઉત્તર–દક્ષિણ વિભાગો કુદ-રતની સરહદથી નોખા પડેલા છે. એ બંનેની વચ્ચો-વચ કોઇ કાળજુનો મહાયોગી હોય તેવો ગિરિવર વિન્ધ્યાચળ લંબાઇ પડયો છે અને તેની પડખે થઇ આર્ય સંસ્કૃતિની રસધારા જેવી ભગવતી નર્મદા વહી જાય છે. ત્રણત્રણ દિશાઓથી ખુલ્લા એવા એ દક્ષિણ દ્વિપકલ્પનાં રાજ્ય અને લોક પોતાનાથી ઉંચી સંસ્કૃતિ-માં ભળી જવા ઉત્કંઠ હતાં. તેઓ ઉત્તરની 'મંગલ દિશા' તરફ દેવદૂત સરખા ઋષિમુનિઓનાં દર્શન માટે એકીટશે જોઇ રહેતા. અને તેઓની એ ધારણા ફળી. કેમકે ભૌગોલિક બંધનો છતાં ઉત્તર–દક્ષિણને જોડાવાનું દિવ્ય નિર્માણ હતું.

હિમાલય અને વિન્ધ્યાચળ વચ્ચે સુરક્ષિત રહી આર્યોએ ઉંચી સંસ્કૃતિ અને સમાજરચના ખીલવી. પરંતુ તેઓ એકલપેટા નહોતા. તેમની ધર્મભાવના સાંકડી કે સ્વાર્થીલી નહોતી. વળી કોઇ પણ સંસ્કૃતિ-ની માનવતા અમરવેલ જેવી છે, જે પોતાની પુણ્યછાયા ગમે તેવા દેશકાળમાં પણ લંબાવતી જ જાય છે. દક્ષિણ પ્રદેશમાં પ્રયાણ કરવા ઉત્તરનો ઉદાત્ત આત્મા હવે અવતર્યો, અને તે પણ અત્યંત વિચિત્ર સંયોગોમાં.

ગંગાકાંઠે વિદ્યાધરી વારાસણીમાં એક સવારે એક કુંભમાંથી–કળશમાંથી કોઇ તેજસ્વી આત્માવાળા એક બાળકનો દેહ મળી આવ્યો. એનાં માતપિતા કોણ

એ વાતની કોઇને ભાળ લાગી નહિ એટલે લોકોએ તેને 'કુંભયોનિ' કે 'કલશજ' કહ્યા. કુમારિકા મેરીને પેટે ઇશુ જન્મ્યા કે રાજકુમારી કુંતીને સૂર્યમંત્રના પ્રભાવે કર્ણપુત્ર મળ્યા એવો ચમત્કારી આ પ્રસંગ હતો નહિ. તોપણ ઉદારચિત્ત સમાજે આ નવા દેહીનો સત્કાર કર્યો. એ વેળા કોને જ્ઞાન હશે કે એ બાળક બૃહદાર્યાવર્તનો સંસ્થાપક અને શૈવ સંપ્રદાયનો પ્રચારક પરમ નરમુનિ થવા સરજાયો હશે? એનું નામ આર્યભટ્ટારક ગુરુ અગસ્ત્ય. *



'રૂપમ' ત્રૈમાસિકના તંત્રી અને સમર્થ કલાવિવેચક
શ્રી અર્ધેન્દ્રકુમાર ગંગુલી
જેમના લેખ પરથી આ લેખ ઉતાર્યો છે. સ્કેચઃ ર. મ. રાવળ

વારાણસીવાસી એ શિવભક્ત અગસ્ત્ય મુનિનું તાદૃશ ચિત્ર આપણને પુરાણોમાં મળે છે : અગસ્ત્યમુનિ પ્રભાતના પહોરમાં ચાખડીઓ પહેરી ગંગાકિનારે સ્નાનસંધ્યા કરવા જાય છે અને વારાણસીની શેરીઓને રસ્તે વેરાએલાં શિવલિંગ કચડાય નહિ માટે સંભાળપૂર્વક ધીમે પગલે ચાલે છે.

કોઇ ઋષિવર ને રાજકન્યાના પોતે સંતાન હોય તેમ એમના મોં ઉપર મુનિપણાની અને રાજ્યત્વની અજબ જ્યોત જલતી; ગૌરવ અને પ્રતાપની સ્પષ્ટ રેખાઓ તરવરતી. એમનો આત્મા જેટલો સાહસિક અને વિશાળ દૃષ્ટિવાળો હતો તેટલી જ સૂક્ષ્મ ને અદ્ભુત એમની સૌન્દર્યદૃષ્ટિ હતી. અને તેથી જ તો એમણે આર્યાવર્તમાંથી આગળ વધી, વિન્ધ્ય અને નર્મદા ઓળંગી, વિદર્ભ દેશની એ સમયની અદ્ભુત રમણી રાજકુમારી લોપામુદ્રાનું પાણિગ્રહણ કર્યું.

અને છતાં એમના અંતઃકરણને હજી તૃપ્તિ નહોતી. આર્યત્વની પ્રબળ અને પ્રાણવાન ભાવનાઓ સેવતા એ ઋષિરાજ અગસ્ત્યનો અભિનવ આત્મા આર્યદેશનું ને આર્યધર્મનું નવું જ સ્વપ્ન અને ભાવ નીરખતો હતો. એક મંગલ મુહૂર્તે એમણે દાક્ષિણનો સાદ સાભળ્યો. એમને રોમરોમ પ્રાણોર્મિક પ્રગટ્યા, મહાસાહસની મૂર્તિ જેવા એ ઉઠ્યા અને દાક્ષિણની દિશાદિશાઓમાં તથા તેની યે પાર આર્યોનો ધર્મધ્વજ લઇ ઘુમવા જવા કૃતનિશ્ચય થયા.

પણ એ તો હતું એ સમયનું દાક્ષિણ. આખો પ્રદેશ ઘીચ વનોથી વીંટાએલો અને અસુરોથી ભરચક્ક હતો. પરંતુ આર્યવીર અગસ્ત્ય એ કશાથી હારી જાય તેમ નહોતા. મોટા શિષ્યસંઘો જમાવતા એ તો ધર્મયાત્રાએ નીકળ્યા હતા; સંસ્કૃતિના પ્રચાર અર્થે સદાને માટે નીકળ્યા હતા. જંગલનાં જંગલ ઉખેડી કાઢી જમીનને સપાટ ને વસવાલાયક બનાવતા, આશ્રમો બાંધતા તે આગળ ધપ્યા. નાસિક આગળ એમણે પોતાનો અગસ્ત્યાશ્રમ સ્થાપ્યો, અને ત્યાંથી યોગવિદ્યાના બળે એ દંડકારણ્યમા પેઠા. વાતાપીપુરા (બદામી) પાસે મહાકૂટ આગળ વાતાપી નામના મહાન અસુરને એમણે માર્યો. એ બદામી હાલ પણ ' દક્ષિણ કાશી ' તરીકે ઓળખાય છે.

ત્યાંથી આગળ વધી અગસ્ત્ય મુનિ આખો દ્રાવીડ દેશ ફરી વળ્યા,—સર કર્યો કહીએ તો ચાલે;—તે ઠેઠ દક્ષિણકિનારા આગળનાં પાંડ્ય રાજ્યો સુધી. તેમણે જંગલો કપાવી નાખ્યાં, અસુરોનો નાશ કર્યો, પ્રદેશને ખેતી અને વસવાટને યોગ્ય કરી રાજ્યો સ્થાપ્યાં, અને જે રાજ્યો તથા લોકો સંસ્કૃતિને રંગે રંગાવા ઉત્સુક હતાં તેમને આર્ય ધર્મની દીક્ષા દીધી.

*સામાન્યરીતે અગસ્ત્ય એ ઐતિહાસિક વ્યક્તિ નહિ, પણ પુરાણોનું કાલ્પનિક પાત્ર મનાય છે. પરંતુ આ લેખની હકીકત ઉપરથી વાંચનારને ખાતરી થશે કે એ જીવતા જાગતા આપણી સન્મુખ ખડા થાય છે. વળી અગસ્ત્ય મુનિનું નામ ઘણી રીતે આજ સુધી લોકકંઠે રહ્યું છે. મદ્રાસી ગ્રંથકાર શ્રી શ્રીનિવાસ આયંગર લખે છે કે જો અગસ્ત્ય ખરેખરા થયા હોય તો તે ઇ. સ. ના ચોથા સૈકા પૂર્વે થયા હોવા જોઇએ.

એક તામિલ લેખક દ્રાવીડ જાતિની ઉત્પત્તિ વિષે લખે છે કે અગસ્ત્ય ઋષિ દ્વારિકા જઇને ત્યાંથી શ્રી કૃષ્ણના વંશના અઢાર રાજાઓ તથા વેલીરો અને બીજાં કુળનાં અઢાર કુટુંબોને દક્ષિણમાં લઇ આવ્યા અને નવાં રાજ્યો સ્થાપી ધર્મ અને સંસ્કૃતિની પ્રતિષ્ઠા કરી. એ રાજ્યોમાંનું એક દ્વારાસમુદ્રમ્ આજના મ્હૈસુર પ્રાંત આગળ આવેલું હતું. દ્વારાસમુદ્રમ્ નામ દ્વારિકા ઉપરથી જ પડેલું.

દક્ષિણ દેશનાં લગભગ બધાં રાજસ્થાનોમાં એ રાજપુરોહિત હતા. પરંતુ એ ધર્મપ્રચારક ને સંસ્થાન-સ્થાપક આર્યવીરની પ્રવૃત્તિઓની સીમા એટલે જ નથી આવી રહેતી. એના કલાપ્રેમી આત્માએ પ્રજામાં સૌન્દર્ય-નાં બીજ પણ નાખ્યાં. એણે સુંદર મૂર્તિઓ ઘડાવી, શિલ્પયુક્ત મંદિરો બંધાવ્યાં અને શિવપ્રતિષ્ઠા કરાવી.

એ શૈવધર્મી હતા એ આપણે જાણી ગયા છીએ. દક્ષિણમાં સંસ્કૃતિ અને રાજ્યોની પ્રતિષ્ઠા સાથેસાથે જ તેમણે શૈવ ધર્મનો પ્રચાર કર્યો અને શંકરપૂજા ચલાવી. વજ્રાંગદ નામના એક પાંડ્ય રાજાએ એક વખત શોણટેકરી ઉપરની કોઇ સમાધિને અપમાન પહોંચાડ્યું. અગસ્ત્ય મુનિને એ વાતની જાણ થતાં તેમણે એ ધર્મદ્રોહી રાજાને સલાહ આપી કે તેણે શોણેશ્વર મહાદેવને નમસ્કાર કરી પ્રાયશ્ચિત્ત કરવું. રાજા વજ્રાંગદે એ આજ્ઞા માથે ચડાવી અને શોણેશ્વરના શિવલિંગને પોતાનો આખો રાજભંડાર અર્પણ કરી અગસ્ત્યમુનિ તથા તેમનાં પત્ની લોપામુદ્રાની આશિષ લીધી.

પણ અગસ્ત્ય મુનિની પ્રવૃત્તિનાં ક્ષેત્ર તો હજી વધ્યે જ જાય છે. જેને સંસ્કૃતિનાં મુળ નાખવાં છે એની દૃષ્ટિ સંકુચિત તો કેમ જ પાલવે ? અને તેમાં આ તો પરમદૃષ્ટા મુનિ અગસ્ત્ય ! એમણે દક્ષિણ-વાસીઓમાં વૈદકશાસ્ત્રનો પ્રચાર કર્યો; દ્રાવીડમાં તામીલ મુળાક્ષરોના મરોડ બેસાડી આપ્યા અને એ ભાષાનું નવું વ્યાકરણ રચ્યું. તામીલ સંઘના એ મુખ્ય અધિષ્ઠાતા હતા અને મૂર્તિઓ બનાવવાની કળા ઉપર એક વિસ્તૃત લેખ પણ એમણે લખેલો.

આ બધું કામ અગસ્ત્યમુનિ એકલે હાથે કરતા હોય એ મનાય તેમ નથી. એમની જોડે બાર સમર્થ શિષ્યોનું મંડળ હતું. તેમાં મુખ્ય તૃણબિન્દુ હતા. દૃષ્ટિ અગસ્ત્યમુનિની અને શક્તિ શિષ્યોની: એ બંનેના યોગે સંસ્કૃતિપ્રચારનું આ ધર્મકાર્ય પુરજોસથી ધપ્યે જતું હતું.

વળી એમણે દીર્ઘદૃષ્ટિથી જોયું કે આર્યસંસ્કૃતિનાં મુળ અહીં ઉંડાં ઘાલી તેને સ્થાયી સ્વરૂપ આપવું હોય તો દક્ષિણમાં સ્થાપેલાં આર્યધર્મનાં આ સંસ્થાનો અને આશ્રમો ચિરકાળ સુધી જળવાઇ રહે એવી વંશપરંપરા અહીં સ્થાપી દેવી જોઇએ. આ દૃષ્ટિએ એ રાજપુરોહિત અને ધર્મપ્રચારક બનવાની સાથેસાથે ઠેરઠેર રાજસ્થાનોમાંથી દ્રાવીડ રાજકુંવરીઓ પણ પરણતા જતા હતા અને 'અગસ્ત્યગોત્ર'નું વંશવૃક્ષ સમૃદ્ધ કરતા જતા હતા.

પરંતુ ગુરુદેવ અગસ્ત્યની આ બધી પ્રવૃત્તિઓ ઉપરાંત પણ એમનું વ્યક્તિત્વ તો પાછું આપણને અલૌકિક જ લાગ્યા કરે છે. દક્ષિણ દેશને ઠેઠ નીચલે છેડે આવેલી 'પોધીય' ટેકરીઓમાં એ, માનવીઓનાં ચર્મચક્ષુથી વરસો સુધી અદૃશ્ય થઇ જાય છે અને વળી

ઉદ્‌બોધન


:વસંતતિલકા:

વીરા ! ઉઠો જુગજુનાં તિમિરો ઉડાડી,
વીરા ! ઉઠો મહદ કેસરી ત્રાડ ત્રાડી;
મર્દો વધે સમરહાક પડ્યે અગાડી,
ઘેરે અચેત નિજની ગૃહપુષ્પવાડી.

છે જીંદગી બલિ જગે બલવીર કેરો,
છે જીંદગી ઉકળતા ખૂનની જ સેરો;
છે જીંદગી જીવનધ્યેયની સાધનાર્થે,
શો અર્થ જો વિજય ના કરી લીધ સાર્થ ?

માતૃપ્રદેશ શુભ સંસ્કૃતિએ ઉજાળો,
સત્કાર્યથી રળી મહોદય મસ્ત મ્હાલો;
શાળો નિરંતર કરો પુરુષાર્થ વ્હાલો,
ગાજી રહો જય શ્રીરંગ યુવાન ! ચાલો.

ચંદ્રકાન્ત મંગળજી ઓઝા



એકાએક પાછા દેખા દે છે! આવા ચમત્કારી રાજર્ષિ ગુરુપદે હોય એટલે એમની પૂજા થાય એ નવાઇ જેવું નથી. દક્ષિણમાં અગસ્ત્ય ગુરુનું ધ્યાન નીચે મુજબ કરાય છેઃ 'હે કુંભયોનિ, હે અગ્નિમારુતસંભવ, હે કાશપુષ્પ જેવા શ્વેત મિત્રા-વરુણના પુત્ર ! હું તને સ્તવું છું. તું કે જે મહા અસુરો અતાપી અને વાતાપીનો ભક્ષ કરી ગયો છે, સમુદ્રને શોષી ગયો છે એવા હે અગસ્ત્ય, હું તારૂં ધ્યાન ધરૂં છું.'

આખો દક્ષિણ ઘુમીને અને દક્ષિણ કિનારાઓ પર ફરી વળીને અગસ્ત્ય ભગવાનની નજર દૂર સમુદ્રદ્વિપો તરફ દોડી. સામે હિંદી મહાસાગરના ઘુઘવતા મોજ ઉછળતા હતા, પણ એ સાહસમૂર્તિ અડગ મુનિવરને કોણ અટકાવી શકે? કુંભમાં જન્મ પામેલ એ મહાન આત્મા સમુદ્રની એ સઘળી મોજમાળાઓ પી જવા સમર્થ હતો. એણે જળદેવને વિવશ કરી કાબુમાં આણ્યો અને સમુદ્રોની મોટી સફરો ખેડીને 'પીત-સાગર'નું માનનીય પદ ધારણ કર્યું.

દક્ષિણ દેશને પૂર્વ કિનારેથી ઉપડી, અગસ્ત્ય સાગરપારના કમ્બુદેશ (હાલના કૅમ્બોડિયા કે કમ્બુજ) માં ઉતર્યા. ત્યાં શ્રી ભદ્રેશ્વરની સ્થાપના કરી, આર્ય ધર્મનો પ્રચાર આરંભ્યો અને ત્યાંના મહિસિદ્ધ કુટુંબની યશોમતી નામે રાજકન્યાને પરણ્યા. તેનાથી એમને નરેન્દ્ર-વર્મા નામે એક પુત્ર ઉત્પન્ન થયો.

અહીંથી આગળ વધી એમણે બર્હિણ દ્વિપ (બોર્નિયો), કુશ દ્વિપ, વરાહ દ્વિપ, શાંખ્ય દ્વિપ, મલય દ્વિપ (મલાયા) અને યવ દ્વિપ (જાવા) સુધી સફર ખેડી પોતાની પ્રવૃત્તિ વિસ્તારી અને કમ્બુદેશની પેઠે સઘળે સ્થળે આર્ય સંસ્કૃતિનો વિજયધ્વજ ફરકાવ્યો.

અત્યાર સુધી મળી આવેલાં પ્રમાણો ઉપરથી જણાય છે કે જાવા એ અગસ્ત્ય ઋષિનું છેલ્લું થાણું હશે. ત્યાંની સંસ્થાનસ્થાપના માટે ઠેઠ કલિંગ દેશથી એમણે કેટલાંક કુટુંબો અને રાજકુમારોને જાવા તેડાવેલાં. વળી આર્યાવર્તના શસ્યાચલ પર્વતના ગુતક નામના રાજાને જાવાના સરમુખત્યાર તરીકે બોલા-વ્યાની હકીકત પણ મળી આવે છે.

જાવાના એક શિવાલયના સંબંધમાં એવી વાત છે કે એ શિવાલય ત્યાંના સંજય રાજાના સમયમાં દક્ષિણ હિંદના કુંજરકુંજ પ્રદેશના એક કુટુંબે આવીને તુંગભદ્રા પાસેના એક મંદિરની ઢબે ચણ્યું છે એવો ઉલ્લેખ છે. હાલનો કાનડા જીલ્લો તેજ એ કાળનો કુંજરકુંજનો પ્રદેશ. એ સ્થળ અગસ્ત્યના ધ્યાન-સ્થાનક માટે પુરાણોમાં ખુબ જાણીતું છે. જાવાની ભાષામાં એમણે મહાભારતનું ભાષાન્તર પણ કરાવેલું છે. એક

સ્થળે તો એવો ઉલ્લેખ મળી આવે છે કે યવ દ્વિપનું રાજ્યતંત્ર પણ અગસ્ત્ય ચલાવતા.

આમ, જાવાને આર્યોનું સંસ્થાન બનાવી અગસ્ત્ય ત્યાંના રાજ્યપતિ તથા ધર્મના આચાર્ય અને કુલપતિ જેટલા મહાન થયા, એટલું જ નહિ પણ પોતાનો 'અગસ્ત્ય સંપ્રદાય' પણ એમણે ત્યાં ફેલાવ્યો. પછીથી તો લોકોએ ચંદનકાષ્ટ તેમજ પત્થરમાં એમની મૂર્તિઓ કરીને દેવની જેમ એમને પૂજ્યા. શપથ લેવામાં પણ તેઓ ભગવાન 'વલયંગ' (અગસ્ત્ય મુનિ)નું નામ લઇને બોલતા કે 'જ્યાં લગી સૂર્યચંદ્ર આકાશમંડળમાં રહેશે, જ્યાં સુધી પૃથ્વી ચાર સમુદ્રોથી વીંટળાએલી રહેશે, જ્યાં લગી વાયુ દસ દિશામાં વાતો રહેશે ત્યાં સુધી મહર્ષિ વલયંગનું નામ પૂજ્ય છે જ.'

અગસ્ત્ય ગુરુ જાવામાં 'ભગવાન વલયંગ' ઉપરાંત 'શિવગુરુ' કે 'ભટ્ટારકગુરુ'ના નામથી પણ પૂજાય છે. જાવામાં રાજાઓને અને બીજા શિષ્ટ સંસ્કારી મનુષ્યોને 'ભટ્ટારક' કહેવામાં આવે છે, અને તે ઉપરથી અગસ્ત્ય ઋષિનું નામ 'ભટ્ટારકગુરુ' પડ્યું. એમનું એ નામ નિર્ગુણ પરમાત્માથી જ માત્ર નીચું ગણાય છે અને એ એમનું રાજપદ તથા ગુરુપદ બંને બતાવતું હોઈ ખાસ સૂચક છે.

આ પ્રમાણે આર્યદેશથી અતિદૂર, દરિયાપારના દેશોમાં, અજાણી ભૂમિમાં, જુદી જાતિમાં, નવા રીત-રિવાજોમાં અગસ્ત્ય ભગવાન પોતાની પ્રવૃત્તિઓ અવ્યાહતપણે ચલાવ્યે જાય છે. એ સંસ્થાનો વસાવે છે, ત્યાં આર્યદેશની સંસ્કૃતિ રોપે છે, શિવાલયો બાંધે છે અને પોતાનો વંશ વધારતા જાય છે. ધર્મ ચલાવે છે, કળા અને પૂજા દાખલ કરાવે છે અને લોકોના વિચારો બદલાવી નાખે છે. અને તે બધું પૂજ્ય રાજગુરુ તરીકે, નવા રાજકુળના જનક તરીકે. અહીં બૃહદાર્યાવર્તનું મહાવૃક્ષ પોતાની શાખાઓ લંબાવતું આપણી સન્મુખ ખડું થાય છે.

પરંતુ અનાર્ય દેશોમાં આર્ય સંસ્કૃતિ ફેલાવવા માટે એમના પટ્ટશિષ્ય અને સહકારી તરીકે જે એક વ્યક્તિ કામ કરી રહી હતી તેના નામ વગર અગસ્ત્ય ગુરુનું આ ચિત્ર અધુરૂં જ રહેશે. એ વડે તો અગસ્ત્ય પૌરાણિક પાત્ર મટીને સાચા પુરુષપુંગવ બને છે. એ વ્યક્તિ પણ અગસ્ત્યના જેટલી જ પ્રતાપી અને શક્તિમાન હતી;



ભગવાન તૃણબિન્દુ

અને કેટલેક અંશે એ બંને પરસ્પર હરીફ બની રહે છે.

એમનું નામ ભગવાન તૃણબિન્દુ. કોઈ એમને જમદગ્નિ ઋષિના પુત્ર અને કોઈ મરુત ચક્રવર્તીના વંશજ બુધના પુત્ર માને છે. એ શૈવ ભક્ત હતા અને શંકરે પોતે એમનો કોઢ મટાડ્યો હતો એવું મનાય છે. અગસ્ત્યને એણે પોતાના ગુરુ કર્યા હતા. દક્ષિણમાં એ તૃણધૂમાગ્નિ અથવા તામીલ ભાષામાં 'તોલક-પિયર' તરીકે ઓળખાયા. તામીલ વ્યાકરણને પદ્ધતિસર લખવામાં અગસ્ત્ય ઋષિને એમણે સહાય કરેલી. એમનું પોતાનું લખેલું તામીલ વ્યાકરણ 'તોલકપિયમ' જુનામાં જુનું પુસ્તક છે.

અગસ્ત્ય સાથેના એમના સંબંધ વિષે એક બહુ વિચિત્ર પ્રસંગ છે. સર્વજ્ઞ મહર્ષિ અગસ્ત્ય દક્ષિણ હિંદમાં હતા તે વેળા એમણે પોતાનાં પત્ની લોપામુદ્રાને ઉત્તર-માંથી તેડી લાવવા તૃણબિન્દુને મોકલ્યા. પણ સાથે-સાથે એમને એવી સૂચના કરી હતી કે એમની અને લોપામુદ્રાની વચ્ચે એક વાંસ જેટલું અંતર રહે એવી રીતે એમણે મુસાફરી કરવી. દુર્ભાગ્યે રસ્તામાં વાઇગાઈ નદી ઉતરતાં લોપામુદ્રા બહુ ઉંડા પાણીમા ઉતરી પડ્યાં, અને પાણીના પુરમાં ઘસડાઇ જાત, પણ તેણે તૃણ-બિન્દુને સાદ કર્યો. સાદ સાંભળતાંવેંત તૃણબિન્દુ વહારે ધાયા. પણ આ વેળાએ તે પોતાના ગુરુદેવની આજ્ઞા વિસરી ગયા. એકદમ હાથ પકડી એમણે લોપા-મુદ્રાને પાણીના વમળમાંથી બચાવીને બહાર કાઢ્યાં. અગસ્ત્યને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તે

શિષ્યે કરેલો આજ્ઞાભંગ સાંખી ન શક્યા અને તૃણબિન્દુને શાપ દીધો કે 'તારે સારૂ સ્વર્ગનાં દ્વાર બંધ થાઓ.' તૃણબિન્દુએ તેમને સમજાવ્યા કે એવા સંજોગોમાં મારૂં પગલું યોગ્ય હતું માટે આપનો શાપ અન્યાયભર્યો છે. પણ અગસ્ત્ય ન માન્યા. આથી તૃણબિન્દુએ પણ એમને સામો શાપ આપ્યો કે 'તમારે સારૂ પણ સ્વર્ગનાં દ્વાર બંધ થાઓ.' આ પછી ગુરુશિષ્ય વચ્ચે ઇર્ષ્યા અને સ્પર્ધા જામી. અગસ્ત્યે તૃણબિન્દુના તામીલ વ્યાકરણમાં ભુલ કઢાવવા સુધીનો પ્રયત્ન કરી જોયો, પણ મિથ્યા; કારણ તેનું વ્યાકરણ તદ્દન શુદ્ધ પુરવાર થયું.

તૃણબિન્દુને ત્રણ પુત્ર અને 'ઇલ્લીપીલાઇ' નામની એક પુત્રી હતી. એ કશ્યપના સસરા અને પુલસ્ત્યના કાકા થતા હતા. અગસ્ત્ય ગુરુના સાથી તરીકે એ દક્ષિણમાં ગયા હતા અને ત્યાં જેમ અગસ્ત્ય 'શિવગુરુ'ના નામથી પૂજાય છે તેમ ભગવાન તૃણબિન્દુ એમના પોતાના નામે પૂજાય છે. પત્થરમાં કોરેલી એમની ઘણી મૂર્તિઓ ઠેર જાવામાં પણ મળી આવે છે; અને તેઓમાંની એકમાં 'ભગવાન તૃણબિન્દુ મહર્ષિ' અક્ષરો પણ કોતર્યા છે.

જાવાથી અગસ્ત્ય કદિ પાછા ફર્યા નથી. આપણે ત્યાં 'અગસ્ત્યના વાયદા' એ કહેવત ચાલુ થઈ છે એ પણ એનો પુરાવો છે. એ તો હિન્દમાંથી નીકળ્યા તે નીકળ્યા. જ્યાં ગયા ત્યાં લગ્ન કરતા ગયા, વંશવેલો મુકતા ગયા, સંસ્થાનો સ્થાપતા ગયા અને સંસ્કૃતિ તથા ધર્મના પ્રચાર અર્થે શિષ્યમંડળ મુકી તથા નવું ઊભું કરી આગળ વધતા ગયા. સંસ્કૃતિપ્રચારનું આવું ભીષણ ધર્મકાર્ય માથે લઇ નીકળનારને તો સ્વદેશ પાછા ફરવાનું સ્વપ્ન પણ ક્યાંથી હોય ? અને એવી વિશાળ દૃષ્ટિવાળા યોગીન્દ્રને મન 'સ્વદેશ' જેવી સંકુચિત ભાવના પણ કેમ રહી હોય ? એને તો આર્યસંસ્કૃતિનાં થાણાં બેસાડવાં હતાં; અને જ્યાં થાણું નંખાય તે એમનો 'સ્વદેશ.'

દક્ષિણમાં અગસ્ત્ય મુનિની અનેક મૂર્તિઓ મળી આવે છે. અગસ્ત્ય મુનિ દક્ષિણમાં શૈવ સંપ્રદાયના સ્થાપક હોવાથી મલબારની 'પોધીય' ટેકરીઓમાં તેમ જ કોરોમંડલ કિનારા પરના વેદારણ્યમાં 'શિવગુરુ' તરીકે ઓળખાતા. એટલે 'શિવગુરુ'ના નામથી ઓળખાતી બધી મૂર્તિઓ તેમની જ હશે એવી ખાતરી થાય છે. એ સઘળી જુદીજુદી જાતની છે, છતાં એનાં મુખ્ય લક્ષણો તો બધીમાં એક સરખાં જ છે. બેઠા બાંધાનો ઘાટ, પહોળું પુદ્દલ, મોટી દુંદ, વિશાળ વક્ષઃસ્થળ ઉપર યોગપટ્ટો, ટુંકી કેડ, લાંબી દાઢી, એક હાથમાં કમંડળ અને બીજામાં રૂદ્રાક્ષનો બેરખો, માથે જટાજુટ મુગટ, બાવડે બાજુબંધ અને પાછળ ત્રિશૂળ; આવા સ્વરૂપની અને બુદ્ધ ભગવાનના જેવી શાન્ત, સૌમ્ય, ગંભીર અને સ્થિત ધ્યાનનો મુખમુદ્રાઓવાળી એ મૂર્તિઓનું દર્શન કરતાં સહેજે કાલિદાસનું અમર વાક્ય યાદ આવી જાય છે: 'નિર્વાત નિષ્કંપ ઇવ પ્રદીપમ્ :' (દીપકના જેટલી સ્થિર અને શાન્ત.) યોગની આ મહાન વિભૂતિની મૂર્તિમાંથી જાણે બ્રાહ્મણધર્મનો પ્રાણ નીતરતો વહ્યો જાય છે.

આમ એ મહાન વિભૂતિની આખી જીવનકથા જ કંઇક અદ્દભુત છે. એનાં માતપિતાની જાણ પીછાન મળી નથી, છતાં સમાજ એને સત્કારી લે છે અને કલશજ કે કુંભયોનિ કહે છે; લગ્નમાં એ દક્ષિણના વિદર્ભની રાજકુંવરી પરણે છે અને વિવિધ દેશની બીજી કન્યાઓ પણ પરણીને આર્ય અનાર્યના 'અગસ્ત્યગોત્ર'નો મોટો વેલો વધારે છે; યોગમાં એને રાજ્યત્વ કે કળાતત્ત્વનો લેશ વાંધો નડતો નથી; એ સમુદ્રપાર સફરો કરે છે અને 'પીતસાગર'નું માનદ નામ પામે છે.

બૃહદાર્યાવર્તના આ સંસ્થાપકનું બહુગુણી અને બહુરુપી વ્યક્તિત્વ અલૌકિક છે;--જેમાંથી આપણને સ્વતંત્ર રાષ્ટ્રનો જ માત્ર નહિ, હિંદસ્વરાજ્યનો જ માત્ર નહિ, પરંતુ આર્યાવર્તના ધર્મસામ્રાજ્યનો સંદેશો મળે છે. આર્યભટ્ટારક અગસ્ત્યને સ્વપ્ન માનો, કલ્પના માનો, ભાવના માનો,—તોપણ એમનો આદર્શ પરમ ઉત્કૃષ્ટ ને પ્રેરક થઇ પડે તેવો છે. જેઓ રાષ્ટ્રોદ્ધારને અશક્ય માની બેઠા છે, જુદીજુદી જાતિઓના કલહને શાશ્વત ધારી લે છે તેઓને આ અગસ્ત્યયાત્રા બોધપ્રદ અને પ્રોત્સાહક નીવડશે.

ભાવનગરનાં ગ્રાહકોને

આસમાની પત્રિકામાં સુચવ્યું છે કે લવાજમ દીવાનપરામાં ભાઇ કાન્તિલાલ જોશીને ભરવું; પરંતુ એ ભાઇને હમણાં અવકાશ ન હોવાને કારણે મનીઑર્ડરથી અમને જ સીધાં નાણાં મોકલવાં; અથવા વી. પી. કરવા અમને સુચવવું.

કુણાલ



પ્રિયદર્શી મહારાજા અશોકના પુત્રનું નામ કુણાલ હતું. કહેવાય છે કે તેનાં નેત્ર કુણાલ એટલે રાજહંસના જેવાં સુંદર હતાં, તેથી પિતાએ તેનું લાડનું નામ કુણાલ પાડયું હતું. સૌ-કોઇને તે પ્રિય હતો.

મહારાજે આ મુકુલને માટે એક અન્ય મુકુલ શોધી કાઢયું. એ અનુપમ જોડીને જોઇ મહારાજનાં સર્વ દુ:ખનો અંત આવતો અને તેનું હૃદય આનંદ-સાગરમાં ડુબકી મારતું. વહુનું નામ હતું કાંચન.

રાજકુમારને યુવરાજપદ મળી ચુકયું હતું.

રાજધાનીની નઝદીક 'સુશય' નામનો એક પ્રસિદ્ધ વિહાર હતો. એક દિવસ ત્યાંના પ્રધાન વૃદ્ધે યુવરાજને એકાન્તમાં બોલાવી કહ્યું, 'વત્સ' તારાં આ સુંદર નેત્ર ભવિષ્યમાં નષ્ટ થશે. એને સ્થિર ન માનતો. નેત્ર બહુ ચંચળ છે. રખે એની ચંચળતાને વશીભૂત થતો! એમાં આસ્થા રાખવી સારી નથી. અનાસ્થા-વૈરાગ્ય જ સુખનું કારણ છે.'

વસન્તનું આગમન થયું છે. મલયાનિલ ઘરઘરમાં જઇ પોતાના આગમનનું સૂચન કરી રહ્યો છે. જ્યાં ત્યાં ઉત્સવોની ધમાલ મચી રહી છે. વૃક્ષો મ્હોર્યાં છે; ફૂલ ખીલી ઉઠયાં છે અને કોકિલા પંચમ સ્વરે ગાવા લાગી છે.

આજ વસન્તોત્સવ છે. સમસ્ત નગર એ ઉત્સવમાં ઉન્મત્ત થઇ રહ્યું છે. ઉદ્યાનમાં વસન્તોત્સવનું નાટક ભજવાયું. પ્રધાન નાયકનો પાઠ કુણાલે લીધેલો. તેનો અભિનય જોઇ સર્વ પ્રેક્ષકો મુગ્ધ બન્યા.

ઉત્સવની પૂર્ણાહૂતિ થતાં આનંદમગ્ન નરનાર પોત-પોતાને ઘેર પાછાં ફર્યાં; રંગાલયમાં પડદો પડયો; ઉદ્યાનમાંના દીપકો એકલા ટમટમવા લાગ્યા.

રાજમહાલયના અંત:પુરની સૌ સ્ત્રીઓ વસંતોત્સવથી રસમુગ્ધ થઈ હતી. તેમાંની કોઇ તો ઉત્સવની મધુરિમા પર મુગ્ધ હતી; કોઇ અભિનય ઉપર; અને કોઇ પાત્રોના કંઠમાધુર્ય પર. પરંતુ એક કોઈ જુદી જ વસ્તુ પર મોહિત થઇ હતી: અને તે કુણાલનું સુંદર મુખ. એ મુખમુગ્ધા યુવતી મહારાજ અશોકની બીજી મહારાણી તિષ્યરક્ષા હતી!

સૌ પોતપોતાને આવાસ પાછાં ફર્યાં; પરન્તુ ન તિષ્યરક્ષા. તે પોતાના શરીરને વસન્તના હિલ્લોલમાં ડુબતું રાખી, ફુલની માધુરી અને ચંદ્રની ચંદ્રિકામાં પાગલ થઇ રાજમહેલની બહાર ઉભી રહી.

કુણાલ પોતાના આવાસ તરફ પાછો ફરતો હતો. રાજમહિષી માર્ગ રોકી ઉભી રહી. વિમાતાનાં આવેશ-પૂર્ણ નેત્રો જોઇ કુણાલ કંપી ઉઠયો.

તે દૃષ્ટિ નીચી ઢાળી ઉભો રહ્યો; માથું ઉંચું જ ન કરી શકયો.

આ મૂક અભિનયનો પડદો ઉ-પડતો ન જોઇને આખરે તિષ્યરક્ષા મન મારીને પોતાને આવાસ ચાલી ગઇ.

૨

તક્ષશિલાના નરેશ કુંજરકર્ણને યુદ્ધનો એક પ્રસંગ ઉપસ્થિત થયો. તેણે સહાય માટે મહારાજ અશોકને આમંત્રણ મોકલ્યું. મહારાજ અશોકે આ કાર્ય માટે રાજકુમાર કુણાલને પસંદ કર્યો.

કુણાલ સેનાધિપતિ બની તક્ષશિલા જઈ પહોંચ્યો. રાજા કુંજરકર્ણે તેને પોતાના મહેલમાં રાખી સ્નેહપૂર્વક અતિથિસત્કાર કર્યો. કુણાલ થોડો વખત ત્યાં રોકાયો.

આ તરફ મહારાજ અશોક એકાએક બીમાર થઈ ગયા. મોટામોટા વૈદ્યોએ કહ્યું કે બીમારી ગંભીર છે. જીવનદીપ શીઘ્ર બુઝાઇ જશે એ આશંકાથી મહારાજ પોતાના ઉત્તરાધિકારીની બાબતમાં ચિન્તા કરવા લાગ્યા. તેમણે કહ્યું, 'કુણાલ સર્વ રીતે યોગ્ય છે. તે જ મારો રાજ્યદંડ ગ્રહણ કરશે. તેને તુરત જ બોલાવવા માણસ મોકલો.'

આ સાંભળીને રાણીએ વિચાર કર્યો કે જો કુણાલ રાજા થશે તો પોતે તેનાપર પોતાના અપમાનનો બદલો લઇ શકશે નહિ; ઉલટું પોતાનો સર્વનાશ થશે. તેણે મહારાજને સાન્ત્વન આપી કહ્યું, 'કુમારને બોલા-વવાની કશી જરૂર નથી. તમારો રોગ તુરતમાં મટી જશે. હું તેનો ઉપાય કરૂં છું.'

રાણીનાં વચન સાંભળી રાજા પ્રસન્ન થયા. તેમને

પોતાના જીવનની આશા બંધાઇ. રાણીએ પોતાને હાથે એક દવા તૈયાર કરી. તેનાથી રાજાને સંપૂર્ણ આરામ થઇ ગયો. તે બચી ગયા અને રાણી તરફ કૃતજ્ઞ થઇ રહ્યા.

સ્ત્રીનાં કુટિલ નેત્રોમાં કુટિલ હાસ્યની રેખા તરવરતી હતી. તે બોલી, 'મહારાજ, આપનો રોગ દૂર થયો છે; હવે મારી એક ઇચ્છા પૂર્ણ કરો.'

'અવશ્ય; કહે, તારે શું જોઇએ ?'

'સાત દિવસ સુધી મહારાજનું રાજ્ય હું ચલાવું.'

'તથાસ્તુ !'

સિંહાસનારૂઢ થઇ રાણીએ પહેલો આદેશ કર્યો, 'એક દૂતને સત્વર તક્ષશિલા મોકલો. કુણાલ એક મહાન ભયંકર અપરાધનો ગુનેહગાર છે. રાજા કુંજરકર્ણને એક પત્ર પાઠવો કે અપરાધી કુણાલનાં નેત્ર ફોડી નાખે અને અંધ કુણાલને દેશમાંથી હાંકી કાઢે !'

મહારાજ અશોકથી અજ્ઞાત રીતે તેમના નામથી આદેશપત્ર લખવામાં આવ્યો. તેના ઉપર તેમની મહોર પણ થઇ.

૩

કુંજરકર્ણે પત્ર વાંચ્યો અને કુણાલને પણ એ ભયંકર આદેશ સંભળાવ્યો. કુણાલે કહ્યું, 'પૂજ્ય પિતાની આજ્ઞા—રાજાની આજ્ઞા માનવી એ પુત્રનો ધર્મ છે. હું આજ્ઞાનું પાલન કરવાને તૈયાર છું. પરંતુ સાથે જ એક પ્રાર્થના કરૂં છું કે આજ્ઞાનું પાલન થયા પહેલાં આ હકીકત દેવી કાંચનને કાને ન પહોંચે તેની સંભાળ રાખવી.'

દેવી કાંચન એ સમયે યુવરાજની સાથે જ તક્ષશિલાના રાજપ્રાસાદમાં હાજર હતી. કુણાલનાં નેત્રોની પુતળીઓ કાઢી લેવામાં આવી; દેવીને તેની ખબર પડવા ન દીધી.

દેવી કાંચન કાંઇક કહેવાને કુણાલની પાસે આવતી હતી. દાદર ચડતાં જ તેનો પગ લપસ્યો. સોનાનું ઝાંઝર નીકળી પડ્યું ! 'સ્વામિન્ ! સ્વામિન્ ! જુઓ જુઓ —'

'કુણાલે જે તરફથી સ્વર આવ્યો તે તરફ મુખ ફેરવી કહ્યું, 'શું છે દેવી ?' તેને જણાયું કે કાંચન મૂર્છિત થઇ ભોંય ઢળી પડી હતી. કુણાલે કુંજરકર્ણને કહેવડાવ્યું, 'દેવીની મૂર્છા વળતાં જ હું મહારાજની બીજી આજ્ઞાનું પાલન કરીશ.'

કુંજરકર્ણ કુણાલને જોવા આવ્યો હતો. તે આ કરુણ દૃશ્ય જોઇને આંસુભરી આંખે ત્યાંથી જતો રહ્યો.

આખો દિવસ અને આખી રાત્રિ આ સ્થિતિમાં વ્યતીત થયાં. બીજે દિવસે સવારે દેવીની મૂર્છા વળી. 'સ્વામિન્ ! ચાલો આપણે સત્વર ચાલ્યાં જઇએ. મહારાજની બીજી આજ્ઞાનું પાલન કરવામાં હવે વિલંબ ન કરવો જોઇએ.'

'દેવિ ! તું તો મારા પિતાને ત્યાં જઇ રહે.'

'સ્વામિન્ મેં તમારો હાથ પકડ્યો છે. જો તમે નિષ્ઠુર હૃદયના હો ને મારો હાથ છોડાવી જઈ શકો તો જાઓ; હું નહિ રોકું !' દેવીએ ડુસકાં ભરતાં કહ્યું.

કુણાલ અને કાંચનને દેશનિકાલ કરવામાં આવ્યાં. કુણાલ બંસી બજાવતો; કાંચન ગાતી. બંને એમ આનંદઅમૃતભર્યું કરુણ ગીત ગાતાં જ્યાંત્યાં ફરતાં હતાં અને દિવસો વ્યતીત કરતાં હતાં.

આ પ્રમાણે કેટલાંક વર્ષ વીતી ગયાં.

૪

એક દિવસ એક ભિખારી અને ભિખારણ બંસીનો કરુણ રવ ફેલાવતાં પાટલીપુત્ર નગરમાં દાખલ થયાં. ફરતાંફરતાં રાજમહાલય આગળ આવી ચડ્યાં.

રાત્રિ પડી હતી અને સ્થાન શોધવાને સમય નહોતો. આથી લાચાર બની તે બીચારાંઓને હસ્તિશાળામાં આશ્રય લેવો પડ્યો.

રાત્રિ ગળાતી ગઇ; દીપક બુઝાઈ ગયા; કોલાહલ બંધ થઇ ગયો; આખા નગરમાં સર્વત્ર શાંતિનું વાતાવરણ છવાઈ ગયું.

એ નિસ્તબ્ધ નગરીના મસ્તક ઉપર ચંદ્ર પ્રકાશી રહ્યો હતો. હરિયાળી કુંજો ચાંદનીના પ્રકાશમાં હેલે ચડી હતી. સર્વત્ર નિદ્રાનું સામ્રાજ્ય જામ્યું હતું.

હસ્તિશાળાના પહેરેગીરની આંખો ઘેરાવા લાગી; પરંતુ તેનાથી પહેરાપર તો સુવાય કેમ ? તેણે ઉંઘમાંથી બચવાને માટે પેલા અંધ ભિખારીને કહ્યું, 'ભાઈ ! તારી બંસી તો સંભળાવ !'

ભિખારીની બંસીનો સૂર રાત્રિની નિસ્તબ્ધતાને ભેદીને દૂરદૂર જવા લાગ્યો; કરુણ વાયુની સાથે ક્રન્દન કરતો અંધકારમાં ઘુમવા લાગ્યો.


[અનુસંધાન સામેના પાનાને છેડે]



' કુમાર ' : માગશર'૮૩

કુણાલ

ચિત્રકાર: કનુ દેસાઇ



પાવાગઢ ઉપરની મસ્જિદ

કાઠિયાવાડી વીરો અને જનાવરોનો કલામાં અવતાર
મિ. હર્બર્ટ હૅઝેલ્ટાઇનની કલા



જામનગરનરેશ શ્રીમાન રણજીતસિંહજી જગ-મશહૂર વ્યક્તિ છે. ક્રિકેટના એક્કા તરીકે એમણે આખા યૂરોપમાં જે નામ મેળવ્યું છે એટલી જ પ્રતિષ્ઠા એમણે કલાપરીક્ષક તરીકે પણ મેળવી છે; અને તેની પ્રતીતિ તેમણે જામનગરના પ્રતાપવિલાસ મહેલમાં યૂરોપના નામચીન કલાકારોની મુળ કૃતિઓ ખરીદી આણી સંઘરી છે તે જોવાથી થઈ જાય છે. એ ચિત્રોની કીમત લાખોની થવા જાય છે. બેચાર ચિત્રો તો એવાં છે કે જેમાંનું દરેક સહેજે રૂ. ૫૦,૦૦૦ની કીમતનું હશે. આ કલાસંગ્રહ બેશક યૂરોપના કોઈપણ સુપ્રસિદ્ધ સંગ્રહની હરીફાઈ કરે એવો છે. શોચ માત્ર એટલો જ થાય છે કે તેમાં હિંદની અસલ કળાને જરા યે સ્થાન મળ્યું નથી. મિ. મુલરનાં ત્રણચાર ચિત્રો સિવાય હિંદી શિલ્પ કે ચિત્રનું ત્યાં નામ પણ નથી. એ તરફ કદાચ એ રાજવીની નજર નહિ હોય.

પણ તેમની કલાભક્તિ તો અપાર છે. જામનગરને સુંદર બનાવવું, જગપ્રસિદ્ધ કરવું એવો તેમનો પ્રબળ અભિલાષ હોય એમ લાગે છે. હમણાં જામનગરના અગાઉ થઇ ગએલા રાજપુરુષોની મોટી શિલ્પમૂર્તિઓ ઘડાવી પિતૃપૂજા કરવાનું તેમણે ધાર્યું છે. આ માટે તેમણે યૂરોપના સુપ્રસિદ્ધ શિલ્પી મિ. હર્બર્ટ હૅઝેલ્ટાઇન-ને એ કામ સોંપ્યું છે.

મિ. હર્બર્ટ હૅઝેલ્ટાઇને યૂરોપ આખામાં પશુઓના ઘડનાર તરીકે નામ મેળવ્યું છે. શહેનશાહના માનીતા ઘોડા અને મોટી શરતો જીતનાર ઘોડાઓની તેમણે અસલ મૂર્તિઓ ધાતુમાં અને પત્થરમાં ઉતારી છે. પ્રાણીની ખાસિયતો, વિશેષ લક્ષણો અને બીજી જાતીય વિગતો સમજવામાં તે એક્કા ગણાય છે.

ગ્રીસમાં જેમ મનુષ્યની જાત ખીલવવાનો પ્રજાને અતિ ઉત્સાહ હતો, તેમ ઇંગ્લંડમાં ઘોડાં, ગાય, બકરાં, ડુક્કર વગેરેની ઉંચી જાત ઉત્પન્ન કરવાનો શોખ જાગ્યો છે, અને તેને પરિણામે દર વર્ષે કેટલાંક પશુઓ નામાંકિત થઇ જાય છે. આવાં પશુઓના માલિકો તેમની છબીઓ ને મૂર્તિઓ કરાવવા પાછળ ખુબ ખંત ધરાવે છે. આવાં પ્રસિદ્ધ પ્રાણીઓની અનેક મૂર્તિઓ ઘડીઘડી મિ. હૅઝેલ્ટાઇને તેમના વિષે ખુબ અનુભવ અને કીર્તિ મેળવ્યાં છે.

જામનગરમાં આવતાંવેંત જ તેમણે કાઠિયાવાડી ઘોડાં, બળદ વગેરે ઉપર પોતાનો હાથ ચલાવ્યો. પોતાની કામ કરવાની શક્તિ, ઉત્સાહ અને ખંતભરી

(અનુસંધાન પાન ૪૯૪થી)

મહારાજ અશોક સુખશય્યાપર પોઢી રહ્યા હતા. બંસીના કરુણ સ્વરથી તે જાગી ઉઠ્યા. 'અરે ! આ તો ચિરપરિચિત સ્વર છે ! આ કોણ બંસી બજાવી રહ્યું છે ?'

તેમનાથી રહેવાયું નહિ. તેઓ તત્કાળ ઉઠી ઉભા થયા અને પાગલની માફક બહાર દોડી આવ્યા.

પુત્ર પિતાને ગળે બાઝી પડ્યો. મહારાજ અશોકને ચિરવિરહિત પુત્રના સુખસ્પર્શથી રોમાંચ થયો.

'આવાં સુંદર નેત્ર જેણે નષ્ટ કર્યાં છે એ પોતાનાં નેત્ર અક્ષત રાખી કદાપિ જીવિત રહી શકે કે ?' એમ કહેતાંકહેતાં મહારાજ ક્રોધથી કંપવા લાગ્યા.

કુણાલે મૃદુલ હાસ્ય કરી કહ્યું, 'મને નેત્રવિહોણો કરવાથી જો માતાનું મન પ્રસન્ન થયું છે. તો તેની એ પ્રસન્નતાના બળે કરીને હું પુનઃ નેત્ર મેળવીશ.'

અને એ જ વખતે કુણાલને નેત્ર પ્રાપ્ત થયાં!

અત્યંત ધામધુમપૂર્વક કુણાલનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

'રસેશ'

(માગશર '૮૧ ના 'વસન્ત' માંથી ફેરફાર સાથે)








કળાનો જે પરિચય તેણે કરાવ્યો તેનું વર્ણન અમારા મિત્ર શ્રી પંચાણભાઇ વારા, ગુજરાતના એક ચુનંદા ફોટોઆર્ટિસ્ટ નીચે મુજબ કરે છે:

'મિ. હૅઝેલ્ટાઇનને આગલા રાજપુરુષોની મૂર્તિઓ ઘડવાની હતી. તે કેવા રૂપમાં ઘડાય તેનો અભ્યાસ કરવા માટે દરબારગઢની ભીંતપરનાં ચિત્રો તેમને *બતાવવાનો મને હુકમ થયો. જુના દરબારગઢના* એક ખંડમાં જામનગરના મુળ સ્થાપક પુરુષથી છેલ્લા રાજા સુધી દરેકનાં ચિત્રો ભીંતપર ચીતરવામાં આવ્યાં છે. મિ. હૅઝેલ્ટાઇનના કામનું મંડાણ આ ચિત્રોમાંના ચહેરા, પોષાક, હથિયારો અને ઘાટ પર જ થયું. તેના ફોટોગ્રાફો તેમણે મારી પાસે લેવડાવ્યા; તોષાખાનામાં આવી જુદીજુદી જાતનાં હથિયારો, પોષાકો વગેરે કઢાવ્યાં; ઘોડાનો સાજ બહુ વિગતે ધ્યાનમાં લીધો, એટલું જ નહિ પણ એ બધા સાથે એક માણસને પહેલાંનો સર્વ પોષાક સજાવી ફોટોગ્રાફ લેવડાવ્યો.

બીજી તરફ તેણે ક્રિકેટગ્રાઉન્ડ પાસેના બંગલામાં પોતાનો સ્ટુડિયો જમાવ્યો. બંગલાની ઓરાતની એક બાજુ તંબુની કનાત બાંધી દઇ ઓતરાદો પ્રકાશ મળ્યાં કરે એવી ગોઠવણ કરી લીધી. પોતાની સાથે તે બે મોટાં ખોખાં ભરી મીણમાટી (પ્લાસ્ટેસિન) લાવ્યા હતા. સીસાના સળિયા, લાકડાના ટેકા, જસતના પાતળા તાર અને પોતાના માપનાં, ફરતાં માથાંવાળાં ગોળ ટેબલો વગેરે સાધનો ગોઠવી તેમણે કામ શરૂ કર્યું. રોજ સવારના આઠથી નિયમિત કામ શરૂ કરે, અને રોજ લગભગ આઠદસ કલાકનું કામ કાઢે. તેમના અભ્યાસ માટે સારામાં સારા બળદ અને ઘોડાં વીણી કાઢી હાજર રાખવામાં આવતાં. પેલાં ફરતાં ટેબલો પર લાકડાનાં ઓઠાં ઉપર *સીસાના સળિયાવડે, જોઇએ* તે રીતે ધડું બનાવી તે ઉપર મીણમાટીનો પીંડ બાંધતા. એ દરેક ઘાટ બબ્બે ફૂટ ઉંચો કર્યો હતો. કામ કરવાની તેમની ઝડપ તો આશ્ચર્યકારક જ ગણાય. એક બાજુ એક સાદા ટેબલપર પૈસા પૈસા જેવડી મીણમાટીની ગોળીઓનો ઢગલો તૈયાર રાખે, અને પછી પશુ સામે જોતા જઇને એ ગોળીઓ પેલા સીસાના ધરાપર ચોંટાડી ઘાટ ઉત્પન્ન કરે. ટેબલ પરના પીંડપર તે ગોળીઓ તેમની આંગળીમાં દબાઇ દબાઇ એવી તો આબાદ રીતે ચોંટતી કે દરેક વખતે નજર સામેના પશુનો ઘાટ તેમાંથી ઘડાતો જ દેખાય ! તેમની




આંખ પશુના દરેક અવયવપર હાથ ફેરવ્યા જેવી માપણીથી કરતી અને હાથની આંગળીઓ મારફત સટસટ તે પ્રમાણે જ ઘાટ ઉતારતી. આ સાથે એ રીતે થએલા કેટલાક નમુના આપ્યા છે.

રાજપુરુષોની મૂર્તિઓનો ઉઠાવ કેવો લેવાથી યોગ્ય દેખાશે, તે માટે તેમણે જે નાનાં ઓઠાં કર્યાં છે તે પણ આશ્ચર્યકારક છે. પહેલા એક જ અઠવાડિયામાં તેમણે આ ઉઠાવ ઘડી કાઢ્યા હતા. કોઇ ભાગને ખાસ કરી સફાઇદાર કર્યો નથી; પરંતુ એકંદર હાડવાળાં એ ડોળિયાંમાં પણ બેસનાર પુરુષનો સીનો, ઘોડાની વેગભરી છલંગ કોઇ અજબ રીતે જીવંત લાગે છે.


આ રીતે મિ. હૅઝેલ્ટાઇને એક માસ સુધીમાં પોતાના કામ જોગી સામગ્રી એકઠી કરી લીધી અને હાલ તે પારીસમાં પોતાના સ્ટુડિયોમાં રહી તે પરથી ભવિષ્યનાં મોટાં બાવલાંઓનું ઘડતર કરી રહ્યા છે. તેમની એ કૃતિઓ હિન્દુસ્તાનમાં રહેવાની જ, એટલે તેમનો આ પરિચય સૌને બોધક થશે.

જાતજાતનાં પ્રાણીઓ જોઇને તો મિ. હૅઝેલ્ટાઇન ખુશ થઇ જતા. હાથી જોઈ બોલી ઉઠ્યા કે હું અહીંથી



એક હાથી પારીસ લઇ જાઉં! વાંદરા માટે તો તેમને બહુ જ ખેંચાણ હતું. પોપટ અને બીજાં પક્ષીઓ જોઇને તે હરખાઇ જતા. તે કહેતા, 'અહો! હિન્દુસ્તાનમાં કલાકાર માટે કેટલાં બધાં સાધન છે? જ્યાં જુઓ ત્યાં તમને આકર્ષક રૂપવાળાં પશુપ્રાણીઓ સહજ નજરે પડે છે. તમારાં ઉંટ, ઘોડાં, બળદ, ભેંશ, ગાય દરેક કળાની સૃષ્ટિમાં અમર કરવાં જેવાં છે!'

મિ. હૅઝેલ્ટાઇનની આ વાત આપણા દેશના ઉગતા કારીગરો ધ્યાનમાં લે તો આપણા રાજામહારાજાઓના શોખ પાછળ ખર્ચાતા લાખો કરોડો રૂપિયા હિન્દુસ્તાનના બુદ્ધિવિકાસમાં પુરાય. નામદાર જામ સાહેબ અને નામદાર ગાયકવાડ સરકારના ચિત્રસંગ્રહો પાછળ કરોડો રૂપિયા યૂરોપને અર્પાયા છે. એનો શતાંશ પણ જો પાંચછ ઉગતા કારીગરોના અભ્યાસ માટે ખર્ચાયો હોત તો આજે આપણે ત્યાં કેદહાડાના હૅઝેલ્ટાઇનો અને બૂકસો જેવા ઍકેડેમિસ્યનો મળી આવ્યા હોત જેઓ એ રાજામહારાજાઓના શોખ પુરી શકત, અને આજે દિલ્હીનાં ચિત્રો માટે જે શરમભરેલી હરીફાઇઓ થાય છે તે થતી ન હોત.





ચેતવણી

રવિશંકર રાવળનાં સોળ સુંદર ચિત્રો (આલ્બમ) **ની કીમત સવા રૂપિયો જ છે**

અમે એની કીમત વધારી નથી. માટે ગ્રાહકોએ એથી વધારે આપવું નહિ.



મનુ

શિયાળાની રાતના નવેક વાગ્યા હશે. ગામના છેવાડાના ભાગના એક ઝુંપડામાં, ખુણે આવેલા ચુલા પાસે તેરેક વર્ષનો એક છોકરો બેઠો હતો. ચુલામાં છાણાંનો તાજો ભરેલો ઓબાળ જાણે લહેરમાં આવી ગયો હોય એમ ઝળહળાટ બળી રહ્યો હતો, અને છોકરાના મોં પર કેસરી રંગનો પ્રકાશ નાખતો હતો. છોકરાના એક હાથમાં કડછી હતી; બીજા હાથમાં સત્તર ચીંદરડાંના સાંધા કરી લાંબી બનાવેલી ઘોડિયાની જર્જરિત દોરી હતી. ઘોડિયાની પાસે બેએક વર્ષનું એક બાળક રમતું હતું અને બારણાના ટોડલા ઉપર મુકેલો ચીમની વિનાનો ઘાસતેલનો દીવો એ નાનકડી ઝુંપડીને ઝાંખા પ્રકાશથી અજવાળતો હતો. છોકરાની પાસે જ સ્લેટપેન પડ્યાં હતાં, ને સ્લેટમાં અરધો ગણેલો દાખલો હતો.

પહેલાં દાખલામાં ગુંથાએલું એનું મન અત્યારે બે જુદાંજુદાં કામમાં ગુંથાયું હતું. એક તરફ ચુલા ઉપર, ઉભરાવાની તૈયારી કરતી કઢી ઉકળતી હતી; બીજી બાજુ ઘોડિયામાં બાળક રડતું હતું.

એવામાં નીચેનું એક છાણું બળી રહેતાં ચુલામાંનો ઓબાળ પડી ગયો અને બળતું હોલવાઇને ધુમાડાના ગોટા નીકળવા લાગ્યા. હાથમાંની દોરી નીચે મુકી છોકરાએ બળતું સંકારવા માંડ્યું, પણ અગ્નિદેવે માન્યું નહિ; વળી વધારે યત્ન કરી વાયુદેવને આરાધ્યા, પણ નિષ્ફળ. કંટાળીને છોકરાએ એક લાંબો નીસાસો નાખ્યો અને નિરાશાથી હવામાં હાથ વીંઝ્યા. ઘડીભર થાક ખાઇ વળી પાછું તેણે ઉત્સાહથી ફુંકવા માંડ્યું; પણ ફુંકો આડી ગઇ અને ધુમાડા તથા રાખના ગોટેગોટા ઉડી તેના મોં પર, આંખમાં તથા કઢીના વાસણમાં પડવા લાગ્યા. અંતે ચીડાઇને તેણે જોરથી છાણાં અંદર ખોસ્યાં ને ધુમાડાથી બચવા મોં પાછળ ફેરવી આંખો લુછી.

ઘોડિયા પાસે રમતા બાળક ઉપર તેની નજર પડતાં તેને પોતાના ચીડાએલા સ્વભાવ પર હસવું આવ્યું અને એ કલ્લોલતા બાળક તરફ તે આનંદથી જોઇ રહ્યો.

એકાએક તેની નજર ઘોડિયાના પાયા પર પડતાં તે ચમક્યો. કાનખજુરા જેવું કંઇક જીવડું પાયા ઉપર ચડતું હતું અને રમતું બાળક તેને પકડવા પોતાના હાથ લંબાવી આગળ ખસતું હતું. બાળકને ઉચકી લેવા તે ઘોડિયા તરફ દોડ્યો, પણ પાયાપર નજર પડતાં જ તે હસી પડ્યો. છાપરા ઉપર લટકતાં બાવાંનો પડછાયો દીવાના પ્રકાશમાં હલતો હતો. હસતોહસતો તે બાળક પાસે જ બેસી જઇ તેને

રમાડવા લાગ્યો.

પણ ત્યાં ચુલા આગળથી 'છમ્છમ્' અવાજ આવ્યો. બાળકના કલ્લોલથી અગ્નિદેવનું હાસ્ય ખીલી ઉઠ્યું હતું અને કઢી ઉભરાતી હતી! ધ્રાસકાભેર તે દોડ્યો; પણ જતાંજતાંમાં તો કઢી અરધી થઈ ગઇ. તેનું મોં પડી ગયું. આને પરિણામે હવે પોતા પર શાંશાં વીતક વીતશે તેનો ખ્યાલ આવતાં તેને કમકમાંઆવ્યાં.

થોડી વાર થઇ ને મા આવી. દસ ઘરનું કામ કરી તે બીચારી પૈસા આણતી. બંત્રાણી ધણીના ટુંકા પગર પર કુટુંબ કેમ નભે? વહીતરૂં ખેંચીને કંટાળાભરી આવેલી માને, શું બન્યું હતું તેની તરત જ ખબર પડી અને તેણે ત્રાડ નાખી: 'એલા મનુડા! આ કઢી કેમ કરતાં ઢોળાણી?'

'હું આ ઘોડિયા ઉપર'—

'ઘોડિયા ઉપર શું, કપાળ તારૂં!' રોયાનો ડોળો જ રમવામાં; ને કાં સીલેટપેનમાં. બળ્યાં તારાં લેસન! હવે ખાશે શું—પાણા?'

'પણ બા, તું મારી વાત સાંભળીશ? આ–'

'ચુપ! મારે કાંઇ નથી સાંભળવું. તને સાંભળી મુકયો છે, કેદિ'નો. હું તને ન ઓળખતી હોઉં તો ને?'

'પણ બા—'

'વળી બોલ્યો? મા......રા રો—લેનો જા.' કહી માએ ક્રોધથી વેલણનો છુટ્ટો ઘા કર્યો, તે બરોબર મનુના કપાળ પર!

'જા, નીકળ ઘરમાંથી બહાર; મારે તારૂં કામ નથી.' માનો અવાજ ગાજી ઉઠ્યો.

આવી સજા તો મનુને વારંવાર થતી; એટલે આજનો વેલણનો ઘા કાંઇ નવાઇ ન હતી. પણ આજ તેનું મન કોઇ અવર્ણનીય દુ:ખથી ભરાઇ ગયું. નહિ પુરો સમજુ, તેમ નહિ છેક અણસમજુ એવા એ તેર વર્ષના બાળકનું હૈયું જાણે ચીરાઇ જતું હોય એમ થયું. પણ અનુભવે તેને શીખવ્યું હતું કે અત્યારે તો ગુપચુપ બહાર નીકળી જવું જ ઠીક હતું.

બહાર જઇ બારણા પાછળ તે ઘડીભર ઉભો. એટલામાં તો કાંઇકાંઇ વિચારો તેના નાનકડા મનમાંથી પસાર થઇ ગયા. વિચારમાં ને વિચારમાં તે ઝુંપડીની પાછળ પડેલા પથરાપર જઈ બેઠો ને ધ્રુસકેધ્રુસકે રડ્યો. હજી હીબકાં શમ્યાં ન હતાં ત્યાં બંધાણી બાપ ઘેર આવ્યો.

'ક્યાં ગયો મનુ?' તેણે સ્ત્રીને પુછ્યું.

'મરી!' જવાબ મળ્યો.

'કાં? શું, થયું છે શું?'

તમે તંત્રી હો તો?

[ઇનામી હરીફાઇ]

ધારો કે 'કુમાર'ના તંત્રી તમે પોતે જ થયા; અને આવતા, નવા વર્ષના પહેલા અંકથી 'કુમાર' તમારી મરજી પડે તેમ તમારે પોતાને જ ચલાવવાનું છે! (કેમ, મઝા પડે ને?) તો તમે 'કુમાર' કેવું કાઢો? હમણાં જ કાગળ પેન્સિલ લઇ નોંધ કરવા માંડો અને તમારી યોજના અમને મોકલી આપો.

તમારા પ્રિય લેખકોની તો તમને ખબર હશે. તેમની પાસેથી કઇકઇ જાતના લેખો, કાવ્યો વગેરે મેળવો? અને તમારા માનીતા ચિત્રકારોને પણ તમે શાના ભુલો? એમની પાસેથી કેવીકેવી ચીજો તમે કઢાવો? કોના લેખો કોને ચિત્રો કરવા આપો? એવું જ 'કુમાર'ના વિભાગોનું. મિજલસ, માધુકરી, જ્ઞાનલીલા, પુછો તંત્રીને, ફુલવાડી, બાળ વિભાગ, છેલ્લું પાનું વગેરે વિભાગોમાંના કયાકયા તમને બહુ જ ગમે છે? અને કયા વિભાગો સુધારા વધારા માગે છે? કોઈ નવા વિભાગો ઉમેરવા સુઝે છે?

'કુમાર'માં એવું પણ કેટલુંક આવતું હોય કે જે તમને ન ગમતું હોય; અને કેટલાક ઉપયોગી રસપ્રદ વિષયો રહી પણ જતા હોય. તો તમે કેવા પ્રકારના લેખો કમી કરો અને કેવાકેવા નવા ઉમેરો? આ બધું કરો અને 'કુમાર'ના રૂપરંગને કાંઇ તમે ભુલો? એના પુઠામાં, એનાં પાનાંઓની રચનામાં, લેખોના ક્રમમાં, ચિત્રોની ગોઠવણીમાં—આખા યે માસિકના ઉઠાવમાં તમે શા શા સુધારાવધારા કરો?

આ તમારી યોજના, અરધા ફુલસ્કેપ કાગળની એક જ બાજુએ—અથવા ચાળીસ લીટીમાં—સમાય એવડી જ (જેમ ટુંકી તેમ સારૂં) અને હાંસિયો પાડીને, શાહીથી ચોખ્ખા અક્ષરે લખેલી હોવી જોઇએ; અને વસંતપંચમી પહેલાં અમને મળી જવી જોઇએ. ત્યાર પછી મળેલા લેખો નહિ સ્વીકારાય.

શ્રેષ્ઠ નીકળનારને પહેલું ઈનામ રૂા. ૫ નું; બીજું ઈનામ રૂા. બેનું, ઉપરાંત, બીજાં ત્રણ ઇનામ: દરેક રૂા. ૧ નું.

લેખની સાથે પોતાનું પુરૂં નામઠામ, ઉમર અને ગ્રાહક નંબર અચુક લખવાં; અને કવરને ઉપલે ડાબે ખુણે "હરીફાઈ માટે" એટલું લખવું.

'શું તે, આ જુઓ તમારા કરમીનાં કામ.' કહી માએ કઢીનું વાસણુ ને ખરડાએલો ચુલો બતાવ્યાં.

'તે હવે એમાં થઇ શું ગયું? બીચારાને મારીને કાઢી મુક્યો હશે. એલા મનુ! એ...મનુ!' બંધાણીએ લથડતે સાદે બુમ પાડી. ધ્રુજતો ધ્રુજતો મનુ ઘરમાં આવી મુંગો મુંગો ઉભો રહ્યો.

'સા— આમ ગલુડિયાંની જેમ લપાતો લપાતો શું આવછ? જા કુંવર શેઠાણીને ત્યાંથી દાળ લઇ આવ. એમણે કીધું છે.'

કુંવર શેઠાણીનું ઘર ગામને બીજે છેડે. શિયાળાની કકડતી ઠંડી ને અંધારી રાતમાં એટલે જવું સહેલું ન હતું: પણ વાસણુ લઇ ઝટપટ બહાર નીકળી જવામાં જ સાર હતો.

ફાટચાતુટયા પહેરણને સંકોરી, ટુંટિયું વાળી, છાતી પર હાથની મજબુત અદબ ભીડી, દાંત કકડાવતો મનુ વિચારમાં ને વિચારમાં કુંવર શેઠાણીને ઘેર પહોંચ્યો; દાળ લીધી ને પાછો આવવા નીકળ્યો.

હાથમાં દાળનું ભરેલું વાસણુ હતું એટલે હવે અદબ ભીડાય એમ તો હતું નહિ; ડીલપર ચીંથરેહાલ પહેરણ ને કકડતી ટાઢ. શરીર તો ધ્રુજતું જ હતું; મન પણ ચકડોળે ચડયું. 'અરેરે આ જીવન! આનાં કરતાં મરણ શું ખોટું? આ માબાપ! પોતાના સ્વાર્થની જડતા આડે સામાનું શું થાય છે એ જાણવાની એમને પરવા જ નથી; બાળકને તો જાણે હૃદય જ ન હોય!'

વિચારોની પરંપરા ઝપાટાભેર ચાલી જતી હતી; ટાઢની વેદના શરીરને અને અંતરની વેદના હૈયાને ચીરી નાખતી હતી. એવામાં અચાનક તેનો પગ, રસ્તા વચ્ચે ધુળમાં ટુંટિયું વળી સુતેલાં એક કુતરાં પર પડયો. પડતાં જ કુતરૂં સફાળું જાગી ઉઠયું ને ચીસ પાડી છલંગ મારી ભસવા માંડયું. મનુનો પગ લથડયો અને હાથમાંથી દાળનું વાસણુ પડી ગયું.

વળી નવી વિપદ. હવે તો બાપ પણ ચીડાશે. કુંવર શેઠાણીના ઘરની દાળ એટલે બંધાણી બાપને મન મીઠામાં મીઠું ભોજન એ મનુ જાણતો હતો, એટલે આ ગુન્હો માફ થાય એમ નહોતું. તેનું હૈયું ફફડી ઉઠયું અને આંખો આંસુથી છલકાઈ ગઈ. ધુળમાંથી વાસણ ઉપાડી, આંસુ લુછી, થવાય તેટલો સ્વસ્થ થઈ તે ઘર તરફ ચાલ્યો.

ઘરમાં પેસતાં જ, જમવા બેઠેલા બાપે તરત દાળ માગી. પણ મનુ શું આપે?

'ઝટ દાળ લાવને, કહું છું! એમ રોઝની જેમ ઉભો છ શું?' બાપની ધીરજ ખુટી અને બરાડો પાડયો.

'દાળ તો—બાપા—રસ્તામાં ઢોળાઇ ગઇ.'

'શું......?' બંધાણી ગરજ્યા. 'ઢોળાઈ તે કેમ જાય? કાંઇ ખાતો નથી? રહે; તને પાધરો કરૂં છું, સા—કહી બંધાણી ઉઠયા. 'સાચું બોલ જોઇએ, ક્યાં ગઇ દાળ? હરામખોર! કાં તો તું જ પી ગયો હોઇશ.'

બાળકથી આ આળ સંખાયું નહિ. તે કકળી ઉઠયો, 'હું જુઠું નથી બોલતો, રસ્તા વચ્ચોવચ કુતરૂં—'

'હેકૂ, સા—બીકકુ—'

પણ એટલામાં ઘોડિયા પાસે બેઠી બેઠી મા છ માસના નાના બાળકને ધવડાવતી હતી તેની નજર બીજી બાજુ મોટું બાળક ખસતું ખસતું ચુલા પાસે જતું હતું તેના ઉપર પડી અને તે બુમ પાડી ઉઠી, 'એલા મનુડા, આ છોકરાને લઇ લે તો—'

મનુએ દોડીને બાળકને તેડી તો લીધું, પણ ઉતાવળમાં વચ્ચે પડેલા બાપના ભાણાને ઠોકર વાગી. સદ્ભાગ્યે કાંઇ ઢોળાયું તો નહોતું; પણ બંધાણીનો મિજાજ ગયો, અને એક સરસ્વતી ભણી પાસે પડેલી સાણસી મનુના પગ પર ચોડી દીધી.

'આંધળા! ઠેશું દેતો જા છ? એક તો કઢી ઢોળી નાખી, દાળ નાખી આવ્યો ને હવે આંહી ઉંધું વાળવું છે, કમજાત સા—? આજ તું રોટલો પામવાનો નથી; તું જો બેઠો.'

થયું. બાપનો જહાંગીરી હુકમ છુટયો. એને કોણ ઉથાપી શકે? ઝુંપડીને એક ખુણે જઈ ભગ્ન હૃદયે મનુ લપાઇ બેઠો. બાપ ખાઇને પથારીમાં પડયો. હમણાં મા બોલાવશે એવી આશામાં ટગર ટગર જોતો મનુ બેસી રહ્યો. પણ મા પણ મુંગીમુંગી ખાઇ, વાસણુ માંજી, ઢાંકીઢુંબી, દીવો હોલવી સુઈ ગઇ! આખા દિવસનો થાકેલો ભુખ્યો મનુ ખુણામાં ગોદડીનો ગાભો નાખી ઉંઘમાં પડયો.

સવારે મા વહેલી ઉઠી વાસીકામ કરવા ચાલી ગઇ. બાપ પણ નોકરીએ ગયો. રહ્યાં માત્ર મનુ અને એને સંભાળવાનાં બે ભાંડુ. નાનું બાળક તો ઘોડિ-

યામાં ઉંઘતું હતું. મોટું ઉઠયું હતું, તેના હાથમાં ગોળનું દડબું આપી મા ગઇ હતી તે એ એઠું એઠું ચાટતું હતું. મનુ ઉઠયો. ઘરનું વાસી કામ કરવાનું એને માથે હતું. કામમાંથી પરવારી તે બાળક પાસે આવ્યો, અને એની આંખ બાળકના હાથમાંના ગોળ ઉપર પડી. બાળક એને ચોમેરથી ચાટતું આનંદથી આંખો પટપટાવતું હતું. આગલી રાત્રે કાંઇ ખાવા મળેલું નહિ એટલે ચોવીસ કલાકના એ ફરજિયાત ઉપવાસ પછી મનુના પેટમાં અત્યારે શુળો ભોંકાતી હતી. એણે તીણી નજરે ગોળ તરફ જોયું અને બાળકના હાથમાંથી દડબું ઝુંટવી લીધું.

પણ હાથ મોં તરફ વળ્યો નહિ. હાથમાંથી પોતાનું ખાવાનું જતાં બાળક મનુ તરફ જોઇ રહ્યું હતું. મનુએ એની સામું જોયું. બાળકનું વીલું મોં જોઇ એણે ગોળ બાળકના મોં પાસે ધર્યો. બાળકે તે ચાટયો અને આંખો પટપટાવી. મનુ હસી પડયો, અને બાળકના મોં ઉપર લાડથી એક ધીમી લપડાક મારી : ‘ લુચ્ચો ! જો તો, કેવા ચાળા કરતાં આવડે છે !’ અને ગોળ બાળકના હાથમાં આપી દઇ પોતાનું દફતર લઇ બેઠો.

તે વાંચવામાં મશગુલ હતો; એવામાં ઘોડિયામાં સ્હેજ સળવળાટ થતાં એની આંખો ઉંચી થઇ. જુએ છે તો નાનું બાળક ધીમેધીમે આંખો ઉઘાડતું હતું. બારીમાંથી પ્રભાતના સૂર્યનું કુમળું કિરણ આવી બાળકના મુખ ઉપર પડતું હતું. એને લીધે બાળકની ઉંઘ ઉડી ગઇ હતી. ઉઠતાં જ બાળકની નજર કિરણ પર ગઇ અને તે રમવા લાગ્યું. સૂર્યકિરણ પણ જાણે બાળકની સાથે ગેલ કરતું હોય એમ તેના મુખ ઉપર નાચી રહ્યું હતું. મનુએ આ જોયું અને જાણે મંત્રમુગ્ધ થઇ રહ્યો. આ દૃશ્ય જોતાં એનું હૈયું પણ નાચી ઉઠયું. ઉંડા ચિંતનમાં જાણે ગરક થઇ ગયો હોય, જાણે એની આંખ બહાર નહિ પણ અંદર જોતી હોય એમ તે બેસી રહ્યો.

થોડીક પળ વીતી ગઈ. મનુનું સ્વપ્ન ભાંગ્યું. એણે સ્લેટપેન હાથમાં લીધાં, માસ્તરને આજે બતાવવા ગણેલો દાખલો ભુંસી નાખ્યો અને જાણે ભાન વિના જ કંઇક લખવા માંડયું.

લખાણ પુરૂં થયું. તે વાંચી ગયો. તેને સંતોષ થયો હોય એમ જણાયું. સ્લેટ નીચે મુકી દઇને દફતરમાંથી ચોળાઇ ગએલા કાગળની એક નોટ કાઢી. તેની સાથે જ એક આંગળની એક પેન્સિલ પણ નીકળી. નોટના પાનામાં એક બાજુ કોઇ અંગ્રેજી પરીક્ષાના જવાબો હોય એમ જણાતું હતું. બીજી બાજુએ થોડાંએક પાનાંમાં પેન્સિલ વતી લખાએલી કવિતાઓ હતી. મનુએ નોટનું એક પાનું પસંદ કર્યું અને હથેળી વડે તેની બને તેટલી કરચલીઓ દૂર કરી. પછી સ્લેટમાં લખેલું નોટમાં ઉતારી લીધું. તે ફરી વાંચી ગયો. પછી ક્ષણભર વિચારમાં પડયો, અને થોડી વારે કાંઇક નિર્ણય કર્યો હોય એમ પાનાને મથાળે લખ્યું: ‘ આશાનું કિરણ.’

‘ અરુણ ’

સંયમ

સંયમ એટલે જેને આપણે વ્રતો અને તપને નામે સમજીએ છીએ તેનો હું અહીં વિચાર નથી કરતો. પણ સંયમ એટલે સ્વનિયમન. જગતની કોઇ સજીવ-નિર્જીવ વસ્તુને જોતાંવેંત જ કે તેને વિષે સાંભળતાંવેંત જ જે લાગણી ઉત્પન્ન થાય કે જે મત બંધાઈ જાય તેથી વિવશ બની જઇ તેના દોરાયા દોરાઈ જવું એ સંયમ નહિ; પણ એ લાગણીને અને મતને રોકી, તેને તપાસવો, તેની યોગ્યાયોગ્યતા વિચારવી, એ સજીવ-નિર્જીવ વસ્તુનું વધારે પરીક્ષણ કરવું, એની આજુબાજુના સંબંધોનું પરીક્ષણ કરવું, પોતાની પરિસ્થિતિનું પરીક્ષણ કરવું એ સંયમ—સ્વનિયમન. આમાં વિલંબ કરવાનો, દીર્ઘસુત્રીપણાનો આભાસ લાગશે; પણ પહેલી લાગણી અને મતથી વિવશ બની આચરણ કરી નાખવું જેટલું સહેલું લાગે છે, તેટલું જ, અભ્યાસથી, યોગ્ય પ્રસંગે ભાવના અને મતના પરીક્ષણ પછી યે આચરણ કરવું સ્વાભાવિક થઇ શકે છે. આવા પ્રકારનું સ્વનિયમન ન કેળવી શકીએ તો સત્ત્વરક્ષા યે કેમ સંભવે ? ક્ષણેક્ષણે જગતના બીજા પદાર્થો અને સત્ત્વો સઢ અને સુકાન વિનાના વહાણની માફક આપણી પ્રવૃત્તિઓને અહીંથી તહીં અફળાવે; કોઇ પણ ઠેકાણે આપણે સ્થિર ન રહી શકીએ; આજે એકના વિચારો સાંભળ્યા કે તેથી દોરવાઈ ગયા, કાલે બીજાના સાંભળ્યા કે તેથી દોરવાઇ ગયા; આજે એક પદાર્થ કે પ્રાણીને જોઈ આકર્ષણ થયું—તેની પાછળ લાગ્યા, કાલે બીજાને જોઈ આકર્ષણ થયું—તેની પાછળ લાગ્યા; આજે પાશ્ચાત્ય સંસ્કૃતિની વર્તમાન મોહક ભવ્યતા આપણને આંજી નાંખે, કાલે આર્યસંસ્કૃતિની પ્રાચીન ભવ્યતા આપણને આંજી નાખે; એ બેયમાં સત્ત્વરક્ષા નથી. એટલે સ્વનિયમન વિના, આવા પ્રકારના સંયમ વિના સત્ત્વરક્ષા અશકય છે.

(ગુ. મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓને: શ્રી કિશોરલાલ મશરૂવાળા)



બરાબર યાદ નથી આવતું કે એક રાત ખોખરામાં ગાળવાનો વિચાર પ્રથમ અમને કેમ સ્ફુર્યો. પણ ઘણા લાંબા સમયથી ભાવનગરની નૈઋત્યે પંદર માઇલ છેટે આવેલ ખોખરાના પર્વતો અમને આકર્ષી રહ્યા હતા. અને નીચેનાં તાત્કાલિક કારણોથી તે આકર્ષણે ઘણું જ ઉગ્ર સ્વરૂપ પકડયું અને અમે ત્યાં ખેંચાયા.


એક અનુભવી શિકારીએ જણાવ્યું કે 'ખોખરે જાઓ તો એકબીજાથી જુદા ન પડશો; નહિતર ખોવાઇ જશો.' ત્યાંના એક સ્થાનિક અમલદારને પુછતાં તેમણે સ્પષ્ટ કહ્યું કે 'ખોખરાની ખીણમાં આવેલા માલનાથ મહાદેવનાં દર્શન માટે તેઓ ઘણીવાર ગયા છે; છતાં હજુ ભોમિયા સિવાય જવાનો તેઓ કદિ આગ્રહ રાખતા નથી.' અમારા એક મિત્ર માલનાથ જઇ આવેલા તેમને પુછતાં કહે કે 'સ્થળ બહુ સુંદર છે; પણ હું તો બંધ પાલાવાળા ગાડામાં ગએલો એટલે આંખે પાટા બાંધીને ગએલો કહેવાઉં.' ઉપરાંત ખોખરામાં અવારનવાર દીપડા દેખાય છે, એવી વાતો તો અમે બહુ યે સાંભળેલી. આ બધાંથી રોમાંચિત બની, માલેશ્વર મહાદેવમાં એક રાત કૅમ્પ નાખવા અમે વિચાર કર્યો. ભવિષ્યમાં કોઇ પણ માણસ જો અમારી સલાહ પ્રમાણે જાય તો બીલકુલ ભુલો ન પડે એટલા માટે માલનાથ મહાદેવ સુધીનો ખોખરાનો એવો નકશો દોરનાર સ્કાઉટને એક હોકાયંત્ર ઇનામ આપવાનું પણ અમે જાહેર કર્યું.

આગલી સાંજે મેં તથા મારા મિત્ર સ્કાઉટ માસ્તરે મુસાફરીની બધી તૈયારીઓ કરી રાખી. લઇ જવાનો સામાન સરખે ભાગે બાવીસ સ્કાઉટો વચ્ચે વહેંચી આપ્યો. બગલથેલીઓ તથા પાણીની બાટલીઓ ઉપરાંત જેમ બને તેમ ઓછો સામાન લેવા ભલામણ કરી. વખત જાણવા માટે ઘડિયાળો, દિશા જોવા માટે હોકાયંત્રો, ફોટા પાડવા માટે કૅમેરા તથા નકશા દોરવા માટે પૅડ સૌએ સાથે લીધાં, અને બીજે દિવસે સવારે અમારો કાફલો બરાબર સજ્જ થઈ ભંડારિયે જતી ટ્રેનમાં ભાવનગરથી વિજયની ગર્જના કરતો, અમેરિકા શોધવા જતા કોલંબસ જેવી તૈયારી સાથે, માલેશ્વર મહાદેવની શોધ માટે ઉપડયો !

ભંડારિયા સ્ટેશનની પશ્ચિમે આ પર્વતોની હાર આવેલી છે. ટ્રેનમાં એક સાથી મુસાફરે તે હારો બતાવી કહ્યું કે 'ત્રણ ખીણમાંની વચલી ખીણ પકડશો અને તેની અંદર આવેલ એક નાનો ટેકરો ઓળંગશો એટલે માલનાથ મહાદેવ આવશે. તમારે એક ધોળી નદી વટાવવી પડશે.' આટલી માહીતી પછી હવે કોઇને કાંઇ પુછવું જ નહિ, જાતે જ સ્થળ શોધી કાઢવું અને ભુલા ન પડીએ તેની પુરતી સાવચેતી રાખવી, આવા ત્રણ સંકલ્પો સાથે અમે ચોવીસ જણાએ બરાબર સવારના અગિયાર વાગે પર્વતની ધારો તરફ મુસાફરી શરૂ કરી. 'ત્રણમાંની વચલી ખીણમાં જવું' આ શબ્દો અમારા મગજમાં ઘુમતા હતા. પણ પાસે પહોંચતાં તો ડુંગર અમને ત્રણને બદલે તેર જેટલી ગાળીઓમાં વહેંચાએલો દેખાયો. હવે કયો માર્ગ પકડવો એનો વિચાર થઇ પડયો. બધા ભુલા ન પડીએ અને સાચો માર્ગ જડે એટલા માટે બબ્બે સ્કાઉટોને જુદી જુદી ગાળીઓમાં તપાસ માટે મોકલ્યા. થોડો સમય રાહ જોયા પછી સૌથી મોટી ખીણમાંથી સીટીનો અવાજ આવ્યો, અને ત્યાર પછી આગળ શોધમાં ગએલા બે સ્કાઉટોએ વાવટાના સંદેશાવતી અમને તે દિશામાં બોલાવ્યા. મહાદેવ જડવાના પુર ઉમંગમાં અમે ઉપડયા. એક ધાર ચઢયા ત્યાં તો દૂર લીલાં વૃક્ષોની એક સુંદર ઘટા દેખાઈ. બાજુમાં પાણીનું એક નાનું તળાવ પણ આવી રહ્યું હતું અને મહાદેવની ચોક્કસ નિશાનીરૂપ શ્વેત ગંગા ઉર્ફે ધોળી નદી પણ અમે વટાવી. આટલી સહેલાઇથી અમે આ અગમ્ય ગણાતું સ્થળ શોધી કાઢયું તેથી અમારા આનંદનું તો પુછવું જ શું ?

એક સુંદર વાવ, પાસે નદી, થોડે દૂર નાનું પાણીનું તળાવ, વડ અને પીપળોનો સુંદર છાંયો અને અમને

ઘેરી વળતા હોય તેમ ચારે બાજુ આવી રહેલ પર્વતોથી આ સ્થળ ઘણું જ સુરમ્ય દેખાતું હતું. પણ મહાદેવ ક્યાં?! આ પ્રશ્ને સૌને ચોંકાવ્યા. સૌએ આજુબાજુ શિવલિંગ શોધવા માંડ્યું પણ કાંઇ જ ન મળે! આ સ્થળ મહાદેવવાળું નહિ એવી સૌની ખાતરી થઇ. ધોળી નદી, વચલી ગાળી, નાનો પર્વત, સુંદર લીલાં વૃક્ષો, પાણીની સગવડ: તે બધી નિશાનીઓ છતાં આ માલનાથ મહાદેવ નહિ એ વાત તો ચોક્કસ હતી. ત્યારે હવે? કેટલાક ભાઇઓને ઘડીભર એમ પણ થઇ ગયું કે લાવો ભીમની માફક લોટકો ઉંધો વાળી આપણે જ માલનાથની સ્થાપના કરી લઇએ, પણ રહીએ તો અહીં જ!




આ મોટી ખીણમાં આવેલી બીજી બે પેટા ખીણોમાં વધુ તપાસ માટે ચાર સ્કાઉટોને રવાના કરી આ કાફલાએ ત્યાં જ નાસ્તા તથા ચાની તૈયારી શરૂ કરી. કેટલાકે સ્કેચો દોર્યા, કેટલાકે ફોટા લીધા, કેટલાકે નકશાનાં પોઇન્ટ નોંધ્યાં ત્યાં બરાબર બપોરનો એક વાગ્યો; ચા તૈયાર થઈ અને મહાદેવની શોધમાં ગએલા ચારે સ્કાઉટો નિરાશ થઈ લોથપોથ આવી પહોંચ્યા. કહે કે 'આટલામાં દૂર સુધી ક્યાં યે લીલાં ઝાડો દેખાતાં જ નથી; એક ઉપર એક ડોકિયાં કરતાં પર્વતનાં ભુરાં શિખરો, છાતીસમું ઉંચું ઘાસ અને નાળાં સિવાય બીજું કાંઇ નજરે પડતું નથી.'

હવે શું કરવું? 'કોઇને પણ ન પુછવું' એ અમારો સંકલ્પ તોડીને પણ મહાદેવે તો જવું જ. એટલે હવે મહાદેવને બદલે 'કોઇ'ને શોધવાનું કામ ચાલ્યું. નસીબજોગે એક ઢોર ચારનાર મળી ગયો. તે કહે કે આ સામેની ખીણમાં એક માઇલ ઉપર જ મહાદેવ છે. શોધમાં જનારા સ્કાઉટો કહે કે ત્યાં કાંઇ નથી. એટલે તે 'કોઇ'ને સાથે લેવાનું ઠર્યું અને બધા સંકલ્પને ઉંચે મુકી અમારી મંડળી આગળ ચાલી.

તડકો વધ્યો. ઉંચા નીચા ઢોળાવવાળા એક પછી એક પર્વતો આવવા લાગ્યા. નાસ્તો સારી રીતે લીધેલો એટલે તરશ તો કહે મારૂં કામ. સીધાં સામાનનાં પોટલાં પણ બહુ જ વસમાં પડવા લાગ્યાં. ઢોરવાળાની સાથે કેટલાક સ્કાઉટ આગળ નીકળી ગયા, ફોટા પાડવાને લોભે કેટલાક ઉંચે શિખરોપર ચડેલા તે જુદા પડી ગયા, અને સામાનનાં પોટલાં તથા નાના થાકેલ સ્કાઉટો સાથે અમે સૌની પાછળ રહ્યા. 'જુદા ન પડવું' એ સંકલ્પ પણ ક્યાં અદ્રશ્ય થઈ ગયો તેની ખબર જ ન પડી. પૅડ, કૅમેરા, હોકાયંત્ર, ઘડિયાળો વગેરે ક્યાં છુપાઇ ગયાં તે દૈવ જાણે! હારેલા લશ્કરની માફક ભંગાણ પડ્યું. ઝાડના થડમાંથી જેમ ડાળો, તેમાંથી નાની ડાળો અને તેમાંથી તીરખાં ફુટી નીકળે તેમ મોટી ખાણમાંથી નાની ખીણો અને તેમાંથી વળી વધુ નાની ખીણો, તે દરેકમાં એકેક પર્વત, અને બધાની આગળ થઇને વહેતી ધોળી નદી; આવી રીતે ખોખરાની નજીવી ધારોએ અમારી સમક્ષ પ્રચંડ સ્વરૂપ ધારણ કર્યું. દરેક ગોપીને ભાગે એકેક કૃષ્ણ આવે તે માટે રાસક્રીડા વખતે કૃષ્ણે અનેક સ્વરૂપ ધારણ કર્યાં હતાં તે જ પ્રમાણે દરેક સ્કાઉટને ભાગે એકેક ખીણ આવે તેવું સ્વરૂપ ખોખરાએ ધારણ કર્યું હોય એમ અમને તો લાગ્યું.

સુંવાળા સુકા ઘાસથી લપસણી બનેલી કેડી ઉપર થઇને પાછળ રહેલું અમારૂં મંડળ ધીમે ધીમે ખીચડી અને શાક સાથે આગળ ચાલતું હતું ત્યાં માથે પોટલું લઇ એક બાઇ અમને મળી. અમારે હવે તેનો જ આશ્રય લેવો રહ્યો હતો. તે કહે કે તમે ઉંધે રસ્તે જાઓ છો; મહાદેવ તો પડખેની ખીણમાં છે. આ રસ્તો તો તમને ખોખરા ગામ લઇ જશે. ચાલો મારી



ખોખરાની ખીણમાં માલેશ્વર મહાદેવ

એમ થયું કે અમારા સ્કાઉટિંગની પરીક્ષા કરવા ખુદ મહાદેવજીએ સંતાકુકડીની રમત શરૂ કરી છે! ફરી એ સ્કાઉટ તૈયાર થયા અને પાછી ફરતી એક નાની ખીણમાં આગળ શોધ માટે ઉપડ્યા. થોડી વારે ખબર લઇ તેઓ પાછા આવ્યા કે મહાદેવજીનું દહેરૂં બહુ જ પાસે છે. લબાચા ઉપાડી ટુકડી ફરી ઉપડી અને દસ મિનિટમાં તો પર્વતોની ઉંચી ઉંચી ધારોની વચ્ચે આવેલ શ્રી માલેશ્વર મહાદેવની સમીપમાં અમે જઈ પહોંચ્યા. કોઇ કહે કે આ ઢોરવાળાએ આપણને ઉંધે રસ્તે દોર્યા. મેં તેને ઠપકો આપતાં કહ્યું 'તું કુંભાર જેવો છે! તને માલેશ્વરની ખબર નહોતી તો બતાવવા શા માટે આવ્યો?' આ ઠપકાથી તેને માઠું ન લાગ્યું કેમકે પાછળથી અમને ખબર પડી કે તે જાતનો કુંભાર જ હતો!

સાથે; તમને મારગ બતાવું.' 'છુટા પડવું નહિ, કોઇને પુછવું નહિ અને જાતે જ બધું શોધવું' એ ત્રિવિધ પ્રતિજ્ઞાવાળું અમારૂં મંડળ બાઇની પછવાડે ચાલ્યું. આ ઉપરથી મારો એક ઇંગ્લાંડ ગએલો મિત્ર વાત કરતો તે યાદ આવે છે. એ પોતે શરીરે બહુ જ નાનો. એકવાર દોડતી મોટરમાં ચડવા ગયો પણ ચડી ન શક્યો, એટલે એક પંજાદાર સ્ત્રીએ તેનો હાથ પકડી તેને અદ્ધર ઉઠાવી લીધો! તે કહે કે 'મને એટલી તો શરમ લાગી કે તેનું વર્ણન પણ ન થઇ શકે. સ્ત્રીને હાથનો ટેકો દઇ ચડાવવા બદલે તેના ટેકાથી ચડવું પડ્યું તે મને મરણ બરાબર લાગ્યું!' અમારી સ્થિતિ પણ અત્યારે તેવી જ થઈ.

એ બાઇની સાથે અમે થોડુંક ચાલ્યા હઇશું ત્યાં તો દૂરથી સ્કાઉટવ્હિસલ સંભળાઇ. પડખેની ખીણોમાંથી તેના પડઘા તેમ જ પ્રત્યુત્તર પણ સંભળાયા અને ઉત્તર તરફની એક ધાર તરફ અમે બધા ધસ્યા. ઉપર ચડીને જોઇએ તો નદીને તીરે લીલાં વૃક્ષોની સુંદર કુંજ અમે જોઇ. થાકેલા, તરસ્યા, ભારથી લથબથી ગયેલા અમે તે વૃક્ષરાજિમાં પહોંચ્યા. ભાર ફેંકી દઇ, પાણી પી, તાજા થઇને જોઇએ, તો ત્યાં પણ માલેશ્વર મહાદેવ ન મળે! ન મળે એક્કે ગોળ પત્થર કે તેને પણ મહાદેવ ધારી મન મનાવી લઇએ! અમને

બળતણની, રસોઇની તથા રાત માટે જગ્યા સાફસુફ કરવાની તૈયારીઓ થવા લાગી. જુદા પડી ગએલા ભેગા થઇને પોતપોતાના અનુભવ એક બીજાને કહેતા હતા તથા પોતાની મુશીબતો બીજાના કરતાં વિશેષ હતી તેમ પ્રતિપાદન કરતા હતા! જોતજોતામાં રસોઇ તૈયાર થઈ, જગ્યા સાફ થઇ, પથારીઓ મુકરર થઇ અને આ ઉંડી ખીણમાં રાત્રિ સૌથી વહેલી ઢળી. આવા શ્રમ પછી ભુખનું તો પુછવું જ શું? ખીચડી, શાક અને કોકમની કઢીનો જે સ્વાદ આવ્યો તેનું વર્ણન થઇ શકે તેમ નથી. રાતના આઠ વાગ્યે એક મોટો કૅમ્પ–ફાયર સળગાવી, ગાયનો, નાચો અને વાતોથી ખીણને ગજાવી મુકી. મોટા તાપથી તેમ જ અમારી બુમોથી ત્યાંનાં સ્થાનિક વતની, સાપ, વીંછી કે કોઈ જંગલી જનાવર બબ્બે માઇલ દૂર નાસી ગયાં હશે!

બધાની ચોકી માટે દર કલાકે બબ્બે જણનો પહેરો ગોઠવ્યો. અંધારી રાત સમસમાટ કરતી હતી, ક્યાંક ક્યાંક ઝાડો ઉપર ઠીક બેસવા મથતાં પક્ષીઓની પાંખોનો ફફડાટ સંભળાતો હતો, મહાદેવના દહેરામાં શિવનો સર્પ ગણપતિના વાહનો શોધતો હોય



અમારો કાફલો

તેવો ખખડાટ થયા કરતો હતો, કૅમ્પ-ફાયરનાં ધુંધવાતાં લાકડાં વારંવાર સળગી ઉઠી સંત્રીના તથા ઝાડોના મોટા ઓળા ઉભા કરતા હતા અને તે ઓળાઓ ખીણના ગાઢ અંધકારમાં વિલીન થતા હતા.

આવી રાત્રિનો પહેરો તે સ્કાઉટોના જીવનની એક અમોલી લ્હાણ છે. સ્કાઉટો બાવીસ અને પહેરાના કલાક સાત, એટલે માત્ર ચૌદ જણને જ આ લ્હાવ મળ્યો; બાકીના આઠને તો પારાવાર કચવાટ રહ્યો.

જમીનના કઠણ બીછાના ઉપર રાત્રિ કયાં પસાર થઇ તેની ખબર જ ન રહી. સવારના ઠંડા પવને સર્વેને જાગ્રત કર્યા. ચા, રસોઇપાણી, લાકડાં કાપવાં ઇત્યાદિ કામોની ફરી વ્હેંચણી થઇ. બપોરના એક વાગ્યે ઉપડવાનું નક્કી થયું. બુલબુલ, સુગરી, દરજીપક્ષી તથા ભુંડ વગેરે જોયાં. ઘણા ફોટા લીધા. ખીણનો સ્કેચ દોર્યો. પાસેના ઉંચામાં ઉંચા પર્વત ઉપરથી સવારની સ્વચ્છ હવામાં એક બાજુ શેત્રુંજાનાં શિખરો અને બીજી બાજુ ભાવનગરનું બોર તળાવ જોયાં અને તેમ કરતાં ભંડારિયાનો ટુંકો તેમ જ સરલ રસ્તો શોધી કાઢ્યો. આ રસ્તાનો નકશો દોર્યો, ઝાડો ઉપર ઉંડાં નિશાન કર્યાં, ફરી ભુલા ન પડાય માટે ખાસ યાદ રહે તેવી નિશાનીઓ શોધી લીધી, અને બીજી અનેક રમતો તથા પ્રવૃત્તિઓ કરી અમારો કાફલો બપોરના બે વાગ્યે ભંડારિયા આવી પહોંચ્યો અને ત્યાંથી ટ્રેનમાં ભાવનગર સહીસલામત આવ્યો.

મારા આ અનુભવની વાત કરી રહ્યો ત્યારે મારા

[અનુસંધાન જોડેના કૉલમને છેડે]

અથાણું

ચક્કર—અલ્યા, આ ઘર ચણાઇ તો ગયું પણ એનો આ બધો કચરો વધ્યો તે એ લોકો ક્યાં નાખશે ?

ફક્કડ—એટલું યે ભાન નથી ? એક ખાડો ખોદીને તેમાં એ દાટી દેશે.

ચક્કર—પણ એ ખાડો ખોદતાં માટી નીકળશે તે પછી ક્યાં નાખવાના ?

ફક્કડ—કેમ વળી ? જરા મોટો ખાડો ખોદશે કે જેમાં માટી અને આ કચરો બંને સમાઇ જાય.

ૐ

બાપ—કેમ રમુ, કાંઈ બહુ ઉંડા વિચારમાં પડી ગયો છે ?

રમુ—બાપુ, તમે તે દહાડે કહેતા હતા ને, કે મારો જન્મ દિલ્હીમાં થયો છે ?

બાપ—હા; પણ તેનું અત્યારે શું ?

રમુ—અને બા ક્યાં જન્મી હતી ?

બાપ—અમદાવાદમાં.

રમુ—અને તમારો જન્મ ?

બાપ—ભાવનગરમાં થયો હતો.

રમુ—(માથું ખજવાળતો) ત્યારે હું વિચાર જ એ કરૂં છું કે આપણે ત્રણે પછી ભેગાં ક્યાંથી થઈ ગયા ?

ૐ

માસ્તર—બધા છોકરાઓ લેસન કરી લાવ્યા છો ?

બધા છોકરાઓ—હા સાહેબ.

જરા વાર રહી રમણ ઉભો થયો.

માસ્તર—કેમ ?

રમણ—એક છોકરો લેસન નથી કરી લાવ્યો, પણ તમારી બીકને લીધે જુઠું બોલ્યો છે. તમે તેને ન મારો તો તેનું નામ કહું.

માસ્તર—કહે જોઇએ; નહિ મારૂં.

રમણ—રમણ.

માસ્તર—કયો રમણ ?

રમણ—હું જ.

પાડોશી બ્રાહ્મણે પુછ્યું, 'પણ તમે ત્યાં જમ્યા શું ?' મેં કહ્યું, 'ખીચડી શાક' ત્યારે તેણે નિસાસો મુકી મારી દયા ખાધી અને કહ્યું કે, 'આવા હેરાન થઈ રેલભાડું ખર્ચ્યું તેના કરતાં એટલા પૈસાના લાડુ કરી ઘેર ખાધા હોત તો કેવી મઝા પડત !' તેને હું મારા દિલનો અને તેનાથી વિશેષ કિશોર વયના સ્કાઉટોના દિલનો આનંદ કેવી રીતે સમજાવી શકું ?

ગજાનન ભટ્ટ

શ્રી ચ. રાજગોપાળાચાર્ય વિદ્યાર્થીઓ આગળ બેકારીનો પ્રશ્ન ચર્ચે છે

બેકારીનો અર્થ

બેકારીનો અર્થ જરા જાણી લેવાની જરૂર છે. બેકારી એટલે દર મહિને તમારી ઉપર ચડતાં અનેક પ્રકારનાં ખર્ચનાં બીલો ભરવાની તમારી અશક્તિ એમ તમે કરતા હો તો તે અર્થ હું નથી કરતો. બેકારીનો મારો અર્થ એ છે કે શિક્ષિતોનું દેશની જે જાતની સમૃદ્ધિ વધારવાનું કામ છે તે કામ અટકી પડ્યું છે. શિક્ષિતોનું કામ દેશમાં કળા, સંસ્કૃતિ અને અધ્યાત્મજ્ઞાન વધારવાનું છે. અશિક્ષિતોનું કામ દેશનું આર્થિક ધન વધારવાનું છે. શિક્ષિતો પોતાનું કામ કરતા કેમ અટકી ગયા છે એ હું વિચારવા માગું છું, તેમને નોકરી મળતી કેમ અટકી ગઇ છે તે નથી વિચારવા માગતો. કારણ નોકરી મેળવી આપવાનું કામ શિક્ષણનું છે એમ હું માનતો નથી.

હાલ એક ઑફિસથી બીજી ઑફિસ અને એક ધંધાથી બીજા ધંધામાં ફાંફાં મારતા યુવકોનો પ્રશ્ન વિચારીએ. ઘણાએ જે દૃષ્ટિએ એ પ્રશ્ન વિચાર્યો છે તેથી ઉલટી જ રીતે હું એ વિચારવા માગું છું. મારો ઉપાય એ છે કે જો દરેક કેળવાએલો યુવક સાદું જીવન ગાળતો થઇ જાય તો તેને પેટપુરતું ખાવાનું યે મળી રહે અને તે દેશની સંસ્કૃતિમાં વધારો કરવાનું પોતાનું કામ કરી શકે. ન કેળવાએલા કરતાં કેળવાએલાએ વધારે ખર્ચ કરવો જોઇએ એવો કાંઇ કાયદો છે ખરો કે? શું શિક્ષણનો હેતુ એ છે કે એથી આપણાં જીવન ખર્ચાળ બને? પણ થાય છે શું? તમે તમારાં ગામડાંઓમાં જઇને જુઓ. તમારી જ જાતના, તમારા ધર્મના, તમારા ગુણદોષોવાળા લોકો મહિને ૧૦ રૂપિયામાં ચલાવે છે; તમને ૧૦૦ રૂપિયા વિના ચાલતું નથી! સરકારી નોકરીમાં દાખલ થનારા ઉમેદવારો ૩૦ રૂપિયાથી શરૂઆત કરે છે, અને તેના અસંતોષનો પાર નથી. પણ કોઇ ગામડિયાને મહિને ૩૦ રૂપિયા આવતા હશે તો તે માનશે કે તેના ઘરમાં સ્વર્ગ ઉતર્યું છે. આપણને સંતોષ નથી—આપણને આપણો નિર્વાહ કરવામાં ગામડિયા કરતાં વધારે પૈસા જોઇએ છે—તેનું કારણ એ છે કે શિક્ષણે આપણને પાશ્ચાત્ય પ્રથાનું અનુકરણ શીખવ્યું છે. પણ એ અનુકરણથી આપણો દહાડો ન વળે. તેમની પાસે દેશમાં સમૃદ્ધિ ઘણી છે, અને તેમાંથી તેઓ મોટા પગાર ખેંચી શકે છે. આપણને એટલા મોટા પગારની આશા રાખવી પરવડે એમ નથી. છતાં રાખીએ છીએ એટલે દુઃખ વહોરી લઇએ છીએ. આપણે આપણી દૃષ્ટિ ફેરવીએ અને સાદાં જીવન ગાળતા થઇએ તો તરત જ આપણે સંસ્કારી જીવન ગાળવાને માટે મુક્ત થઇએ છીએ. અંગ્રેજી જીવનની ખુબી એ છે કે ત્યાં સંસ્કૃતિમાં વૃદ્ધિ કરનારો એક મોટો વર્ગ છે. એ વર્ગ આપણે ત્યાં નથી, કારણ આપણે અમુક તો કમાવું જ જોઇએ એવો નિશ્ચય કરીને બેઠા છીએ.



શ્રી રાજગોપાળાચાર્ય સ્કેચ: ર. મ. રાવળ

આજે પાંચ રૂપિયામાં ઉદરનિર્વાહ કરનારો ખેડુત પચાસ રૂપિયામાં નિર્વાહ કરનારા કેળવાએલા માણસ કરતાં વધારે કામ આપે છે. એની મજુરીથી દેશમાં અન્ન ઉત્પન્ન થાય છે, વસ્ત્ર ઉત્પન્ન થાય છે, ધન ઉત્પન્ન થાય છે; પેલાની મજુરી તેની વધારી મુકેલી જરૂરો જ પુરી પાડે છે. જો આપણા સુશિક્ષિતો પેલા ખેડુનું જીવન ગાળવા તૈયાર થાય તો કેટલા સુખી થઇ જાય?

જીવનમાં પરિવર્તન

એટલે તમે જોશો કે તમારી બેકારી મટાડવાને માટે તમારા વિચારમાં અને તમારી રહેણીકરણીમાં પરિવર્તન થાય એમ હું માગું છું. એવા ભારે પરિવર્તન વિના બેકારીના સવાલનો અંત આવે એમ નથી. જો આપણે ખેડુતનું જીવન ગાળતાં શીખીએ તો આપોઆપ આ સવાલનું નિરાકરણ છે. તમારાં વિદ્યાલયો અને શાળાઓ તમને સાદું જીવન ગાળતાં નથી શીખવવાનાં, જો કે પુસ્તકોમાં તો આપણે વાંચીએ છીએ કે આપણાં જીવન વધારે સાદાં અને સંસ્કારી કરવાનો શિક્ષણનો હેતુ છે. આજે તો ભણેલા જુવાનને પોતાનું ઘર નથી ગમતું, ગામડું નથી ગમતું; પોતાના માબાપની ટેવો નથી ગમતી; ખાવાપીવાની અનેક વસ્તુઓ જોઇએ છે, અનેક પોશાકો જોઇએ છે; એટલે ઘણો પગાર પણ જોઇએ છે એમાં કશી નવાઈ છે? અરે! શિક્ષણ તો શું, જે સંસ્થાઓમાં રહીને

રોગ બેકારી નથી, ખર્ચાળ જીવન છે

આપણે ભણીએ છીએ તેમાં–મહાવિદ્યાલયનાં વસતિગૃહો અને છાત્રાલયોમાં આપણને એવા તો કૃત્રિમ જીવનની ટેવ પડે છે કે આપણને આપણા હાથપગ વાપરતાં નામોશી લાગે છે! અને એ ટેવ વિદ્યાલયમાંથી નીકળ્યા પછી આપણને વળગી રહે છે! કેટલી નામોશીની વાત છે કે કોઈ કેળવાએલો માણસ પોટલું ઉચકીને જતો હશે તો તેની પાસે ઉભેલો અભણ માણસ કહેશે લાવો ને હું ઉપાડી લઉં; જાણે કે પેલાના હાથપગ ભાંગી ગયા હોય નહિ? વિદ્યાલયમાંથી ઘેર જાઓ છો ત્યારે તમે તમારી દાદી પાસે પાણીનો લોટો ભરાવતાં શરમાતા નથી. ઘણીવાર તો દાદી બીચારી કુવેથી પણ તમારે માટે પાણી ખેંચી લાવે છે. ટ્રેનમાંથી ઉતરતાં આપણા કરતાં ઘણા ઘરડા હમાલો આપણો બોજો હાથમાંથી લઈ લેવા માગે છે, અને જો હું ન આપું તો હું કંજુસમાં ખપું છું! એવી કેળવાએલાઓની હાથે કામ ન કરવાની સાખ પડી ગએલી છે! મારાથી બમણી ઉમરના મારા ઘરડા કાકા પોતાનાં ધોતિયાં જાતે ધોઇ લેતા; હું તમારા જેવો ડિગ્રીવાળો બન્યો એટલે હાથ ભાંગી ગયા! તમે આ કુટેવ સુધારો અને મજુર બનો. તો જ તમારા જીવનમાં રસ આવશે, આનંદ આવશે, સુખ આવશે; તમારી વિદ્યાને વેચવી નહિ પડે પણ તેને દેશની સેવાર્થે વાવરવાની તમને તક મળશે. આટલું કર્યા પછી દેશમાં કરવાનાં કામ તો એટલાં ઢગલાબંધ પડયાં છે કે તેને તમે પહોંચી નહિ વળી શકો. એટલે ખરૂં જોતાં આપણો રોગ બેકારી નથી. આપણો રોગ તો ખર્ચાળ અને કૃત્રિમ જીવન છે; હાથપગ વાપરવાની આપણી શક્તિ અને વૃત્તિનો થઈ ગએલો નાશ છે. કામનો તો દેશમાં તોટો જ નથી.

તમે આ પલટો કરવાની કુંચી માગશો તો તે મારી પાસે પડેલી છે. તમે ગામડામાં જાઓ અને ખેડુત કેવી રીતે રહે છે તે જોઈ તેવી રીતે રહી જુઓ. તેની સાથે રહેવાની માગણી કરો. તમને હસવું આવશે. આ તે કેવી બેહૂદી વાત કરી રહ્યો છે એમ તમે કહેશો. પણ એ વાત બેહૂદી નથી. મારે તમને ખબર આપવી જોઇએ કે ઇગ્લંડમાં મોટામોટા અમીર ઉમરાવના છોકરાઓ કેવળ ગ્રામ્યજીવનનો અનુભવ લેવા ગામડિયાઓ પાસે જાય છે, અને કેવળ પ્રયોગ તરીકે, કેવળ આનંદની ખાતર થોડાથી ચલાવવાનો પ્રયત્ન કરે છે.



પાંચ પ્રસંગો [૫]

૧૯૨૦માં યુદ્ધનો અગ્નિ શાંત પડ્યો. ક્વચિત રાખમાં દબાએલા અંગારા ભભુકી ઉઠતા એટલું જ. જર્મનીને તેના ભાગ્ય ઉપર નાખી કયસર ક્યારનો યે હોલૅન્ડ પહોંચી ગયો હતો. ફ્રાન્સની ભૂમિ ઉપર કતલ થએલા સૈનિકોના મૃત્યુસ્થાને દ્રાક્ષની નવી વેલો ફુટતી હતી. લુલાલંગડા અને ઘવાએલાથી માંડી માતેલા સીપાઇઓ ઘર તરફ પાછા વળતા હતા. ક્રપના કારખાનામાં હોવિત્ઝીટર, ડમડમ કે બૅયોનેટોને બદલે ચાકુ, છરી કે કાતર બનવાં શરૂ થઈ ગયાં હતાં.

યૂરોપીય યુદ્ધમાં મોકલેલું પોતાનું લશ્કર પાછું આવતાં, હિંદી સરકારને અણીને વખતે ઉભું કરવું પડેલું હંગામી લશ્કર વિખેરી નાખવાનું હતું. હિંદુસ્તાનના તાત્કાલિક રક્ષણ માટે ઉભી કરેલી ચિત્રવિચિત્ર ટુકડીઓનો પણ આમાં સમાવેશ થતો. આઇ. ડી. એફ. (ઇન્ડિયન ડિફેન્સ ફોર્સ) તરીકે ઉભી થએલી યુનિવર્સિટીની ટુકડીને પણ વિદાય મળી ગઇ હતી. એટલે તે વર્ષે દેવલાલીમાં તેની છેલ્લી છાવણી હતી. ડિફેન્સ ફોર્સના છેલ્લા વર્ષના જીવનમાં મેં ભાગ લેવો શરૂ કરેલો. સીપાઇગીરી એટલે શું એની અરધી યે સમજ વિના, આસપાસ ફરતા બેચાર યુવકોને ટાપટીપથી ખાખી લેબાસમાં મહાલતા જોઇ, મને પણ એ ચાળામાં ભાગ લેવા મન થએલું. સરસ લુગડાં પહેરવાં અને સોલ્જર કહેવડાવવું એ જ ક્ષણિક ઉમળકાએ રીક્રુટ તરીકે નામ લખાવેલું. સોલ્જર કેમ થવાય છે એ તો પછીથી સમજ પડેલી. પરેડને બહાને કૉલેજમાંથી રજા વગર પણ પછી જ છટકતાં આવડેલું.

લશ્કરી જીવનમાં પહેલા વર્ષમાં તો રીક્રુટ તરીકે અનુકરણ કરતાં જ શીખવાનું હોય છે. બીજા કરતા હોય તેમ સફાઇથી, પકડાયા વિના કરીએ તો યે ચબરાક કહેવાઇએ.

એ વર્ષે છાવણી દીવાળીની રજાઓમાં હતી. અમારી ટુકડીમાં પંચોતેરેક જેટલા જ યુવકો રહેલા. છાવણી કરતાં તો એ 'હવાફેરનું સ્થળ' હતું એમ કહેવાનું આજે તો મન થાય. લડાઇના વખતમાં સારી રાઇફલો યુદ્ધમાં ગએલી તેને અભાવે બોઅર લડાઇ વખતની લાંબી નળીની રાઇફલ તથા લાંબાં બૅયોનેટ, અને કપડાંની તંગાશે ગુરખા કોટ અને વિકટોરિયા-

વાળા જેવી 'પિથહૅટ' ના સાજ સજેલી અમારી ટુકડીનું દૃશ્ય અજબ હતું. આને ય અમે સરકારની મહેરબાની ગણતા. યૂરોપીય યુદ્ધથી યૂનિવર્સિટીના યુવકોને શસ્ત્રોને હાથ અડાડવા પુરતો દરજ્જો મળ્યો.

દેવલાલીની મનોહર ટેકરીઓમાં ઘણીયે વખત મારૂં મન ભરાઇ જતું. આઘેઆઘે દેખાતાં લીલાં ખેતરો નીહાળ્યા કરવાનું મન થતું. પહાડોમાં પથરાતું સવારનું ધુમ્મસ જાણે વ્યોમગંગા ઉતરતી હોય એવું ચમત્કારિક લાગતું. ગુજરાતની ગંદી પોળો અને શેરીઓ જોડે સરખાવતાં આ સ્વર્ગસૌન્દર્ય સમું લાગતું. થોડી પરેડ પછી બાકીનો વખત ટહેલવામાં જતો. પરોઢમાં પાસેની બીજી છાવણીમાંના પરેડ કરતાં 'રેગ્યુલર્સ' જોઇ તેમની દયા આવતી. તે રજપુત રેજીમેન્ટના સીપાઇઓ અમને 'યુરેઝિયનો' 'ઘાટી' 'બડેલોક' કે 'સાહેબ લોક' ને નામે ઓળખતા. તેઓ જે નાના તબુમાં શેતરંજી પાથરી નવદસ જણ રહેતા તેટલા જ તંબુમાં અમારામાંના બે જણ સ્પ્રિંગના ખાટલા ઉપર આળોટતા. દેવલાલીની તે છેલ્લી છાવણી જેવું લશ્કરી જીવન હોય તો ઘણા યે સાધુ થવાને બદલે સીપાઇ થવાનું પસંદ કરે!

રામને પણ જ્યાં વનવાસમાં વસવું ગમેલું એવા તપોવન પાસેના આ રમણીય સ્થાનમાં વિપુલ સૃષ્ટિ-સૌન્દર્ય છે. નાની નાની ગુફાઓની તો અહીં ખોટ જ નથી. સ્વચ્છંદે વહી જતાં ઝરણાં અને અનિલે ઝુકતાં વૃક્ષો મુગ્ધ કરી મુકે છે. અમારી છાવણીથી ચારેક માઇલ દૂર 'પાંડવ લેના' હતી. ગુફાને તે પ્રદેશમાં 'લેના' કહે છે. અમારામાંના ઘણાને એ લેના જોવાની ઉર્મિ થઈ આવી. રવિવારે રજા પળાતી હોવાથી છાવણીમાંથી કોઇ લેના જોવા તો કોઇ નાશક પાસેના ગંગાપુરના ધોધ જોવા ચાલ્યા. ટેકરી ઉપરથી પાસે દેખાતી લેના જોવા મ્હારે પણ જવું તો હતું જ. હંડે પહોરે ટેકરીઓ ઉપર થઇ ટુંકે રસ્તે જવું એવો કેટલાકનો આશય હતો. હું તો જાતે જવા કરતાં કોઈ લઇ જાય છે એ જ ખ્યાલમાં હતો. બીજા લાંબા વિચાર વિના અમે ચારેક જણે સાંજના ચાર વાગ્યે ટેકરી ઉપરથી દેખાતી લેનાની દિશામાં માર્ગ કાપવા માંડયો. પથરાઓ ચડતાં અને ઉતરતાં થોડોક વખત તો અજબ મઝા પડી. પણ વખત વીત્યો તેમ શ્વાસ ભરાયો અને ઉંચેથી પાસે દેખાતી લેના આઘી ને આઘી જવા માંડી! તરતમાં જ વીતેલા ચોમાસાંથી નદીનાળાં ભરપુર વહેતાં હતાં; અને એશિયામાં સૂર્યને પણ ટાઢ વાતી હશે કે કેમ, તે એ પણ ઝટપટ સંતાઇ જવા માંડયો હતો! એ રમણીય સૃષ્ટિમાં વૃક્ષો અને ઝરણાં તો ઘણાં હતાં પણ મનુષ્યમાં તો અમારી નાની ટોળી જ માત્ર હતી.

ટેકરી ઉપરથી ખીણમાં ઉતરતાં દિશા ભુલ્યા. સંધ્યાના મનોહર રંગો રક્તરંગ જેવા લાગતા. દિશા જોવા બીજી ટેકરી ચડયા વગર છુટકો નહોતો. મહા-મહેનતે જરા ઉંચાણે ચડતાં લેનાની પાસે આવ્યા છીએ એમ જણાયું અને સીધા તે તરફ જ ચલાવ્યું. લેના પાસેનાં હરિયાળાં સુંદર ખેતરોથી થાક સહેજ ઉતર્યો. ખેતરમાંથી ઘાસનો ભારો કાપી ઘેર જવાની ઉતાવળ કરતાં સ્ત્રી-બાળકોને લેનાની વાટ પુછવા જતાં તો તેઓ અમારો ખાખી લેબાસ જોઇ ભડકીને નાસી જતાં! અમારી વિષમ સ્થિતિનું અમને આમ અણચિંતવ્યું ભાન થયું. પાછા જવાનો વિચાર કરવો એટલે ઓલામાંથી ચુલામાં પડવા જેવું હતું. ટોળીમાંના બીજા મારાથી મોટા હોવાથી મને તો માત્ર ગભરામણ થાય એટલું જ: ચિંતા તો ન જ થતી. ઇશ્વર ઇચ્છાએ પાસે જ એક 'કાથકરી' મળી ગયો. લેનાની લગોલગ અમે આવી પહોંચ્યા હતા.

સંધ્યા થઇ ગઈ હતી એટલે પ્રકાશ વિના લેના જોવાય એમ ન હતું. 'કાથકરી' જોડે વાત કરતાં ખબર પડી કે લેનાનો દરવાજો બીજી બાજુએ હતો, અને અંધારે ઉપર જવામાં જનાવરનો ભો પણ હતો. વાઘને કે સાપને આ લોક જનાવર કહેતા. લશ્કરી છાવણી પાસે રહેતા ગામડિયાઓ સિપાઇઓથી ત્રાસેલા હોય છે. શિકાર કે મોજ કરવા આવતા સોલ્જરો ઉપર વખત આવ્યે તરાપ મારવાનો ઉમળકો તેમને થઇ આવે છે. અમે પણ એમને યુનિવર્સિટીના અંડર-ગ્રેજ્યુએટ કરતાં રાક્ષસી સોલ્જરો જ લાગીશું એવા વિચારે લેનાનાં માત્ર ચરણસ્પર્શ કરીને જ પાછા વળવું અમે યોગ્ય ધાર્યું.

આસોનો કૃષ્ણપક્ષ શરૂ થઇ ચુક્યો હતો. ચંદ્ર-પ્રકાશ થવાને વાર હતી. હતા ત્યાં સ્થિર ઉભાં રહેતાં પણ ભય વધતો. એટલે હવે તો ક્ષિતિજ ઉપર

દેખાતા દીવા તરફ જવાનો એક જ માર્ગ બાકી હતો. અથડાતા કુટાતા તે તરફ પગલાં લંબાવ્યાં અને આ એક જ વેળા ઇશ્વર મદદ કરે તો ફરી એવા અનુભવને અવકાશ ન આપવા મનમાં નિશ્ચય કરી નાખ્યો. હોકાયંત્ર કે દૂરબીન અત્યારે કશા યે ખપનાં ન હતાં. ધ્રુવના તારાને નજરમાં રાખી આઘે દેખાતા પ્રકાશ તરફ એક શ્વાસે ચલાવ્યું. રસ્તામાં કેટલાં યે ઝરણામાં સહવસ્ત્રે સ્નાન કર્યું. દિવસે જેને છાંયે ઘડી બેસવા મન થાય એવાં સુંદર વૃક્ષો અત્યારે ભૂતની ગરજ સારતાં હતાં! નાનીશી એ ટેકરીનો પરીઘ ફરી રહેતાં જોયું તો સહસ્ત્ર અગ્નિજ્વાળા પાસે અમે આવી ઉભા! અમે ધાર્યું કે 'તમસોમા જ્યોતિર્ગમય' નો સાક્ષાત્કાર થયો! ગિરનાર કે પાવાગઢ ઉપર ઘાસ સળગી શરૂ થતા દાવાગ્નિ જેણે જોયા હશે તે તરત જ સમજી જશે. ડુંગરામાં લાગતી લ્હાય તો ગિરિરાજનું સ્નાન હશે. દીવાઓ અમારી બાજુમાં રહી ગએલા. અગ્નિ માર્ગ આપે એમ તો ન જ હતું. એટલે પાછા વળી, અમે કુમકે આવતા ચંદ્રની વાટ જોતાં થોડો વખત એક ઝરણુ પાસે ગાળ્યો. છાવણીમાં કુતરાને ફેંકી દઇએ એવા બ્રેડના બાકી રહેલા ટુકડા હેવરસૅકમાંથી કાઢતાં મોંમાં પાણી છુટવા લાગ્યું.

આઠ નવ વાગ્યે ચંદ્રદર્શન થતાં મજલ શરૂ થઈ. વાતચીત કરવાના તો કોઇને હોશ જ શાના હોય? સૌ કોઈ બીજી પળે શું થશે તેની વાટ જોતું મુંગા-મુંગા માર્ગ કાપતું હતું. કસરત થતી તો યે પસીનો થતો નહિ; આવેગમાં થાક પણ જણાતો નહિ. આઘે દેખાતા દીવા પાસે આવતા ગયા તેમ નાડીનો વેગ વધવા માંડ્યો. દીવાને આધારે કોલમ્બસે જેમ અમેરિકા શોધ્યો તેવી જ રીતે અમે દીવાને આધારે ઇશ્વરકૃપા અનુભવી. સ્થાન તો ગામડામાં પણ ખપે એમ ન હતું. થોડાં ઝુપડાંઓમાં કેટલાંક કુટુંબો વસતાં. તંબુરામાંથી આવતા ઝીણા સુર સાથે ભળતાં તુકારામનાં ભજનોએ ઇશ્વરકૃપાનો સાક્ષાત્કાર કરાવ્યો. ભજન લલકારતી એ નાનકડી ટોળી પાસે પહોંચતાં તેઓ પણ અટક્યા. તેમને બોલવા વખત મળે તે પહેલાં જ અમારામાંથી એક જણે અમારી વિટમ્બણાનો આછો ખ્યાલ આપ્યો. વિલાયતી લેબાસ પહેરેલાં અમારાં પુતળાંમાંથી સંસ્કૃતમરાઠી વહેતી સાંભળી તેમને પણ અનુકંપા આવી. તેમનામાંનો એકાદ જણ વાટ દેખાડવા તત્પર થયો. મને તો બીક લાગી કે રખેને વાટ દેખાડવાને બ્હાને સાથે આવી લુટી લે! વગર પૈસે લીધેલાં સરકારી કપડાં લુટે તો વાંધો ન હતો. પણ શરીરની ચામડી કે લોહી લુટાય માટે જ અવિશ્વાસ આવતો હતો. પણ અમારા અવિશ્વાસુ અંતર કરતાં ગામડિયાનું ઉદાર હૃદય મહાન નીવડ્યું. ઠેઠ દેવલાલીની પાકી સડક પાસે અમને મુકી તે પાછો ફર્યો! ખરેખર, ઉપકારવશ થતું ભીનું હૃદય કેવું હોય એ તે દિવસે અનુભવ્યું.

મધરાતને સુમારે છાવણીમાં આવ્યા. રાતની 'મસ્ટર પરેડ' માં અમારી ગેરહાજરી જણાએલી, એટલે અમારા આગમનની ચિકિત્સાનું નાનું શું મોજું ઉછળી આવ્યું. નિદ્રાના ખોળામાં લપાતાં હું તો બધું જ વિસરી ગયો. મૃત્યુના ખોળામાં એ જ પ્રમાણે જીવન વિસરાતું હશે. મનુષ્ય જેને જીંદગી માને છે તે જગતમાં ભુલો પડેલો જીવાત્મા જ માત્ર છે, એની પ્રતીતિ થઈ.

જેના જીવનમાં તોફાન નથી તેના જીવનમાં આનંદ નથી. અનુભવ વિનાનું જીવન અણજીવ્યું છે. યુવાનોને જ્યાં સુધી સનાતન યૌવનનો ખ્યાલ નથી આવ્યો ત્યાં સુધી સ્વતંત્રતા કે સુંદરતા અંતરધ્યાન જ રહેવાની છે. ગુજરાત અકાળે વૃદ્ધ થતું જાય છે. તેની યુવાની માયાના પાશ નહિ તોડે ત્યાં સુધી વૃદ્ધ જ રહેશે. મનુષ્યમાંથી દેવ બનવાની ઇચ્છા કરવા કરતાં આપણે તો અત્યારે પ્રાણીમાંથી મનુષ્ય બનવાની ઇચ્છા કરવા જેવું છે.

'સૈનિક'

ઉજળાં લુગડાંનો આદર્શ

નિર્વાહનો પ્રશ્ન ભણેલા લોકોને કઠણ થાય છે તેનું એક કારણ એ પણ છે કે આપણે ઉજળાં લુગડાંના ધંધા જ શોધીએ છીએ. જો ભણતર જ જાતમહેનતમાં વિઘ્નરૂપ હોય તો તે ઉપયોગી નથી. પણ ભણતરને એવો દોષ દેવાની જરૂર નથી. આપણે ઉજળાં લુગડાંનો આદર્શ છોડીએ તો બસ.

ઓછી મહેનતે ખુબ કમાવું અને જુવાનીનાં થોડાં વર્ષોને સારી પેઠે ભોગવી લેવાં એ આદર્શથી આપણી મુશ્કેલીઓનો ઉકેલ નહિ આવે; પરંતુ પુરી મહેનત કરી સાદા પણ નીરોગી અને દીર્ઘાયુ થઇ શકે એવા જીવનના આદર્શ પ્રત્યે વળવું જોઇએ.
(ગુ. મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓને: શ્રી કિશોરલાલ મશરૂવાળા)

ક્લેશ મટાડવા ખુંધા શેઠ બંને વહુઓને વારાફરતી માર મારતા



મારી પોતાની વાત

સાણંદમાં અમારૂં ઘર ઢુંઢિયા (સ્થાનકવાસી) જૈનોની પાડોશમાં હતું એટલે પજુસણના દિવસોમાં દહેરાવાસી ‘ તપ્પા ’ જૈનોનાં મંદિરોમાં પણ અમે જતા. સ્થાનકવાસી જૈન સાધુસાધ્વીઓ મોઢે મુમતીઓ બાંધતાં અને અહિંસાનો ઉપદેશ વારંવાર કરતાં. સાણંદમાં જીવાતની રક્ષા કરવા માટે બે મોટા કોઠલા હતા. ઘઉં તથા કઠોળનાં જીવડાં ઘેરેઘેરથી એકઠાં કરી મહાજનનાં માણસો લઇ જતાં અને એ કોઠલાઓમાં નાખતા.

દેરાસરોમાં ભોજક લોકો ઘણીવાર હારમોનિયમ સાથે ભજનો ગાતા અને રાતને વખતે એ મંદિરો રોશનીથી ઝળાંઝળાં થઇ રહેતાં. એ મંદિરો જેવી સ્વચ્છતા અને સુગંધ શિવ, શક્તિ કે વૈષ્ણવમંદિરોમાં મેં કદિ જોયાં નથી. પરંતુ જૈનોની–અને તેમાં યે ઢુંઢિયા જૈનોની–હિંસા ન થાય તે માટે રખાતી અસ્વચ્છ રહેણીકરણીથી અમને બહુ કંટાળો આવતો. દાતણ પરાણે કરે, બરાબર નહાય નહિ અને એઠવાડનાં તથા પીશાબનાં પાણી પોળોમાં છુટાં ફેંકે. અહિંસાધર્મની આ અતિશયતાથી એમના ધર્મના બીજા ઉત્તમ સિદ્ધાંતોની પણ અમારા મન પર ઝાઝી અસર ન થઇ. વળી એમનામાં કન્યાવિક્રયનો ચાલ પણ બહુ ભયંકર હતો. તેમ છતાં એ લોકો પાડોશી તરીકે બહુ સારાં હતાં એ અમે કબુલ કરીએ છીએ. પરોપકારી, નમ્ર, માયાળુ અને પ્રેમાળ સ્વભાવને લીધે અમે ઘણાં વર્ષો થયાં હજી એમને ભુલ્યાં નથી. અને રખેનો ભુલાય જ નહિ. અમારા પડોશમાં રા—નામના એક શેઠ હતા એ ખુંધા હતા. પોતાની ખુંધ ખોટી ના દેખાય માટે ભપકાબંધ લુગડાં પહેરતા. ભલભલા વહેપારી અને શેઠિયાઓ હજારો રૂપિયા ખર્ચે તો યે એમને સ્ત્રીઓ નહોતી મળતી; જ્યારે આ રા—શેઠને બે બૈરીઓ હતી ! એમના ગૃહજીવનમાં પ્રવેશ કરવાનું પણ કંઇક સુભાગ્ય અમને પ્રાપ્ત થએલું ! પણ એ વાત જાણવામાં કંઇ માલ નથી. એમના ઘરના કલેશકંકાસથી તો તોબા ! વળી, ક્લેશ મટાડવા શેઠજી વહુઓને વારાફરતી માર પણ મારતા. પણ ખુંધા શેઠનો માર એટલે ભાજી મુળા જેવું ! ઝાઝું વાગે નહિ.

બીજા એક ગોધાવીના ગાંધી હતા. એમની હાથમાં રાખવાની લાકડી ભાંગી ગઇ હતી છતાં બદલતા નહિ અને ચીંથરાં બાંધીબાંધીને નભાવતા ! બહાર નીકળે અને એકાદ ચીંથરૂં છુટી જાય એટલે પાછા ધુળમાં કે કોઇને ઓટલે બાંધવા બેસે. છોકરાંનું ટોળું તો એમની આસપાસ વીંટળાએલું હોય જ; અને ‘ ગાંધી ગોધાવી, ગાંધી ગોધાવી ’ એમ બુમો પાડે. ગાંધી પાછા એવી લાકડી છોકરાંને મારવા ઉગામે ! છોકરાં નાસી જાય અને પાછા પેલા ચીંથરાંના બેત્રણ બંધ તુટે ! રોજ દિવસમાં ત્રણચાર વાર એ ગાંધી ગોધાવીનાં દર્શન થતાં.


સાણંદની નીશાળમાં એક વખત ઇનામનો મેળાવડો હતો. તે વખતે ગવાએલાં ગાયનોમાંના એની, બબ્બે લીટીઓ મને હજી યાદ છે. કહો તો ગાઇ બતાવું :

ખુશી ખુશી થયા, આજ સૌ અમે;
સર્વ શુભ સ્થાનમાં પધારીઆ તમે.

અને

વેલકમ, વેલકમ, વેલકમ રે,
રાવ સાહેબ, મામલતદાર, વેલકમ.

બાવળની ઝાડીમાં આવેલું ભદ્રેડી તળાવ અને વીરમગામ તથા અમદાવાદની સડકોના માર્ગ એ અમારાં ફરવા જવાનાં સ્થાનો હતાં. તળાવકિનારે સંખ્યાબંધ પંખીઓ કિલકિલાટ કરતાં એ સાંભળવાની તથા સડકો પરના વડની વડવાઇઓએ લટકવાની બહુ મઝા પડતી. અમદાવાદની કૅમ્પમાંથી ઘણીવાર ગોરાં લશ્કરોની પણ એ રસ્તે આવજા થતી અને તંબુ તાણી, છાવણીઓ નાખી એ લોકો સાણંદનાં ખેતરોમાં મુકામ કરતા, એ જોવા અમે બંને ભાઇઓ મિત્રો સાથે વારંવાર જતા.



વીરમગામના મુનસર તળાવ ઉપરની દહેરીઓ

કચેરીએ જતાં સાણંદ દરબારનો કહેવાતો મહેલ આવતો અને મહેલ પાસે બીજું એક તળાવ હતું. આ મહેલ પાસે ને તળાવ કિનારે પણ અમે બહુ ફરતા.

સાણંદનું રેલવે સ્ટેશન નેધરાડ ગામ પાસે હતું. તે સ્ટેશને બબ્બે પૈસાનાં એકલિયામાં બેસીને જવાતું. મોટી બહેન સાસરેથી આવે અને જાય ત્યારે અમે એને લેવા અને મુકવા આ સ્ટશન પર દર વખતે જતા. બેન જાય ત્યારે રડીએ અને આવે ત્યારે રાજી થઇએ.

એક અંબારામ પુંજાનું ઘર હતું. એની ભીંત રસ્તા પર પડતી. એ ભીંત પર કડિયા લોકોએ ચિત્રો દોર્યા હતાં. જતાંઆવતાં તમામ સ્ત્રી પુરુષો એ ચિત્રો જોતાં, અમે બાળકો તો નીરાંતથી એ ચિત્રો જોવા ઉભાં રહેતાં. એમાં ભાતભાતનાં રંગોથી મોર, પોપટ, વેલબુટ્ટા, વગેરે ચીતર્યા હતાં; પણ એ સૌમાં એક ચિત્ર આગળ તરી આવતું હતું. એની નીચે મોડકી ભાષામાં લખ્યું હતું કે 'ભેમ અમલ પપલ રમ છ' એટલે કે 'ભીમ આમલી પીપળી રમે છે.' કૌરવના સો ભાઇઓ સાથે એકલો ભીમ થડ ઝાલીને ઉભો હતો અને પેલા ભાઇઓ ડાળોમાં દોડાદોડી કરતા હતા. પ્રમાણનાં કે શરીરરચનાનાં ઠેકાણાં નહિ, છતાં આ ચિત્ર એકેએક બાળકને બહુ જ રસ ઉત્પન્ન કરાવતું હતું.

પણ આ બધાં કરતાં સાણંદનું સૌથી સરસ સ્થાન તો હજારી માતા. એ ગામથી દૂર છે. માતાજીના ઉંચા ઓટલા પર બેસીને ક્ષિતિજ જોઇએ, ઢોરોનાં ધણ જોઇએ અને ઝાડમાંથી આથમી જતા સૂર્યનાં દર્શન કરીએ. જીંદગીમાં સૌથી પહેલી ભવાઇ મેં હજારી માતા પાસે જોએલી. ભુંગળો વાગે; 'હાકરીઓ કણસારો આવે; બેડાં ને બુઝારાં લાવે; તાતા થેઇ! થેઇ!' થાય; છોકરાઓ છોકરીઓના વેષ કાઢે; ભવૈયા કાકડા ફેરવે; "જોગીને વેષે રાવણ આયો ને દશ માથાનો દૈત્યરે, હાથમાં તે પવનપાવડી જઇ સીતા પાસે માગી ભીખ" વગેરે ગવાય અને ઠેઠ વહાણાં વાયા સુધી એક પછી એક વેષો ભજવાયે જાય. નહિ એમાં ટિકિટ કે જુદા જુદા વર્ગો. ગરીબ-તવંગર, નાનાં-મોટાં, સૌને સાથે બેસીને જોવાનું. ભવાઇનો ખરાબમાં ખરાબ ભાગ તેની બીભત્સ ભાષા હતી. બાકી નાચ, ગાયન, અભિનય વગેરે સારાં અને કોઈ કોઇવાર તો અત્યારનાં નાટક કરતાં પણ ચડી જાય એવાં લાગતાં. ભવાઇની પડતી એની ભાષાને લીધે થઈ છે.

સાણંદમાં મારા માસા મામલતદાર હતા. એ ભલા, દયાળુ, ધાર્મિક અને નિરભિમાની હતા. અમલદા-

રીનો તોર એમનામાં નહોતો. એ ગણપતીપૂજન કરતા અને વર્ષોવર્ષ ગણપતીની સુંદર મૂર્તિને સરઘસમાં ફેરવી તળાવમાં પધરાવતા. ગણપતીપૂજનનો સમય અમારે મન ઉત્સવ જેવો લાગે. એ વખતે માશીને ઘેર, એમનાં છોકરાં અને અમે બધાં એકઠાં રહીએ. મોસાળમાં ભેગાં રહેતાં એ દહાડા યાદ કરીએ. ખાવા પીવાની મઝા પડે અને સરઘસ વખતે અમદાવાદથી બૅન્ડ વાજા આવે તે સાંભળીએ. અમે મશિયાઇ ભાંડુઓ એકઠાં હોઇએ એટલીવાર નિશાળને રામરામ ! કોપરા ને ખાંડના પ્રસાદ અને શેરડીઓ પેટ ભરીને ચુસવાની.

દેવકરણ નામના એક ગાંધી હતા. એમની દુકાને કાજુ, આલુ, અંજીર વગેરે સારાં મળતાં. દુકાનેથી જ્યારેજ્યારે એ ઘેર જાય ત્યારે થોડા કાજુ ગજવામાં ઘાલતા આવે. ચાલતા જાય અને અક્કેક દાણો ખાતા જાય. પાછળ એમનો જ નાનો છોકરો દોડતો જાય અને કાજુ માગે; પણ દેવકરણ પોતે ખાય પણ એને આપે નહિ, અને છોકરો રડે ! મારી બાએ એક દહાડો પુછ્યું, 'દેવકરણ ગાંધી, આ શું કરો છો ? તમે ખાઓ છો ને બીચારા છોકરાને કેમ ટટળાવો છો ?' દેવકરણ કહે, 'જુઓને બા, મને એ ખાવા નથી દેતો ! એને તો હજી ખાવાના ઘણા ય દિ છે અને મારે કંઈ કાઢ્યા એટલા કાઢવા છે ? !'

જૈન ભાઇઓનિા સંગથી તીર્થંકર નેમીનાથ અને રાજેમતિની વાત અમે જાણેલી. તેની અસર હૃદયભેદક હતી. નેમીનાથ ખુબસુરત રાજકુંવર હતા. વિદ્યા અને લક્ષ્મી એમની પાસે અપાર હતાં. સુંદર રાજકુમારી રાજેમતિ સાથે એમનાં લગ્ન થવાનાં હતાં. ધામધુમ સાથે જાન નીકળી અને રાજેમતિના મહેલમાં પેસે છે એટલામાં જાનનાં માણસોને જમાડવા માટે અસંખ્ય પશુપંખીઓને પાંજરાંમાં પુરેલાં નેમીનાથે દીઠાં. પોતાને જ માટે આટલી હિંસા થવાની જાણી એમનો અંતરાત્મા કકળી ઉઠ્યો. એ પશુપંખી જાણે એમના કાનમાં પુકાર કરી રહ્યાં છે એમ લાગવાથી એમણે જાન પાછી વાળી અને દીક્ષા લીધી. રાજેમતિએ પણ એમની પાછળ સંસાર છોડ્યો અને એમણે પણ દિગંબરી રહી આત્મજ્ઞાન મેળવ્યું ! આવા કથાપ્રસંગો પેલા ભોજક લોકો મંદિરોમાં પણ ગાતા અને કરુણ રસ રેલાવતા.

સાણંદથી અમે વીરમગામ ગયા અને ત્યાં છએક મહીના રહ્યા હઇશું.. ત્યાંનું મુનસર તળાવ સિદ્ધરાજ જયસિંહની માતા મીનળદેવીનું બંધાવેલું છે. શંખ જેવો એનો ઘાટ છે અને કિનારે એકએક વિષ્ણુ અને એકએક શંકરનું એવાં ૧૦૮ મંદિરો છે. વચમાં મુનસરી માતાનું મોટું મંદિર છે. પણ એ દેવીની સ્થાપના પાછળથી થઇ લાગે છે. મંદિરોમાં શિખરના ઉપલા ભાગમાં ગોળ કાણાં છે એમાં, મુખ્ય મંદિરમાં આરતી થતી તે વખતે તમામ મંદિરના ઘંટારવ થાય તે માટે તાર બાંધેલા હતા એમ કહેવાય છે. હાલમાં એ તમામ દેરીઓ ભાંગીતુટી અને મૂર્તિઓ ખંડિત હાલતમાં પડી છે. છતાં દેરાં ઉપર સ્થળે સ્થળે જોવાતી અપ્સરા અને નર્તકીની મૂર્તિઓના હાવભાવ તથા ખંડિત મૂર્તિઓના પણ અંગમરોડ મનોહર છે અને બારીક નિરીક્ષણ કરનારના મનમાં ગુજરાતની શિલ્પકળા માટે ગૌરવ ઉત્પન્ન થાય એવું છે.

આ અને ગંગાસર તળાવને કિનારે અમે બહુ ફરેલા. પાછળથી પણ ત્રણચાર વખત આ સ્થળ ફરી ફરીને મેં જોયું છે અને પ્રજાઓની ચડતી પડતી તથા સંસારના વારાફેરાની મર્મભેદી વાતો કરી છે.

વીરમગામનાં નિશાળ, લાયબ્રેરી, કોટ, કચેરી દવાખાનું તથા સડકો અને વૃક્ષો એ દિવસોમાં આકર્ષક લાગતાં. મહેસાણાની રેલવે સડક બંધાતી એના પરની લારીમાં પણ અમે બેસી આવ્યા છીએ અને સીપાઇસપરાંના ઝાંસા લપકા ખાધેલા છે !

ગામ વચ્ચે કાશીવિશ્વનાથ મહાદેવ છે. એની ધર્મશાળામાં એક નાટક મંડળી આવી હતી. અહીં મેં મારી જીંદગીમાં પહેલવહેલું નાટક જોયું. નાટક 'ઈંદર સભાનું' હતું. ફારસ બે હતાં; એમાં શરૂઆતમાં ગણપતિ પણ આવતા. આખું નાટક પુરૂં થઇ ગયું, પરંતુ નાટકનો વિષય શો હતો તેની તો મને હજી લગી સમજણ જ નથી પડી ! હા, એમાં લાલ દેવ આવતા, કાળા દેવ આવતા, ગુલ્ફાંઉ પરી, સબ્જ પરી વગેરે પરીઓ આવી નાચ કરી જતી અને એકાદ પરીની તો ઇંદ્ર રાજાએ પાંખો પણ કાપી નાખી હતી,—આટલું યાદ છે. પછી એ જ કંપનીના 'ગોપીચંદ લડકા,' 'ભરથરી,' 'ગુલબંકાવલી' અને 'રા'ખેંગાર રાણકદેવી' નામનાં નાટકો પણ જોયાં હતાં. **હરિપ્રસાદ દેશાઇ**


જ્ઞાનલીલા

આસોની જ્ઞાનલીલાના પુરા સાચા જવાબ આ બે મહીનામાં કોઇએ પણ મોકલ્યા નથી. ખરા જવાબો નીચે મુજબ :



(૧) કાગળના ટુકડાઓ જોડીને બનાવેલું કાંગારૂ બાજુમાં. (૨) ઉછંગ, ગરક, તીરછું, પ્રમાદ જાસુસ: એ પાંચે શબ્દોના પ્રથમ અક્ષરો મળીને 'ઉગતી પ્રજા' બને છે. (૩) પડછ.યો. (૪) કનુ ૯ વર્ષનો; મનુ ૧૨ વર્ષનો. (૫) કમળ. (૬) પૈસા ને પૈસાનો ગુણાકાર ન થાય. (૭) ઘડિયાળ સવારના ૮થી સાંજના ૫ સુધીના ૯ કલાક ગરમીથી ઉતાવળી ચાલતી અને સાંજના ૫ થી સવારના ૮ સુધીના ૧૫ કલાક ઠંડીથી મોડી પડતી

નવા સવાલ



(૧) લંબચોરસ કાગળમાંથી કાપી કાઢેલા આ ૭ ટુકડાઓને એવી રીતે ગોઠવો કે તેનો એક ચોરસ બની રહે. (૨) દુનિયામાં એવું શું છે જેને મુખ છે છતાં બોલી નથી શકતું? (૩) થોડીક કહેવતો ગુંચવાઇ ગઇ છે; (૧) એ તો એમ યથા વર વાતે ગાઇ હીચચેથ (૨) ગઢે ઘામો મને ગાળ નયણું બં (૩) ડાયા ખાને કણ દય (૪) શંભૂ છાને તડાક કામંણ (૫) રમા રમા તેય કશય. (૪) મારી પાસે દાડમનો ટોપલો જોઈ મનુ, કમુ, વિનુ ને રમુ ચાર બાળકો દોડી આવ્યાં. ટોપલામાં જેટલાં દાડમ હતાં તેનાં અરધોઅરધ ઉપરાંત એક વધારે દાડમ મેં મનુને આપ્યાં. આ જ રીતે મેં બીજાં ત્રણ બાળકોને પણ દાડમો આપ્યાં ત્યારે ટોપલામાં એક પણ દાડમ વધ્યું નહિ, તો ટોપલામાં દાડમ કેટલાં હશે? (ન. ના. શાહ) (૫) ૧૯૨૬ના જાન્યુઆરીની પહેલી તારીખથી એક બીબાં ગોઠવનાર બે રૂપિયાના રોજે કામ કરવા રહ્યો. તેના શેઠે એવી શરત કરી કે જે દિવસે એ કામપર ન આવે તે દિવસની રોજી ન મળવા ઉપરાંત એક રૂપિયો તેનો દંડ થાય. આ શરત કબુલ રાખી કામ કરતાં માર્ચની ૩૧મીએ પૈસાનો હિસાબ કરતાં તેને રોજના એક રૂપિયાના હિસાબે પૈસા મળ્યા; ત્યારે તેણે કામ કેટલા દિવસ કર્યું ને ગેરહાજર કેટલા દિવસ રહ્યો? (૬) કેટલાકેટલા વાલનાં ચાર તોલાં વડે એક વાલથી માંડીને એક તોલા સુધીનું વજન થઈ શકે? (૭) ૧થી ૯ સુધીના આંકડા અને મીંડું એવી રીતે ગોઠવો કે તેનો સરવાળો ૧ થાય.

વનસ્પતિની નિદ્રા



ઝાડ, છોડ, ઘાસ ઇ. ને નથી વાણી કે નથી ગતિ. એને બીચારાંને આપણી જેમ આંખ, કાન, મોઢું વગેરે અવયવો પણ નથી. તો પછી વનસ્પતિ નિદ્રા કેવી રીતે લેતી હશે એ પ્રશ્ન થાય એ સ્વાભાવિક છે. પણ તે નિદ્રા લે છે એ વાત પણ એટલી જ સ્વાભાવિક છે. ઝાડનાં પાંદડાં, ફુલ, ઈ. પણ ઉંઘ તો લે જ છે.

કેટલાક માણસો ઉંઘમાં ઘોરે છે, કોઇ દાંત કકડાવે છે, કોઇ વળી બકે પણ છે. વનસ્પતિની બાબતમાં તેમ નથી. એ નથી બકતી કે નથી ઘોરતી. ઉંઘમાં તો શું પણ જાગૃતાવસ્થામાં યે તમે તેનાં પાંદડાં અથવા ડાંખળી તોડો તો તે બીચારી એક અક્ષર પણ બોલતી નથી. એની ઉંઘ નિઃશબ્દ હોય છે એટલે આપણને લાગે છે કે તે ઉંઘતી જ નથી, પણ તેને યે ઉંઘ તો લેવી જ પડે છે.

આપણા આયુષ્યમાંથી ઉંઘનો વખત તદ્દન નકામો જતો હોય એવું આપણને લાગે છે પણ એમ માની લેવામાં આપણી ભૂલ થાય છે. તમે હરો છો, ફરો છો, રમો છો, કામ કરો છો ત્યારે તમારૂં શરીર ઘસાતું તો જાય જ છે, કારણ હાથપગથી નહિ તો મગજથી, પણ તમારૂં કામ તો ચાલુ જ હોય છે. જ્યારે જ્યારે તમે એકાદ પાછલું સંભારણું કરો છો, પુસ્તકો વાંચો છો અથવા વિચાર કરો છો ત્યારે ત્યારે તમારૂં મગજ ક્ષીણ થતું જ જાય છે, અને એ ક્ષીણતા ભરી કાઢવા માટે ઉંઘની બહુ જ આવશ્યકતા રહે છે.

માણસની પેઠે જ ઝાડ, ઘાસ ઈ. સર્વે વનસ્પતિઓને પરમેશ્વરે પોતપોતાનાં કાર્યો નીમી આપેલાં હોય છે. તેમને જમીનમાંથી રસ શોષવાનો હોય છે, સૂર્યમાંથી ઉષ્ણતા અને પ્રકાશ લઇને, આપણે જેમ ખાધેલું પચાવીએ છીએ તેમ તેમને પણ લીધેલો રસ પચાવવો પડે છે, કળીઓને ખીલવીને તેનાં ફુલો તૈયાર કરવાનાં હોય છે અને પતંગિયાં ને મધમાંખી જેવા અતિથિઓ માટે પોતાનાં મધુર રસની મિજબાની આપવાની હોય છે. એવાં અનેક દૃશ્ય અને અદૃશ્ય કાર્યો તેમને

કરવાનાં હોય છે. આ કાર્યો કરવાથી આપણી જેમ જ એમનું શરીર પણ ક્ષીણ થતું જાય છે અને એમને પણ આપણી જેમ જ થાક લાગે છે. એ ક્ષીણતા–ઘસારો–ભરી કાઢવા માટે એમને પણ વિશ્રાંતિ–ઊંઘની જરૂર પડે છે. એના વિના તે જીવી જ ન શકે.

જેમને દિવસે કામ કરવાનું હોય છે એમને રાત્રે સુવું પડે છે ને જેમને રાત્રે કામ કરવાનું હોય છે એમને દિવસે સુવું પડે છે. દાખલા તરીકે નાટક તમાશા કરનારાઓ, ચોકીદારો, અને ખાસ કરીને ચોરો, એ બધાને રાત્રે કામ કરવાનું હોવાથી દિવસે ઉંઘવું પડે છે. પશુઓમાં પણ ગાય, ભેંસ, બકરાં ઇ. દિવસે કામ કરીને રાત્રે સુવે છે ને વાઘ, વરૂ, શિયાળ વગેરેને રાત્રે ધંધો કરવાનો હોવાથી દિવસે સુવું પડે છે. કેટલાંક પ્રાણીઓ તો વરસના આઠ મહીનામાં પોતાનો ખોરાક મેળવીને બાકીના ચાર મહીના આરામથી સુવે છે. દાખલા તરીકે સાપ, મધમાખી, વગેરે આઠ મહીનામાં ખોરાક મેળવીને શિયાળાના ચારે મહીના ઉંઘ્યા જ કરે છે. એ જ પદ્ધતિ કેટલીક વનસ્પતિ પણ વાપરે છે. વનસ્પતિની ઉંઘમાં તેનાં બધાં પાંદડાં ગળી પડે છે ને માત્ર ઠુંઠું જ ઉભું રહે છે. એથી આપણને લાગે છે કે એ સુકાઇ ગઈ છે પણ ખરી રીતે તેમ નથી હોતું. એ મરી ગયેલી નથી હોતી, પણ ઉંઘી ગયેલી હોય છે. ઉનાળામાં તે પાછી જાગૃત થાય છે ને કામે લાગી જાય છે. ફરી તેને નવાં કુંણાં પાંદડાં ઉગે છે, મ્હોર આવે છે અને ફળો પણ થાય છે. દ્રાક્ષના વેલાનું બરાબર આ જ પ્રમાણે થાય છે.

આમળા, આમલી, બકુલ વગેરે ઝાડો દિવસે કામ કરી રાત્રે સુનારાં હોય છે.

લજામણીનો છોડ તમે જોયો હશે. એ કેવળ શરમાળ જ નથી પણ ઉંઘણશી યે બહુ છે. નાનાં છોકરાંઓ, જેમ દિવસમાં કેટલી યે વાર ઉંઘે છે ને પાછાં ઉઠે છે, તેમ આ લજામણી શરમની મારી પાંદડાં મીંચી રાખતાં રાખતાં ખરેખર ઉંઘી જાય છે. ઝાડો ઉંઘે છે કે જાગે છે એ જાણવાની એક સહેલી રીત છે. એમનાં પાંદડાં જ્યારે મીંચાયેલાં હોય ત્યારે જાણવું કે તે ઉંઘે છે. આમલીનાં પાંદડાં તમે જોયાં હશે. રાતને વખતે તમે જોશો તો તમને દેખાશે કે એનાં પાંદડાં એકબીજા સાથે બાથ ભીડીને સુઇ જાય છે. પણ એ જ પાંદડાં જાગતાં હોય છે ત્યારે છુટાં હોય છે. આમળાના પાંદડાં પણ આ જ રીતે ઉંઘે છે.

ઉંઘતી વખતે ઝાડનાં પાંદડાં ચોંટેલાં હોય છે તેનું કારણ શું એમ કદાચ પ્રશ્ન થાય; પણ તમે જરા વિચાર કરશો તો તમને તરત જ તેનું કારણ સમજાઇ જશે. રાત્રે હવા ઠંડી હોય છે ત્યારે તમે ગોદડું ઓઢીને સુઇ જાઓ છો એમાં તમારો હેતુ શું હોય છે? તમારી શરીરની ઉષ્ણતા સાચવવાનો જ ને? જેમને ઓઢવાનું કે પાથરવાનું નથી મળતું એવા અનેક ગરીબ લોકો બીચારા પોતાનાં શરીરનાં ટુંટિયાં વાળીને સુઈ જાય છે. ટાઢના દિવસોમાં કુતરાં પણ એમ જ ઉંઘ લે છે, સરપ પણ પોતાનું ગુંચળું વાળી એમાં માથું નાખી સુઈ જાય છે. આ બધાનો મુખ્ય હેતુ એ જ છે કે શરીરની ઉષ્ણતા બહાર ન જાય. કુતરાં, બીલાડાંને પગ હોય છે, વનસ્પતિને તે પણ નથી હોતા. એટલે તે બીચારી પોતાનાં પાંદડાં મીંચીને શરીરમાંની ગરમી સાચવી શકતી નથી. વનસ્પતિ દિવસે સૂર્યમાંથી લીધેલી ગરમી સાચવી રાખી, તેનો ઉપયોગ રસને પચાવવામાં કરે છે. એ ગરમી જો રાત્રે ચાલી જાય તો તેને ખાધેલું પચે નહિ ને મરવાનો વખત આવે.

વનસ્પતિ પ્રમાણે ઘણા ફુલો પણ દિવસે કામ કરી રાત્રે ઉંઘ લેનારાં હોય છે. દાખલા તરીકે કમળ લ્યો. તમે આખું બ્રહ્માંડ ફરી વળશો તોપણ રાત્રે તમને ખીલેલું કમળ નહિ મળે. આથી ઉલટું નિશિગંધ, ચમેલી, વગેરે ફુલો દિવસે ઉંઘીને રાત્રે ખીલનારાં હોયછે.

ફુલોનો વ્યવહાર પતંગિયાં, મધમાખી ઇ. કીટકોની સાથે ચાલતો હોય છે. ફુલો આ કીટકોને પોતાનો મધુર રસ આપે છે ને બદલામાં તેમની પાસેથી બીજા તરફથી આવેલી પરાગ લે છે. આ પરાગ જો ઝાડોને ન મળે તો તેમને ફળ જ ન થાય. આ પણ એક જાતની દુકાનદારી જ છે.

દિવસે ઉંઘીને રાત્રે ખીલનારાં ફુલોનો રંગ ઘણુંખરૂં સ્વચ્છ ધોળો હોય છે. લીલાં, ભુરાં કે લાલ રંગનાં ફુલો રાત્રે કોઇક જ ખીલે છે. આનું પણ કારણ છે.

[અનુસંધાન સામેના પાનાને છેડે]



સલામ સાહેબ

આફ્રિકાના પત્રો

પાછા શરૂ થાય છે

તા. ૨-૫-૨૪

તા. ૧૬ મીએ તમને સૌને કાગળો લખી જમ્યા બાદ છેલ્લે કાગળે મારી સફર શરૂ થઇ. આ વખતે તો પુરા ૧૦ દિવસ સુધી મોટર એ જ મારૂં ઘર હતું; ફક્ત રાતના છ સાત કલાક પથારીમાં જાય એટલું.

સૌથી પહેલા અમે કમલી ગયા. કમલી જીન્જાથી આશરે પોણોસો માઇલ દૂર થાય. આ કમલી ગામમાંથી શેઠ નાનજીભાઇની ચડતીનો પાયો નંખાયો એમ મનાય છે. સૌથી પહેલાં આ ગામમાં તેમની એક દુકાન હતી. અહીં લોકો વાતો કરે છે કે દુકાનનો માલ લેવા માટે નાનજીભાઇ ચાલીને કમલીથી જીન્જા એક દહાડામાં પહોંચતા અને કોઇકોઇ વાર તો રાતોરાત પાછા જઇ સવારે કમલીની દુકાનપર દેખાવ દેતા. પાછળથી તેમણે એક સાઇકલ ખરીદ કરેલી. જીન્જાથી કમલી જતાં એક મોટો ઢાળ આવે છે; એવો જબરો કે આ ઢાળપર કોઇ પણ સાઇકલ હાંકનાર હેઠો ન ઉતરે તો જરૂર પડે અને મરે. એ દિવસોમાં એક નાનજીભાઇ અને બીજો એક કાળો દેશી બે જ એવા હતા કે જેઓ જતાં તેમ જ આવતાં આ ઢાળમાં પણ હાંકયે જતા. સમય જતાં નાનજીભાઇએ કમલીમાં એક જીનેરી બાંધી અને આ જીનેરીમાં નસીબે તેમને યારી આપી. હજી પણ નાનજીભાઇની જુની દુકાન હયાત છે. કમલીની જીનેરી નાનજી શેઠની બધી જીનેરીઓમાં પહેલા નંબરની ગણાય છે.

જીનેરીનું મકાન નીચાણમાં છે પણ રહેવાનો બંગલો ઉંચે ટેકરીપર છે. આ બંગલામાંથી સવારના ઉઠીને જોતાં આસપાસનું દૃશ્ય બહુ મનોહર લાગે છે. આ જગ્યાએ પાણીનું બહુ દુઃખ છે; કોઇકોઇ વાર તો પાણી માટે બહુ રાહ જોવી પડે અને મળે ત્યારે મેલું તેમ જ ગંધવાળું. અહીં કામ કરનારા માણસો મોટે ભાગે માંદા જ રહે છે.

કમલીની જીનેરીના તાબામાં બીજી ત્રણ નાની નાની જીનેરીઓ છે ત્યાં પણ અમે ગયા હતા. અહીં એક જીનેરીમાં આપણા જુના વિદ્યાર્થી મથુરદાસ ગોપાળજી કામ કરે છે. તેમને કપાસની ખરીદ પર રાખ્યા છે. હું તો તેમને ઓળખી જ ન શકયો. વળદાર બાવડાંવાળા, ધીમી ઉદ્ધત ગતિથી ચાલનારા અને આંખમાં ખુનવાળા ભવનના મથુરદાસ કયાં અને કયાં આ પીળા થઇ ગયેલા, માપના કપડાં પણ જેમને મોટાં પડતાં હતાં એવા દીન મથુરદાસ! યુગાન્ડામાં તો જીવતરને મૂલ્યે દ્રવ્ય વેચાય છે. જીન્જાથી બુધવારે નીકળ્યા હતા તે શુક્રવારે બપોરના અમે નામીંઢવા પહોંચ્યા.

અમારી સાથે ફોર્ડનું ઠોઠિયું હતું. ફોર્ડના ખરા સ્વાર તો મથુરદાસભાઇ; એ ગયા એટલે હાંકવાનું કાર્ય મિ. મહેતાને હાથ આવ્યું. હું તથા ચુનીભાઇ અંદર હતા. મિ. મહેતા કાંઇ મોટર હાંકવામાં ઉતરે

દુકાનદારોને ઘરાક પોતાની પાસે આવે એવી ઇચ્છા હોય છે એટલે તે ઘરાકોનું મન હરવા માટે સુંદર, મનોહર, રંગબેરંગી પાટિયાં પોતાની દુકાને ચોડે છે, છબિયો લગાડે છે ને ચિત્રો કાઢે છે. કોઇ પણ રીતે ઘરાક પોતાની પાસે આવે, એ તેમની ઇચ્છા હોય છે. ચિત્રવિચિત્ર રંગનાં ફુલો દિવસે ખીલે છે એનું કારણ પણ એ જ છે. તેમને પોતાનાં ઘરાકો—પતંગિયાં, મધમાખી વગેરેનું ચિત્તહરણ કરી પોતાની પાસે લાવવાં હોય છે. એને માટે એમને ચિત્રવિચિત્ર રંગો ધારણ કરી રૂપાળાં દેખાવું પડે છે. રાત્રે અંધારામાં ધોળા રંગ શિવાય બીજા એકેય રંગ દેખાતા નથી, એટલે રાત્રે ખીલનારાં ફુલો ધોળાં જ હોય છે. પતંગિયાં દિવસે રંગથી આકર્ષાય છે, રાત્રે સુવાસથી. એટલે જ રાત્રે ખીલનારાં ફુલોની સુવાસ દિવસે ખીલનારાં ફુલોમાં હોતી નથી. રાત્રિફુલો રાત્રે દુકાનદારી ચલાવી દિવસે ઉંઘે છે ને રાત્રે પાછાં જાગે છે. આમ એમનો ક્રમ ચાલ્યા જ કરે છે.

[મરાઠી ઉપરથી]

એવા તો નથી જ પણ આ ગાડી જ વિચિત્ર ત્યાં શું કરે ? ગાડીને બત્તીનું તો ઠેકાણું નહિ; અવાર નવાર એક આંખ તો વીંચી જાય. બ્રેકો બંને તુટી ગયેલી એટલે ધાર્યા પ્રમાણે વળે જ નહિ; અને અધુરામાં પુરૂં, આ તરફનાં નાળાં અને પૂલો. અહીંના પૂલ એટલે નાળા ઉપર ઝાડનાં થોડાં ડાળાં કાપીને નાંખ્યા હોય અને તે ઉપર માટી ટીપી દીધી હોય, બસ. કુદરતનો આ સેતુ કયે વખતે તુટશે અને ગાડી નાળામાં પડશે તે કહી શકાય જ નહિ. પૂલની એકે ય બાજુએ પડતી ગાડીને અટકાવવા માટે કઠોડો કે દિવાલ તો હોય જ શાની ? હજી થોડા દિવસ ઉપર જ એક નાળામાં મોટર પડી ગઇ હતી. નાળામાં પાણી તો ઢીંચણસમું હતું પરંતુ મોટરમાંથી એક દસ વર્ષની છોડી બહાર નીકળી ન શકી અને સાતેક મિનિટમાં તો ગુંગળાઇને મરી ગઇ.

નામીંદવાથી ઉપડ્યા તે પાલીસાના ન્યાન્ઝામાં (નાઇલ નદીનું બનેલું એક સરોવર) અમારી મોટર સ્નાન કરવા ઉતરી પડી. ન્યાન્ઝામાં પાણી તો હતું પણ ઘાસ પણ માથોડું માથોડું હતું. ન્યાન્ઝો ઉતરતાં ટુંબી કાંઠે આવી અને મોટર બહાર નીકળવા જાય એટલામાં તો હેન્ડલ ફરી ગયો અને સ્વાહા !

આશરે ૨૦ માણસોની મદદથી મોટરને અમે બહાર કાઢી—અમારાં શરીરને બહાર કાઢ્યાં એ પણ નોંધ તો લેવી જ પડશે. રાત પડી હતી, દેડકાંઓ ડ્રાંઉ ડ્રાંઉ કરી રહ્યાં હતાં અને શ્વાસોશ્વાસમાં હવાનો ઉપયોગ થાય છે કે મચ્છરોનો તે નક્કી કરવું મુશ્કેલ હતું. અમારી સવારી ચાલી.

વાતો કરતા કરતા અમે ચાલ્યા જતા હતા તેવામાં અચાનક એક મોટો આંચકો અમને લાગ્યો અને અમે એકબીજા સાથે તેમ જ મોટર સાથે ખુબ જોસથી અથડાયા. એકેક મિનિટ પછી જોયું ત્યાં તો એક મોટા ઝાડના વળી ગયેલા થડ ઉપર અમારી મોટર ચઢી ગયેલી. રસ્તાની બીજી બાજુ એક મોટી શિલા. એ શિલાથી બચવા માટે મિ. મહેતાએ મોટરને જરા વાળી હશે ત્યાં તો ગવર્નર હાથમાં ન રહ્યો અને રસ્તાપરથી ઉતરી નીચે ઝાડ સાથે અથડાણી. મોટરનો અકસ્માત કેવો થાય તેનો મને તો આ પહેલો પદાર્થપાઠ. અમારી મોટર તો ઝાડનાં થડને વાળીને તેના પર સ્વાર થઈ ગયેલી. બત્તીમાંથી એક તો ખોટી જ હતી; બીજી બત્તી ઝાડના થડથી અડધો ઈંચ જેટલી છેટે રહેવાથી બચી ગઇ. આગળના ભાગના બે કાચો કેવી રીતે બચી શક્યા તે હું કહી શકતો નથી. અમને સૌને તો એક સખ્ત આંચકો લાગ્યો અને એકનું માથું તો બીજાનો ગોઠણ તો ત્રીજાની ભ્રમર એમ છોલાયાં. અમે નીચે ઉતર્યા, એક બીજાની સલામતી પુછવા લાગ્યા અને ગાડીને પણ તપાસવા લાગ્યા. મહા મહેનતે ગાડીને ઝાડથી જુદી પાડી અને શરીરના જુદાજુદા અવયવોને પંપાળતા પંપાળતા ગાડીમાં બેઠા.

મોટર ચાલી.

રાત્રિના ૧૦॥–૧૧ વાગે મબાલે પહોંચ્યા અને નારણદાસ રાજારામની ઑફિસમાં શ્રી૦ ચતુરભાઇને ઘેર ઉતર્યા. રાતની રાત તો પડ્યા રહ્યા.

શનીવારની સવાર પડી. ઉઠીને ઓટલાપરથી જોઉં તો કેવો સુંદર દેખાવ ! સામે જ મબાલેનો પહાડ, રમતાં કુદતાં ઝરણાં, કોઇ વનદેવતા બગાસાં ખાતો હોય તેમ પહાડની ખોણમાંથી નીકળતું ધુમસ, સદાય લીલીછમ વનસ્પતિ, આવા પહાડના ખોળામાં સુતેલું મોજાંની ગતિથી ભાંગના રસ્તાઓવાળું મબાલે, અને એ મબાલેની પેલીમેર, દૂર દૂર ગગન સાથે મળી જતાં માઉન્ટ એલ્ગનનાં સમાધિસ્થ શિખરો.

મબાલે એ બુકેડી ડિસ્ટ્રિક્ટનું મુખ્ય શહેર છે અને માઉન્ટ એલ્ગન એ ડિસ્ટ્રિક્ટની નજીકનો જ્વાળામુખી પર્વત છે. એ પર્વત આશરે સાડાચૌદ હજાર ફૂટ ઉંચો છે અને તેનું મુખ જોવા માટે આજે પણ ઘણા પ્રવાસીઓ જાય છે. હું ત્યાં જવાનો વિચાર કરી રહ્યો હતો પરંતુ મોમ્બાસા તા. ૨૩–૫–૨૪ ના રોજ છેવટ પહોંચવાનું હતું એટલે કાર્યક્રમમાં સમાસ કરી શકયો નહિ.

હવે અમે મબાલેની આસપાસનાં ગામડાંઓમાં નીકળી પડ્યા. મોટરમાં સાત ભાયડા ભેગા થયા, એકલો હું જ એકવડી કાયાનો. શનીવારે સવારે સાડા આઠે નીકળ્યા તે બપોરના ચાર વાગે એક ગામમાં એક પારસીને ત્યાં મુકામ કર્યો. રસ્તામાં ફંડ તો થતું જાય અને મુક્કામુક્કી, વાગ્યુદ્ધ, અટ્ટહાસ્ય, વગેરે તો હોય જ. આ પારસીભાઈ બહુ અચ્છા આદમી હતા. તેમણે અમારૂં સ્વાગત કર્યું અને જોઇતો હતો તેને

દારૂ પણ પુરો પાડ્યો. મારે તો આખો દિવસ પીચ (Peaches) ઉપર જ રહેવાનું હતું. અહીંથી અમારો મુકામ રાત્રિના નવ વાગે ઉપડ્યો, કારણ કે એ ભાઇને ત્યાં સુવાની સગવડ નહતી અને ગામમાં બીજેથી સુવાનું આમંત્રણ ન હતું.

રાત્રિના બાર વાગે અમે એક જીનેરીમાં પહોંચ્યા. આ જીનેરી ભાવનગરના એક ખોજા ગૃહસ્થ અબ્દુલ્લાભાઇની છે. અબ્દુલ્લાભાઇ પોતે તો હાજર ન હતા પણ તેમની સ્ત્રીએ અમારૂં આતિથ્ય કર્યું. આ સ્થાન એક તો મચ્છરોને માટે પ્રસિદ્ધ અને તેમાં પણ અમે સાત મૂર્તિઓ. હું તો રહ્યો માસ્તર સાહેબ એટલે એક જ પલંગ હતો તે મારે ભાગે આવ્યો; બીજા છ ભાઇઓએ ત્રણ પથારીમાં સમાવેશ કર્યો.

પણ ભાર કોના કે ઉંઘી શકે ? પેલા મચ્છરોને તો આજે નવું ભક્ષ્ય એટલે બધા પુરજોસમાં આવી ગયા. આખા ઓરડામાં મચ્છરોનું મધુર સંગીત અને સાતે જણા શરીરના જુદા જુદા ભાગોપર તબલાની ધૂન લે એ જુદી! સવારે સાડાચારે તો સૌને થાકયા પાકયા ઝોકાં આવ્યા અને સવાર પડી. દાતણ પાણી કર્યાં ને ચા બિસ્કિટનું પણ થઇ ગયું. હું તો નાહ્યો પણ ખરો. જ્યાં પીવાના પાણીની પણ મોટી મુશ્કેલી હતી તેવાં ઘણાં સ્થાનોમાં મને છેવટ એકવાર તો મારા મિત્રો સ્નાનની સગવડ કરી દેતા. એ ખાતર તેમનો જેટલો આભાર માનું તેટલો થોડો છે.

મુકામ ઉપાડ્યો અને પાલીસા ગયા. તળ પાલીસામાં ફંડ કરીને રા. હરગોવિંદ શાહને ત્યાં પુરણપોળી જમ્યા ને રવિવારે સાંજે મબાલે પાછા પહોંચી ગયા.

આ આખા શહેરમાં મિ. મહેતા તો સાથે હતા જ. રા. હરગોવિંદ શાહ–મહુવાના મારા જુના વિદ્યાર્થી, એ તો બધી જાનમાં વરના બાપ હતા, પણ તે ઉપરાંત, છગનભાઇ બારિસ્ટર તથા મિ. દેસાઇ વગેરેએ પણ ઘણો શ્રમ ઉઠાવ્યો હતો. મિ. દેસાઇ મબાલેની કોર્ટના હેડ ક્લાર્ક છે અને આ તરફ લોકોને કોર્ટ સાથે એટલું બધું કામ રહે છે કે હેડ ક્લાર્ક તો એક સત્તાવાળો માણસ થઇ પડે છે. મિ. દેસાઇએ પોતાની આ સત્તા આપણા ફંડમાં સારી રીતે વાપરી છે. તે સિવાય પણ પોતે ખાનદાન છે, બહુ જ ભલા છે અને સાધુતા તરફ તેમનો પક્ષપાત છે.

સોમવારે મબાલેમાં–તળ મબાલેમાં પ્રયત્ન કર્યો. મિ. મહેતા તથા છગનભાઈ બારિસ્ટરને જીન્જા જવું પડે તેમ હતું એટલે બપોરના જમીને તે રવાના થયા. અમે તો સાંજ સુધીમાં મબાલે પતાવી લીધું. મબાલેમાં આગાખાની ખોજાઓની વસ્તી ઘણી છે. દેશમાં આપણે ત્યાં પણ ખોજાઓ તો ઘણા છે પરંતુ આગાખાની ખોજાઓ, તેમના હિઝ હાઇનેસ આગાખાન, તેમનાં ખાનાંઓ વગેરે સંબંધે મેં મબાલેમાં જાણ્યું એટલું કદિ જાણ્યું ન હતું. મને મળેલી હકીકત પ્રમાણે તો સુધરેલા ગણાતા હિઝ હાઇનેસ આગાખાન આપણા પોતાના ધનવાન આચાર્યોના કરતાં જરા ય ચડે નહિ. પરંતુ આ બધી મને મળેલી હકીકત કેટલી સાચી છે તે નક્કી કર્યા વિના હું વધારે લખવા માગતો નથી. એટલું તો મેં જોયું કે આ ખોજાઓ પોતાની જમાતના ફાળા સિવાય બીજે સ્થળે ભાગ્યે જ ફંડ આપે છે અને જ્યાં આપે છે ત્યાં પણ દબાઇને આપવું પડે છે માટે જ.

સોમવારની રાત પડી. અમારી મોટર ને મ્હેતા તો જીન્જા ઉપડી ગયા હતા. રા. હરગોવિંદદાસ શાહને તાર આવ્યો એટલે મંગળવારે પાલીસા જવું જ જોઇએ. મારે હજી થોડાં ગામડાંઓ ફરવાનાં હતાં પણ ન મળે વાહન કે ન મળે સાથી. પણ યોગ થઇ રહ્યો.

મિ. દેસાઇના મિત્ર રા. વાઘજીભાઇ સોમવારે રાત્રે કદુરૂથી અમારા માટે મોટર લઈ આવ્યા અને મંગળવારે સવારે મારે વાઘજીભાઇ તથા ચતુરભાઇ સાથે ઉપડવું એમ નક્કી કર્યું.

વાઘજીભાઇ પોતે કદુરૂની જીનેરીના એક ભાગીદાર છે. પહેલાં તે ગુજરાતમાં શિક્ષક હતા અને આજે પણ કેળવણીના કાર્યમાં સારો રસ ધરાવે છે. હાલ થોડા વખતથી તેમનો એક પગ ભાંગી ગયો છે ને હજી બરાબર થયો નથી એટલે લાકડીની મદદથી ચાલે છે અને પગમાં મુશ્કેલીથી જોડા પહેરી શકે છે, શરીર સ્થૂળ છે.

બુધવારે સવારે પાછા અમે નીકળ્યા. આજે ત્રણ ચાર ગામ ફરીને મારે પાલીસા પહોંચવાનું હતું એટલે ચતુરભાઇને સાથે લીધા ન હતા. હું, વાઘજીભાઇ અને ડ્રાઇવર ત્રણ જ જણ.

બપોર સુધી તો કામ ઠીક ચાલ્યું. બપોરના

જમીને નીકળ્યા ત્યાં બે વાગ્યાને સુમારે વરસાદ તુટી પડ્યો. મારે સાંજ સુધીમાં પાલીસા તો પહોંચવું જ જોઇએ, કારણ કે રા. ચુનીલાલ મને તેડવા માટે પાલીસા હાજર રહે એવો તેમને તાર આપી દીધો હતો. અમે મોટર ધીમે ધીમે હાંક્યે જતા હતા એવામાં એક નિર્જન સ્થળે મોટર ખુંચી ગઇ. પૈડાં ધરી સુધી કાદવમાં પેસી ગયાં અને પાણી વહ્યું જાય તે તો જુદું. પાંચેક મિનિટ પછી વરસાદ બંધ પડ્યો એટલે અમે મોટરમાંથી બહાર નીકળ્યા અને ડ્રાઇવર હીકમત ચલાવવા લાગ્યો, પણ શું વળે ? વાઘજીભાઇને પગ નહિ અને નાનાભાઇએ તો ઉંચા પ્રકારની શરીરની કેળવણી લીધેલી એટલે તેમને પુછવું જ શું ? અમે ત્રણે મોટરને સીંડીકા (ધક્કા મારવા) કરવા લાગ્યા! મોટર તો પોતાના નિશ્ચયમાં દૃઢ હતી. અમે હોર્ન માર્યું એટલે દૂરથી બે નાના છોકરાઓ આવ્યા. હવે પાંચ જણનું બળ થયું અને મોટરને પાછળથી ઉંચી કરી સ્ટાર્ટ કરવાનો વિચાર કર્યો. ડ્રાઇવરે સ્ટાર્ટ કરી અને અમે બળ વાપર્યું એટલે પાછળનાં પૈડાં ઉંચાં તો થયાં પણ આગળનાં પૈડાં એવાં ચોંટી ગયેલાં કે ઉપડે જ નહિ. પરિણામ એ થયું કે પાછળનાં પૈડાં એકલાં અદ્ધર ગારામાં ફરવા લાગ્યાં અને સીંડીકા કરનારા મહેરબાનોને હોળી રમાડવા લાગ્યાં. હું અને વાઘજીભાઈ તો રંગાઇ જ ગયા. એ હોળી રમ્યાના ડાઘા હજી ધોતિયાપરથી તેમ કોટપરથી ધોબીની કળા કાઢી શકી નથી. મોટરને ધક્કા મારતાં અમારા પગો તો પગની પીંડીઓ સુધી અંદર ચાલ્યા જતા હતા એ જુદું ! અમે તો થાક્યા ! એટલામાં થોડા બીજા માણસો આવી પહોંચ્યા અને સૌએ મળીને મહામહેનતે મોટરને કચરામાંથી બહાર કાઢી. મને તો હાશ થયું !

હોળીના રા' જેવા અમે બે ત્રણ ગામમાં તો ફર્યા અને રાતે પાલીસા પહોંચ્યા. પાલીસા જઇને સૌથી પહેલું કામ તો ન્હાવાનું હતું. ખુબ ગરમ પાણીથી શરીરપરનો કાદવ અને પેટ્રોલ ધોયાં ને પછી વાળુ કરીને બેઠા.

શુક્રવારે રાત્રે સાડાસાતે જીન્જા પહોંચી ગયા.

મિ. મહેતા એક અઠવાડિયાથી સખ્ત બીમાર છે અને હું તેમ જ ભાઇ ગૌરીશંકર યથાશક્તિ ને યથામતિ તેમની સારવાર કરીએ છીએ. શરૂઆતમાં તો બ્લેક વોટર ફીવરનો ભય હતો પણ તેવું કાંઇ નથી. આ તરફ બ્લેક વોટર ફીવર ઘણાને થઈ આવે છે અને થયા પછી નવ્વાણું ટકા માણસો મરી જાય છે. આ રોગમાં માણસનો પેશાબ એકદમ કાળો થઇ જાય છે અને એ કાળા પેશાબમાં પુષ્કળ ચુનો પસાર થાય છે. પેશાબ ઉતરે છે પ્રમાણમાં થોડો અને ઉતરે ત્યારે બહુ જ ઘટ્ટ ઉતરે છે. મિ. મહેતાના એક નાના ભાઇ આજથી અઢીમાસ પહેલાં બ્લેક વોટર ફીવરથી જ ગુજરી ગયા છે. મિ. મહેતાને તો મોટર સાઇકલની અત્યંત સફરોને લીધે પેટના ભાગમાં સખ્ત દુખાવો થઈ આવ્યો હતો. આ તરફ જે જે લોકો રૂના વેપારમાં રોકાયેલા છે અને એ વેપારને અંગે મોટીમોટી સફરો મોટર સાઇકલમાં કરે છે તેમને સૌને આવી જ જીવલેણ પીડા થાય છે એમ સૌ વાતો કરે છે. મિ. મહેતાને થતી પીડા એટલી અસહ્ય હતી કે હું તો પડખે ઉભો પણ જોઇ શકતો ન હતો. આખરે પ્રભુએ આરામ કર્યો છે.

હવે બે ત્રણ દિવસમાં તળ જીન્જાનું કામ પતાવી તાકીદે કંપાલા જઇશ અને કંપાલાથી પાછો આવી તા. ૧૮મીએ મોટરમાં કીસુમુ જઇશ એવી ધારણા છે. શેઠ નાનજી કાલિદાસ તા. ૨૩ મીએ મોમ્બાસા ઉતરશે. તે ભાઇ ઉતરે તે પહેલાં હું મોમ્બાસા હાજર રહું તો મોમ્બાસાનો ફાળો તેમના હાથે શરૂ થાય અને નૈરોબીમાં પણ શેઠ સુલેમાન વીરજીને તેમની સાથે જ મળાય. આટલા માટે હું સ્ટીમરની રાહ ન જોતાં મોટરમાં ૨૦૦ માઇલની સફર કરી કીસુમુ જઇશ.

નાનાભાઈ

રમણ—લે કનુ, આ પેલો અર્ધો રૂપિયો.

કનુ—શેનો ?

રમણ—કેમ, તે દહાડે તેં મને ઉછીનો આપ્યો હતો તે.

કનુ—હાહા, ખરૂં; હું તો એ તદ્દન ભુલી જ ગયો હતો.

રમણ—અરે યાર, ત્યારે પહેલાંથી જ કહી દેવું હતું ને !

ૐ

શેઠ બંગલાના બગીચામાં ફરતા હતા એવામાં તેમને પોતાના મોટર હાંકનાર શૉફરનો નાનો છોકરો મળ્યો. શેઠે તેને રમાડતાં રમાડતાં પુછ્યું, 'અલ્યા તું મને ઓળખે છે કે ?'

છોકરો—કેમ નહિ ? મારા બાપા રોજ તમને એની મોટર ગાડીમાં બેસાડીને ફેરવવા લઇ જાય છે !



બાળ વિભાગ



શું રે હશે ?

શું રે હશે બ્હેન શું રે હશે,
સુરજની આંખમાં શું રે હશે?

શું રે હશે બ્હેન શું રે હશે,
પંખીના ગાનમાં શું રે હશે ?

શું રે હશે બ્હેન શું રે હશે,
ગુરુજીના જ્ઞાનમાં શું રે હશે?

શું રે હશે બ્હેન શું રે હશે,
અંતરના હાસમાં શું રે હશે?

શું રે હશે બ્હેન શું રે હશે,
પવનની પાંખમાં શું રે હશે ?

શું રે હશે બ્હેન શું રે હશે,
સિન્ધુના તાનમાં શું રે હશે ?

શું રે હશે બ્હેન શું રે હશે,
યોગીઓના ધ્યાનમાં શું રે હશે?

શું રે હશે બ્હેન શું રે હશે,
જગતના રાસમાં શું રે હશે ?

દેશળજી પરમાર

અહલી પહલી

ફુલ્યો ફાલ્યો ફાગણ માસ આવ્યો છે; આંબા મોર્યા છે ને કેશુડાં ફોલ્યાં છે; બારે ભાર વનસ્પતિ તો લચી પડી છે; ટાઢ ઉડી છે ને તડકા તપવા લાગ્યા છે.

સામી ઝાળે હોળી હાલી આવે છે; આઠમની રાતથી તો કાંઇ અંજવાળિયાં ખીલે છે–કાંઈ અંજવાળિયાં ખીલે છે !

એ અંજવાળિયાંમાં ઘેરો વળીને શેરીની નાનકડી છોકરીઓ અહલીપહલી માગવા નીકળી પડે છે. આ ઘરે જાય છે ને ઓલે ઘેરે જાય છે. કોણ કોણ જાય છે ?

અંજવાળી, વાળી ને રૂપાળીઃ પારવતી, ગોમતી ને સરસ્વતીઃ પુતળી, મોતડી ને મણિઃ હેમી, પ્રેમી ને પરભીઃ કોઇ બામણની દીકરી, કોઈ વાણિયાની; કોઇ રજપુતની તો કોઇ કણબીનીઃ એમ ટોળે વળીને કુમારિકાઓ પાડોશીને ઘેરે ઘેર ઘુમે છે. માથાં ડોલાવી ડોલાવીને તાલ દેતીદેતી લ્હેકાથી ગાજી ઉઠે છે કે—

અહલી દેજો બાઇ પહલી દેજો,
પહલીના પાંચ દોરા દેજોઃ

એટલું બોલે ત્યાં તો ઘરનાં છૈયાંછોકરાં સૌ દોટ કાઢીને બહાર આવે છે. વળી તાલ બદલે, લ્હેકા ટુંકા થાય

અને જોડકણું જોરથી ગાજે,

જી રે
દેશે રે
એને રે
ઘેરે રે
પાઘડીઆળો પુતર આવશે!
નાગણિયાળી નાર આવશે!

આહાહા! પાઘડીબંધ રૂપાળો પુત્ર અને નાગણી શા કાળા ભમ્મર ચોટલાવાળી ફુટડી વહુ મળે! એવી આશિષ સાંભળીને તો કેટલીકેટલી જણ્યાં વિના ઝુરતી પાડોશણો દાણા દેવા દોડી આવતી'તી! કુંવારકાઓની આશિષો કાંઇ ફળ્યા વિના રહે?

પણ આ છોડીઓ તો ભારે નખેદ! આશિષો આપે તેમ વળી શાપ પણ આપે!

જી રે
નૈ દે રે
એને રે
ઘેરે રે
બાડુડો જમાઇ આવશે!
કાણી કુબડી ઘેડી આવશે!

હળવો ફુલ જેવો, કાલો કાલો ને ભોળાં મનનો આ શાપ સાંભળતાં જ ખડખડ હસતી ઘરનાર ખોબો ભરીને બહાર આવે; કન્યાઓનાં ખોળામાં દાણા ઠલવીને બોલે 'લ્યો, ટળો, નીકર જીભડી વાઢી લઇશ.'

પણ બાળીભોળી દીકરીઓ કાંઇ છેલ્લો આશીર્વાદ આપ્યા વિના જાય કદી? આ અને બોલ્યા તમામ ઘરને સૌભાગ્યની દુવા સંભળાવે છે કે,

આ ઘેરે ઓટલો
ઓલે ઘેરે ઓટલો
ઘરધણિયાણી ઓળે ચોટલો!

પછી સંપતની દુવા સંભળાવે છે કે,

આ ઘેરે રાશ
ઓલે ઘેરે રાશ
ઘરધણિયાણી ફેરે છાશ!
આ ઘેરે ગાડું
ઓલે ઘેરે ગાડું
ઘરધણિયાણી જમે લાડુ!

અને થોડું કે ઝાઝું જેટલું આપો એટલેથી રીઝનારી, કોઇને ભારે ન પડનારી એ બાલિકાઓ છેલ્લું બોલે છે કે,

ચપટી દ્યો તો રાજી થાઈ,
ખોબો દ્યો તો ભાગી જાઈ!

એમ આઠ દિવસ દાણા ઉઘરાવે અને એ દાણાની ખજુર લે. પુનમની હોળીનાં દર્શન કર્યા પછી સહુ હળીમળીને એ ખજુર ખાય.

એનું નામ અહલી પહલી.

બાળવાર્તાવલિના સમાલોચકોને

વિનંતિ છે કે એમણે તેનાં ચિત્રો વિષે લખતાં સાવધ રહેવું જોઇએ કે તેના ચિત્રકાર એકલા ર. મ. રાવળ નથી, પણ સાથે ભાઈ રવિશંકર પંડિતનો પણ તેમાં ખુબ હાથ છે. બે જણના સહકારથી થએલાં એ ચિત્રોમાં કોઈ પણ ચિત્રકારનું નામ કે સહી નથી, એટલે એક નામપર એ ચિત્રોનું કર્તૃત્વ ચડાવી દેવાથી બીજાને અન્યાય થાય છે. એક જ જવાબદારીવાળાં ચિત્રોમાં ચિત્રકાર પોતાની સહી કરી તે સ્વીકારે છે એ ભુલવું જોઇતું નથી. પુસ્તક ઉપર ચિત્રકારોનાં નામ મુકવાનો હક તો પુસ્તક છપાવનારનો ગણાય. અને પુસ્તકની પ્રસ્તાવનામાં સંપાદક જે 'પુસ્તકને આકર્ષક બનાવવાનું કામ રવિશંકર રાવળને સોંપ્યા' નું લખે છે તે ચિત્રોથી માંડીને પ્રકાશન સુધીનું સઘળું જ; કે જેમાં અનેક વ્યક્તિઓનો હાથ હોય.

સ્વીકાર

રામાયણ: (શ્રી ગોસ્વામી તુલસીદાસજી કૃત) પ્રકાશક, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ; કીમત રૂા. ૬. ૧૨૫૦ પાનામાં દોહા, ચોપાઈ, છંદ તથા કથાઓ સ્પષ્ટ અર્થ સાથે મોટા ટાઇપોમાં આપતો આ ગ્રંથ જનસમુહને બહુ જ ઉપયોગી થાય તેવો છે. તેમાં ૪૦ ચિત્રો ઉપરાંત ચાર મહાત્માઓનાં રસપ્રદ જીવનચરિત્રો આપવામાં આવ્યા છે. આ બધું જોતાં તેની કીમત રૂા. ૬. ઓછી જ ગણાય. આ પુસ્તક દરેક ઘર તથા સંસ્થામાં હોય એ ઇચ્છવાજોગ છે.

શ્રી રામાયણ ચિત્રાવલિ: (રામાયણને લગતાં ૩૬ ચિત્રો) પ્રકાશક, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ; કીમત ૦-૧૦-૦

શ્રી પ્રભુચરણે: ધાર્મિક કાવ્યોનો સંગ્રહ; સંગ્રાહક, જયશંકર પંડિત અને ભાળાશંકર વ્યાસ; પ્રકાશક, શ્રી જીવકોર વનિતા વિશ્રામ, અમદાવાદ; કીમત ૦-૬-૦

ભીષ્મ અને યુધિષ્ઠિર: બાળકો માટે લખાએલી બે વીર પુરુષોની ટુંકી ને રસિક કથાઓ; લેખક, નટવરલાલ વીમાવાળા; પ્રકાશક, ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત; કી. ૦-૪-૦



ઉ ગ તી પ્ર જા

અમદાવાદનું યુવકસપ્તાહ

અમદાવાદમાં ગયા નવેમ્બરમાં ભરાએલા 'યુવકસપ્તાહ' વિષે અમારે જે કેટલુંક કહેવાનું હતું એ જ વિચારો ગઇ તા. ૧૨ મી ડિસેમ્બરના 'પ્રજાબંધુ' માં આચાર્ય કૃપાલાનીએ પ્રકટ કર્યા છે. આ રહ્યા તે:

યુવકસપ્તાહનો ઘણોખરો કાર્યક્રમ માત્ર આનંદને માટે જ હતો, જોકે કારણ તો 'કલાના ઉત્તેજન' નું બતાવવામાં આવ્યું હતું. અને ખરે જ સેતાન હમેશાં વિચિત્ર રૂપે જ પેસી જાય છે. હું માનું છું કે કળાની ઉત્પત્તિ શક્તિમાંથી છે. પ્રજાકીય ઉત્ક્રાન્તિના યુગો કળાના પણ યુગો હતા એ વાતની હિંદનો ઇતિહાસ સાક્ષી પુરે છે. બુદ્ધ, મોગલ અને ગુપ્ત કળા તેના દાખલા રૂપ છે. પ્રજા જ્યાં સુધી શક્તિ ન મેળવે ત્યાં સુધી તે કોઇપણ રીતે કળાને સહાય ન કરી શકે. મારૂં તો દૃઢ માનવું છે કે આ શક્તિ કેળવવા માટે વ્યવસ્થાની જરૂર પ્રથમ છે. ઈચ્છાપૂર્વક વેઠાતી મુશ્કેલીઓમાંથી જ દૃઢ મનોબળ જન્મે છે. પરંતુ આપણા યુવાનોમાં મુસીબતીભર્યા કામો સામે ઝીક ઝીલવાની શક્તિ નથી; અને શક્તિને આવશ્યક કાબુ પણ તેમનામાં નથી. મારો અભિપ્રાય તો એવો છે કે સમાજને આનંદ આપવાના કાર્યક્રમ કરતાં સામાજિક સેવાનો કાર્યક્રમ યુવકસપ્તાહે ગોઠવ્યો હોત તો એ વધુ જરૂરનું હતું.

બીજે દિવસે—સંગીતના દિવસે એ વાત સ્પષ્ટ થઈ કે આપણા યુવાનોમાં કળાની પ્રગતિ થએલી માની લેવી એ ભુલભરેલું છે. દરેકેદરેક સંગીતકારને તેઓ ડખલ કરતા. પ્રથમ વર્ગના સંગીતકાર પ્રમુખ સાહેબે પણ પોતાની ઉત્તમ ચીજો વડે સંગીત રેલાવવાને બદલે, તેનાં પ્રતિકાવ્યોથી શ્રોતૃવર્ગનું સ્વાગત કર્યું. ગદ્ય, પદ્ય અને વક્તૃત્વ એ બધાંનું તે મિશ્રણ હતું ને છતાં યે સહુને તેથી ખુબ આનંદ થયો! સંગીતનું જેમને કંઇકે ભાન હોય તેવાઓની આગળ તેમણે પોતાનો આ પાઠ ભજવ્યો હોત, તો મને ખાતરી છે કે તેમણે માન ખોયું હોત—એટલી હદે કે પાછું મેળવી પણ ન શકાય.

તે દિવસે તો વિદ્યાર્થીઓ આપણા અતિથિધર્મને પણ વિસરી ગયા. યોગ્ય શિક્ષણ મળ્યું હોત તો દરેક વિદ્યાર્થીએ એ સંગીતકારોને પોતાના પ્રતિનીધિ દ્વારા નોતરાએલા અતિથિ ગણીને તેમની પ્રત્યે સભ્ય વર્તન ચલાવવું એ પોતાની પ્રથમ ફરજ માની હોત. પરંતુ એથી ઉલટું આ બધા યજમાનોએ પોતાનું જંગલીપણું બતાવી દેવામાં વિલંબ ન જ કર્યો.

છેલ્લે દિવસે જ્યારે મહાદેવભાઇ તકલી વિષે બોલ્યા ત્યારે પણ એમ જ બન્યું. મહાદેવભાઇ પોતાનો નહિ, પરંતુ જેને આપણે સર્વે પૂજ્ય માનીએ છીએ એવા એ મહાત્માનો સંદેશ પાઠવતા હતા. તે બોલ્યા હતા મુંગા ને ભુખે મરતા દેશબંધુઓ સંબંધે, ને છતાં યે તેમને શાન્તિથી સાંભળનાર બહુ જ થોડા! ખરેખર, આ જ ઉગતી પ્રજામાંથી આપણે ભવિષ્યના નાગરિકો ને દેશભક્તોની આગાહી કરી શકીએ!

નાટ્યપ્રયોગોને દિવસે તેના કાર્યક્રમની વસ્તુઓ તથા તેને ભજવી બતાવવાની રીત પરથી વ્યવસ્થાપકોની કળાપ્રિયતા જણાઇ આવતી હતી! ચાલુ ધંધાદારી નાટકના ઍક્ટરોને માર્ગદર્શન કરી નવું શિક્ષણ આપવાને બદલે આ કેળવાએલા જુવાનોએ તેમનાં અસભ્ય અને હલકાં તત્ત્વોનું ચુસ્તપણે પાલન કર્યું. એના એ બુમબરાડા, એના એ હદબહારના અભિનય અને એ જ ઢંગધડા વગરના પોષાક. મેં સાંભળ્યું છે કે કેટલાક ફકરા તો વાંધાભર્યા હતા. ભવિષ્યના ઉત્સવો વધારે સ્વાભાવિક, સંસ્કારી ને શિષ્ટ થાય એવી હું જરૂર આશા રાખું. તે દિવસના પ્રમુખને અપાએલું સ્વાગત તો ગુસ્સાની હદ ઓળંગાવે તેવું હતું. ગુરુનું અપમાન અને તે યે હિન્દુસ્તાનમાં—આથી વધારે અસભ્ય શું હોઇ શકે?

સ્વયંસેવકો અને બૉયસ્કાઉટની વ્યવસ્થા બહુ જ ખામીભરી હતી. તેઓ ફરજ બજાવવા માટે નહિ, પરંતુ આનંદ મેળવવા માટે જ આવ્યા હોય એમ લાગતું. રમતગમતના દિવસે તે સ્પષ્ટ દેખાઇ આવતું. તે દહાડે તો સ્ત્રીઓ સલામત જવા પામી એ જ અજાયબજેવું હતું!

નવાઇની વાત છે કે આ બધી ખામીઓ હોવા છતાં યે યુવકસપ્તાહ સફળ કેમ ગણાયું! તેનો ખુલાસો મને તો આ પ્રમાણે લાગે છે. આપણા આનંદવિનોદો અવ્યવસ્થા ને અસભ્યતામાં પડયા છે. અશિક્ષિત ને સંસ્કાર વિનાનાઓને હાથ તે છે. યુવકસપ્તાહ જેવે પ્રસંગે તેમાં થોડા સુધારાને સ્થાન મળ્યું હોત તો સારૂં થાત. ગમે તેવું તો યે, યુવકસપ્તાહ ઉજવાયું તે સારૂં જ મનાવું જોઇએ; પરંતુ જો વિદ્યાર્થીવર્ગને સારી કેળવણી મળી હોત તો તે હજી વધારે સારૂં ગણી શકાત. એને માટે મારી નમ્ર સૂચના એવી છે કે હવે તેને માટે આખું વર્ષ માનસિક વિકાસ અને સામાજિક સેવા સાધી શકાય એવી પ્રવૃત્તિઓ યોજવી જોઇએ.

ચરોતર મરદાની રમતોની હરિફાઇનો મેળાવડો

વિદ્યાર્થીઓમાં મરદાની રમતોનો શોખ વધે ને તેમનાં શરીર સુદૃઢ થાય એ ઉદ્દેશથી આજ સાત વર્ષથી આણંદની ચરોતર એજ્યુકેશન સોસાયટી તરફથી દર વર્ષે રમતોની હરિફાઇ થાય છે. તે મુજબ આ વર્ષે ડૉ. સુમન્ત મહેતાના પ્રમુખપણા નીચે ધર્મજ મુકામે ડિસેમ્બરની તા. ૧૧

[અનુસંધાન પાન ૫૨૭ને છેડે]



માધુકરી

કોણ કહેશે નથી આ અમારી ગુજરાત ?
પગલે પગલે જ્યાં મોતી વેરાયાં, સ્નેહે ધુમે માતજાયાં સજાત;
નવખંડ ગાજે ચેતન અવાજે, માને મંદિર અમ પ્રાણની બિછાત:
કોણ કહેશે નથી આ અમારી ગુજરાત ?
જઇશું જગતના ચારે ખુણાએ, ગુજરાત અમારી, ગુજરાતી અમ જાત;
તપશું એ તાપે, જપશું એ જાપે, મોંઘા અમ પ્રાણની એ મોંઘી મિરાત:
કોણ કહેશે નથી આ અમારી ગુજરાત ?

—કવિ ખબરદાર

જ્યૉર્જ બર્નાર્ડ શૉ

સ્વીડન દેશમાંથી દર વર્ષે જગતની એકેક કલ્યાણકારી વિભૂતિને અપાતું પેલું સવાલાખ રૂપિયાનું નામચીન નોબેલ ઈનામ, ૧૯૨૫ના વર્ષ માટે ઇંગ્લંડના પ્રખર વિચારક અને વિદ્વાન નાટકકાર મિ. જ્યૉર્જ બર્નાર્ડ શૉને સાહિત્ય માટે મળ્યું છે. કીર્તિ અને ધનના નિર્લોભ એ સરસ્વતીના અડગ ઉપાસકની પિસ્તાળીસ વર્ષની અવિશ્રાન્ત સાહિત્યસેવાની કદર કરીને સ્વીડનની સાહિત્ય સભાએ એને એ કીર્તિ અને ધન બંને વડે નવાજવાના ખબર સાંભળી જગતની હર્ષની લાગણી હજી તો શમી ન હતી, ત્યાં બીજે જ દહાડે સૌએ સબહુમાન સાંભળ્યું કે એ સત્યપ્રિય આદર્શવાદીએ એ ઇનામની એવડી મોટી રકમમાંથી એક પાઇ સરખી પણ સ્વીકારવાની ના પાડી છે! અને આવડી મોટી રકમનો અસ્વીકાર એમણે આ કાંઈ પહેલી જ વાર કર્યો છે એમ નથી; આ અગાઉ એથી વીસગણી રકમને એ સિદ્ધાંતવાદીએ લાત મારી છે.

એ જ્યૉર્જ બર્નાર્ડ શૉ, ૭૦ વરસનો જુવાન, અત્યારે આખા યૂરોપના સાહિત્ય ઉપર કાંઇ અજબ જ અસર ઉપજાવી રહ્યો છે. એકલી અંગ્રેજી ભાષા બોલનારી આલમમાં જ નહિ, પણ યૂરોપ અને અમેરિકા ખંડોની બીજી ભાષાના સાહિત્યમાં પણ તેનું સ્થાન ઘણું જ ઉંચું છે. પોતાની જીંદગી દરમિયાન આવું સ્થાન મેળવનાર બીજા પુરુષો આંગળીને વેઢે ગણી શકાય તેટલા જ છે: મ. ગાંધી, ટૉલ્સ્ટૉય, આનાતોલ ફ્રાંસ, ટાગોર અને કદાચ નીત્સે. અને જેમ એ દરેકનું સાહિત્યની દુનિયામાં સ્થાન અનુપમ છે, તેમ જ એ દરેકનું અંગત જીવન પણ જાણવાજેવું છે.

શૉનો જન્મ ૧૮૫૬ના જુલાઈ મહીનાની ૨૬મી તારીખે આયર્લંડની રાજધાની ડબ્લિનમાં થયો. જે વર્ષે હિંદુસ્તાનમાં અંગ્રેજી અમલ વિરુદ્ધ બળવો જાગ્યો તે જ વર્ષે ઇંગ્લંડ અને આખા યૂરોપના સામાજિક તેમ જ રાજકીય અમલ અને દોરની વિરુદ્ધ બળવાની મૂર્તિએ, આયર્લંડમાં અવતાર લીધો.

શૉની માતા, જેમ ઘણાં ધણિધણિયાણીના સંબંધમાં બને છે તેમ, પતિ જેટલો પુરુષાર્થહીન હતો તેટલી જ પુરુષાર્થવાળી હતી. હઠીલાઈની હદે પહોંચે તેટલી દૃઢતા, એ તે બાઇનો મોટામાં મોટો ગુણ હતો. તેને સંગીતનો શોખ હતો એટલું જ નહિ, પણ પિયાનો વગાડતાં શીખવી શકતી. એટલે જ્યારે તેના ધરવાળાએ દળદરીની માફક બેસી રહેવાનું આરંભ્યું, ત્યારે મિસિસ શૉ પોતાની બે છોકરીઓને લઇને ડબ્લિનથી લંડન જઈ, ત્યાં સંગીતનું ખાનગી શિક્ષણ આપી આપકમાઇથી રહેવા લાગી, અને ચાર વરસ પછી, જ્યારે આપણા ભાઇસાહેબ શૉ લંડન આવ્યા, ત્યારે દીકરાને પણ પોતાની કમાઇ ખવડાવવા લાગી. શૉ આવી માતાનો દીકરો હતો. એ માતાના જ લગભગ બધા ગુણ તેનામાં ઉતર્યા છે. માનો સંગીતનો શોખ દીકરાને વારસામાં મળ્યો, કે જેનાં પરિણામ આગળઉપર ઘણાં જ સારાં આવ્યાં. માની દૃઢતા, માનો સ્વતંત્ર મિજાજ ને માનો આત્મવિશ્વાસ એ જ શૉનાં. ત્યારે બાપનો વારસો કેવો ? ન ગુણનો કે ન ધનનો. સાધારણ બાપ વારસામાં થોડું ધન અથવા ઘરનું ખોખું યે મુકી જાય છે. પણ વડીલ મિ. શૉએ પોતાના દીકરાને તેટલું યે ન આપ્યું.

સારી દુનિયાને કેળવણી આપનાર શૉએ પોતે કેવીક કેળવણી લીધી છે એ જાણવાનું આપણને સ્વાભાવિક રીતે જ મન થાય. પણ જગતના ઘણાખરા મહાન લેખકો-શેકસપિયર, ટાગોર-ની પેઠે, જેને આપણે કેળવણી કહીએ છીએ તે સંબંધી શૉને નામે મોટું મીંડું છે: સિવાય કે એ લખતાં વાંચતાં શીખ્યો તે. ઘરમાં ગરીબાઇ તો હતી જ, અને અમુક કારણો અથવા સંજોગોને લીધે બાઇનું ચિત્ત ન હતું ભુગોળમાં કે ખગોળમાં, એટલે, બેચાર વરસ જેમતેમ ભણવામાં અથવા

નિશાળે જવામાં કાઢયાં, અને પછી વળગ્યા નોકરીએ. એક જમીનના દલાલને ત્યાં કારકુની કરવા શૉને મુકવામાં આવ્યો. એ જ અરસામાં એની મા પોતાની બે દીકરીઓને લઇને લંડન કમાવા ગઇ, અને બાપદીકરો ડબ્લિનમાં રહ્યા. શૉએ આ નોકરી આશરે ચારેક વર્ષ કરી, પણ ઘણી જ નાખુશીથી. વેપારી અને તે યે દલાલ; તેને ત્યાં પૈસાને વાસ્તે પડપડા અને અનેક પ્રકારની યુક્તિપ્રયુક્તિઓ સિવાય શૉએ બીજું જોયું નહિ. એટલે જેને પૈસા કરતાં સત્ય, અને સત્ય કરતાં જીવન વહાલું છે તે પુરુષ, પછી ભલે ઉમરે નાનો હોય તો યે, એવા વાતાવરણમાં કેમ રહી શકે? છતાં તેણે એ ચાર વરસ માંડમાંડ સુખેદુઃખે કાઢયાં. એ ચાર વરસની કારકુનીમાં શૉએ પોતાની કુદરતી ચાલાકી અને બુદ્ધિમત્તા બતાવી આપ્યાં હતાં. નોકરી સિવાયનો વખત ઘેર સંગીતનો અભ્યાસ કરવામાં અને બહાર ડબ્લિનની નૅશનલ ગૅલેરી (જાહેર ચિત્રાલય)માં દેશપરદેશના સુંદર અને પ્રખ્યાત ચિત્રો જોવામાં એ ગાળતો; અને આ પ્રમાણે, નિશાળના પ્રતિકુળ વાતાવરણમાં, પૈસાના ભુખ્યા પંતુજીને હાથે એ જે કેળવણી ન પામી શક્યો, તે કેળવણી એણે જાતે આપકઠાવથી લેવાની શરૂઆત કરી.

આ પ્રમાણે ડબ્લિનમાં તેનું આગલું જીવન પસાર થયું. એવામાં તેની ૧૯ વરસની વયે તેનો બાપ ગુજરી ગયો. એટલે ભાઈસાહેબ નોકરી મુકી આવ્યા સીધા લંડન.

લંડન આવ્યા પછી બેચાર મહીના એડિસન ટેલિફોન કંપનીમાં શૉએ નોકરી કરી, પણ ફાંટાદાર મગજને નોકરી પસંદ આવે જ શાની? એટલે ત્યાંથી પણ તરત જ લીલે તોરણે ભાઇસાહેબ ઘેર આવ્યા: અને આવ્યા તે આવ્યા જ. ત્યારથી આજદિન સુધી કોઇની નોકરી કરી નથી. વચ્ચે ધનના ને ધાનના વાખા પણ પડયા હશે; ક્વચિત સવારસાંજ ઓટમીલની રાબડી પીને પણ રહેવું પડયું હશે. ૩ વરસ સુધી તો એક જ સુટ અને એક જ ટોપીથી ચલાવી લીધેલું!

આ જ ઉમરે શૉએ, ભવિષ્યમાં નામ કાઢનારા દોસ્તો મેળવ્યા, જેવા કે સિડની (અત્યારે લૉર્ડ) ઓલીવિયર, કે જે ગઈ સાલ હિંદુસ્તાનના પ્રધાનપદે હતા; મિસિસ બિસાંટ, વીલિયમ આર્ચર જેણે ઇબ્સનનાં નાટકોનાં ભાષાંતર અંગ્રેજીમાં કર્યાં છે; સિડની અને બીઆટ્રિસ વેબ–પેલું અનુપમ મહેનતુ યુગલ; અને પ્રખ્યાત અંગ્રેજ કવિ વિલિયમ મોરિસ.

આ પ્રમાણે એ ઉમરે શૉનું બધું કામ ચાલતું હતું. માત્ર એક કામ, કે જે દરેક જુવાન તે ઉમરે કરે છે ને કરવું જોઇએ તે નહોતું ચાલતું: તે કમાવાનું. ઘેર ૪૦–૪૨ વરસની મા અને બે બહેનો ખાનાર હતી; પણ આપણા ભાઈસાહેબ તો હાઈડ પાર્કમાંથી નીકળી, જાય ઝેટેટિકલ કલબમાં; આજ ઇકૉનૉમિસ્ટસ કલબમાં પોતે ભાષણ આપતા હોય, તો કાલે હેમ્પસ્ટેડ હિસ્ટૉરિકલ કલબમાં કોઇનું ભાષણ સાંભળતા હોય. આ કાર્યક્રમ તેમનો રોજનો, અને તે લગભગ ૯ વરસ સુધી ચાલ્યો. પણ તે ૯ વરસમાં એમણે છેક જ કમાણી નથી કરી એમ ન સમજવું. કારણકે, એટલી ટુંકી મુદ્દતમાં ૬ પૌંડ જેટલી ભારે રકમ તેમણે રળી હતી! તેમાંથી ૫ પૌંડ તો જાહેરખબરો લખી આપીને પેદા કરેલા, અને માત્ર એક જ પૌંડ તેમના સાહિત્યના લેખનકાર્યમાંથી મળેલો.

લેખનકાર્ય? અલબત્ત, આવો અઠંગ અડગ વાંચનાર કાંઇનું કાંઈ લખ્યા વગર તો રહે જ નહિ. શૉએ જે પાંચ નવલકથાઓ લખી છે, તે બધી આ ૯ વરસના દેખીતા વ્યર્થ ગાળામાં જ લખાએલી. પણ એમાંની એકે તે વખતે કોઈ પણ પ્રકાશકે હાથ ઝાલેલી નહિ! એક તો હજુ પણ અપ્રસિદ્ધ છે. એનું કારણ તેમનું તદ્દન નવું જ સ્વરૂપ છે.

પણ ૧૮૮૫ ની સાલમાં શૉના નસીબનું પાંદડું ફર્યું. તે વર્ષે વિલિયમ આર્ચરની શૉને પીછાન થઈ. તેની સલાહથી શૉએ પોતાની નવલકથાઓને કબાટના ખાનામાં મુકી દીધી અને લંડનના એક પ્રસિદ્ધ અઠવાડિકમાં સંગીતવિભાગના તંત્રી ને ટીકાકાર તરીકે જગ્યા લીધી. પછીનાં ૪ વરસમાં બીજાં પણ છાપાંઓમાં નાટકવિભાગ અથવા સંગીતવિભાગના તંત્રી તથા ટીકાકાર તરીકે શૉએ કામ કર્યું.

શરૂઆતમાં તો લોકો તેના વિચારોથી ગભરાયા, કેમકે સાહિત્ય અને કલાના રૂઢ આદર્શોને બદલે શૉએ તદ્દન નવા જ —ઉલટા જ પોતાના આદર્શો રજુ કરવા માંડયા. પરંતુ ધીમેધીમે, પ્રચલિત લોકાચાર વિરૂદ્ધના તેના બુદ્ધિચાતુર્યયુક્ત કટાક્ષોથી વાચકવર્ગમાં રસ ઉત્પન્ન થયો અને પછી તો 'સ્ટાર' પત્રમાં નાટક ને સંગીતની સમાલોચના લખનાર એ 'કૉર્નો ડી બેસેટો' કોણ છે તે જાણવાની લોકોને તીવ્ર ઉત્કંઠા થઇ.

૧૮૯૦માં તે 'વર્લ્ડ' પત્રમાં જોડાયા. 'ટ્રુથ' અઠવાડિકમાં પણ તે એ જ વિભાગોના તંત્રી હતા. અને ૧૮૯૫ થી '૯૮ સુધી 'સૅટર્ડે રિવ્યુ' માં પણ એમણે કામ કર્યું.

આ બધાં વર્ષો દરમ્યાન લખાએલા એમના ટીકાત્મક લેખો, એમનાં બીજાં લખાણો–નાટકો અને નવલકથા–જેટલા જ ઉપયોગી છે. 'વર્લ્ડ' 'ટ્રુથ' અને 'સ્ટાર' ના સંગીત અને નાટક વિભાગના એ જુવાન તંત્રીએ ઇંગ્લંડના નાટક અને સંગીતકલાની પ્રગતિમાં કંઇ જેવોતેવો ભાગ ભજવ્યો નથી.

ઇ. સ. ૧૮૮૯ની સાલમાં પહેલી જ વાર ઇબ્સનનું 'ઢીંગલી' નામનું નાટક ઇન્ડિપેન્ડન્ટ થીએટરમાં ભજવાયું, વખણાયું અને વગોવાયું. પણ આપણા ચરિત્રનાયકના હૃદય ઉપર આ નાટકે ઘણી જ ઊંડી અને તીવ્ર અસર કરી. બીજા જ દિવસથી ઇબ્સનનાં જેટલાં છપાયાં હતાં તેટલાં નાટકો, એક પછી એક વાંચવાનું એણે શરૂ કર્યું, અને એ પુરાં વાંચી લીધા પછી 'ઇબ્સન સારતત્ત્વ' નામનું એક ટીકાત્મક અને રસિક પુસ્તક પણ લખી નાખ્યું. તે પુસ્તકમાં એ નૉર્વેજિયન નાટકકારના તે મુદ્દત સુધીમાં બહાર પડેલાં બધાં નાટકોમાં



જ્યૉર્જ બર્નાર્ડ શૉ ('કૌમુદી'ના સૌજન્યથી)

રહેલા રહસ્યને તેણે બતાવી આપ્યું.

આ વર્ષે જ અને મોટે ભાગે 'ઢીંગલી'ના ભજવાયાથી જ અંગ્રેજી સાહિત્ય અને ખાસ કરીને નાટકસાહિત્યના ઇતિહાસમાં એક નવું જ પાનું ઉકેલાયું.

શૉએ ટેબલના ખાનામાં એક ખુણે ખોસી ઘાલેલું પેલું અધુરૂં નાટક બહાર કાઢયું, ઉપર વળગેલી ધુળ ખંખેરી અને આગળ લખવાનું શરૂ કર્યું. આખું યે નાટક પુરૂં લખાઇ રહ્યું, એટલે તે સુધારી, તપાસી ઇન્ડિપેન્ડન્ટ થીએટરની રંગભૂમિ ઉપર ભજવવામાં આવ્યું. એ નાટક તે 'વિડોઅર્સ હાઉસિઝ': સાહિત્યની દુનિયામાં ફુટેલો બૉંબ; નાટકના આકાશમાં ચમકેલી વિજળી. એ નાટક ભજવાયું તેને બીજે દિવસે લંડનના સાહિત્યરસિકોની સ્થિતિ કેવી હતી? ઘસઘસાટ ઉંઘતા માણસને કોઈ ચુંટી ખણે અથવા થપ્પડ મારે, અને તે સફાળો બેઠો થાય તેના જેવી!

કોઇએ તેને હસી કાઢયો; કોઇએ તેને બુદ્ધિશાળી પરંતુ ભેજાફરેલ ગણ્યો; કોઈકને તે નવા યુગનો પ્રેરક લાગ્યો, તો કોઇને તે નિંદાખોર ને કોઇને દોઢડાહ્યો જણાયો.

પણ શૉની કલમ લેશમાત્ર ડગી નહિ. તેણે તો પોતાની કટાક્ષમય હાસ્યમિશ્રિત શૈલીમાં ચાબખા લગાવ્યે જ રાખ્યા મહાપુરુષોના સંબંધમાં હમેશ બને છે તેમ, તેણે કોઈ વ્યક્તિની કે આખા સમાજની પણ દરકાર કરી નહિ. કે ન કીર્તિ કે નિંદાની પરવા કરી. તેણે તો પોતાનું કામ અડગપણે ચાલુ રાખ્યું.

અને અંતે ધીમેધીમે તેનું સ્થાન લોકોના અંતરમાં ઉતરતું ગયું, જામતું ગયું. યુવાનોમાં તો તે પ્રિય થઈ પડયો, અને જી. બી. એસ. નું નામ તથા તેની કૃતિઓ દેશેદેશ અને નગરેનગરમાં મશહૂર થઇ ગયાં.

ત્યાર પછીનું શૉનું જીવન, ત્યાર પહેલાંના જીવનથી ઉલટા જ પ્રકારનું છે. ગરીબાઇએ ધીમેધીમે રજા લેવા માંડી અને લક્ષ્મીનાં પગલાં ઘરમાં થવા માંડયાં. એ લક્ષ્મીબાઈનાં પગલાંનો આરંભ મિસિસ શૉના આવવાથી થયો.

ગમે તેમ પણ હવે ઓટમીલની રાબડી પીને રહેવાનો વખત સદાને માટે ગયો. એને બદલે ઉલટું લક્ષ્મી એટલી બધી અને એવે રસ્તેથી તેને ચાંલ્લો કરવા આવી કે તેને ના પાડવાની ફરજ પડી. આજથી આશરે ત્રણચાર વરસ પર એક અમેરિકન વેપારીએ એમનાં બધાં નાટકો ને નવલકથાઓ ઉપરથી સીનેમા ઉતારવાના સર્વ હક્કના બદલામાં દસ લાખ ડૉલર આપવાની મરજી બતાવી હતી. પણ શૉએ ઘણાં કારણોસર તેટલી ભારે રકમને લાત મારી હતી.

તે પછી લખાએલાં એનાં ૩૦ ૩૫ નાનાંમોટાં નાટકોએ અંગ્રેજી નાટક સાહિત્યમાં મુળગામી ફેરફારો કરી નાખ્યા, એટલું જ નહિ પણ તેમણે યૂરોપઅમેરિકાના સાહિત્યમાં પણ અદ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

એમની છેલ્લી કૃતિ 'સેન્ટ (મહાત્મા) જોન' એમની કીર્તિદા બની. એની ગગનવિહારી કલ્પના, એનાં શબ્દાસ્ત્રોનો પ્રચંડ મારો અને અણમુલ કલાકૌશલ એ બધું અપૂર્વ છે.

પોતાના એ છેલ્લા નાટક 'મહાત્મા જોન' માં શૉએ પોતાનો આત્મા રેડયો છે. એટલે શૉને સમજવો હોય, શૉના વિચિત્ર વર્તન અને ચક્રમ વિચારો પાછળ ડોકિયું કરવું હોય તો એ નાટક એની કુંચી છે. એમાં જ શૉની આદર્શપ્રિયતા ને સત્યપ્રિયતા દેખાય છે, અને એને સારૂ જ સ્વીડનની સાહિત્ય સભાએ તેના કીર્તિમંદિર ઉપર નોબલ ઇનામનો કળશ મુકી એ વાત સ્પષ્ટ રીતે આખા જગતને સમજાવી છે.

કોઇપણ લેખક અથવા જાહેર પુરુષે એમના જેવી વિચિત્ર રીતે વસ્તુસ્થિતિ ઉપર પ્રકાશ પાડયો નથી. સમાજની દૃષ્ટિએ એમની સેવા અણમુલ છે; કળાની દૃષ્ટિએ તો એ મહાન સેવક છે જ.

પ્રચલિત રૂઢિની પ્રબળ વિરોધક, સમાન ભાવનાની પૂજક અને પ્રતિભાશાળી એ વ્યક્તિનું ખાનગી જીવન ઘણું જ નિર્મળ અને સાદું છે. માંસ, દારૂ કે બીડીને તે અડકતા પણ નથી. એનું વ્યક્તિત્વ જેટલું તેજસ્વી છે તેટલા જ એ પ્રેમાળ છે. સેંકડો સ્ત્રીપુરુષો એવાં છે જેઓ શૉની સલાહ અને ભલી મદદ મેળવી સુખી થયા છે, અને તેમના ચારિત્ર્યના આ

સુંદર અંશ વિષે જગત બહુ ઓછું જ જાણે છે.

આજ ૭૦મે વર્ષે પણ એ જુવાન છે. એમનું હૃદય હજુ યે એટલા જ ઉત્પાત અનુભવે છે. રોજ સવારે ઉઠીને હાથમાં કુહાડી લઇને લાકડાં કાપવાનું સામર્થ્ય એમનાં બાવડાંમાં છે. અમર રહો એ યૌવન !

(' કૌમુદી 'માંના શ્રી બાબુરાવ ઠાકોરના લેખ ઉપરથી)

શહીદ સ્વામી શ્રદ્ધાનંદજી

ગઇ તા. ૨૩-૧૨-૨૬ ના રોજ સ્વામી શ્રદ્ધાનંદજીના એક નાદાન ભાનભૂલ્યા મુસલમાનને હાથે થએલા ખૂનના સમાચારે દેશભરમાં ભારે આઘાત ને દુઃખની લાગણી ફેલાવી દીધી છે. પોતે સ્વીકારેલા ધર્મકાર્યના યજ્ઞમાં બલિ થઇ જઈ સ્વામીજી અમર મૃત્યુને ભેટયા છે. એમના જતાં દેશે એક સહૃદય સેવક, હિંદુ જાતિએ સદાય જાગ્રત સંરક્ષક અને આર્યસમાજે મહાન નેતા ગુમાવ્યો છે. એ ભવ્ય, ગંભીર, તેજસ્વી મુખમુદ્રા ને પહાડ સમાન પ્રચંડ કાયધારી સંન્યાસીવરનાં દર્શન હવે દુર્લભ છે. આજે એમનું સ્થાન પુરે એવો અગ્રણી ક્ષિતિજમાં નથી દેખાતો ! એમની પ્રવૃત્તિઓનું ક્ષેત્ર નિરાળું હતું અને એટલે હિંદુ સંસારમાં તેઓશ્રીનું સ્થાન અનેરૂં છે. દેશોદ્ધારક મહર્ષિ દયાનંદ સરસ્વતીના આદેશ ઝીલનાર એ હૃદયે આજથી ૩૦ વર્ષપર એ આદેશની સિદ્ધિઅર્થે વકીલાતને ઠોકર મારી હતી ત્યારથી તેમનું જીવન પલટાયું. સંસારની સેવા એ એમનું જીવનધ્યેય થયું. એ સેવાયજ્ઞમાં તેમણે પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું. એ ત્યાગનું પરિણામ તે ગંગાતટે આવેલી રાષ્ટ્રીય કેળવણીની સફળ સ્વતંત્ર સંસ્થા હરદ્વાર-કાંગડીનું ગુરુકુલ. આ ગુરુકુલ સ્થાપી તેમણે પ્રાચીન આર્યસંસ્કૃતિ તથા આશ્રમપ્રણાલિકાનો પુનરૂદ્ધાર કર્યો તેમજ ઋષિમુનિઓની શિક્ષણપ્રણાલિ ને બ્રહ્મચર્યનો આદર્શ આ યુગમાં ઉતાર્યાં. સાથેસાથે જ આર્યસમાજની ધાર્મિક ને સામાજિક સુધારણાની તેમજ હિંદુજાતિના ઉદ્ધારની પ્રવૃત્તિઓમાં તેઓ અગ્રગણ્ય ભાગ લેતા અને એમની સેવાઓએ લોકોનાં હૃદય એવાં જીતી લીધાં કે જનતા તેમને ' મહાત્મા મુન્શીરામ 'ના નામે ઓળખવા લાગી. સને ૧૯૧૭ માં તેમણે સંન્યાસ ગ્રહણ કર્યો. ત્યાર બાદ બે વર્ષ સારા ય ભારતવર્ષમાં ઠેરઠેર ફરી સ્વામીજીએ ધાર્મિક સિદ્ધાન્તોનો પ્રચાર કર્યો. ૧૯૧૯ની મહાત્મા ગાંધીજીની સત્યાગ્રહની ચળવળે આ સત્યવ્રતધારી સંન્યાસીને આકર્ષ્યા ને ત્યારથી તેઓશ્રીના રાજદ્વારી જીવનનો આરંભ થયો. દિલ્હીમાં માર્શલ લૉના દિવસોમાં ને પંજાબના રમખાણોમાં તેમણે બજાવેલી અવિરત સેવાઓ આપણા રાષ્ટ્રીય ઇતિહાસમાં સોનેરી અક્ષરે લખાઈ રહેશે. અને પેલું વીર દશ્ય—લોકોના ઉપર ગોળીઓ છોડતા ગુરખાઓની સામે છાતી ખોલી નીડરતાથી સ્વામીજીનું ઉભા રહેવું—સદાય ભારતવાસીઓને નીડરતાનો પાઠ પઢાવશે. ત્યારબાદ સ્વરાજપ્રાપ્તિની દિશામાં મના પ્રયત્નો ગઈ કાલના



સ્વામી શ્રી શ્રદ્ધાનંદજી (સુપીરિયર ફોટો કં. અમદાવાદ)

જેટલા જ તાજા છે. શુદ્ધિ અને સંગઠનના વિરોધીઓએ તેમની માન્યતાઓના કાગના વાઘ કરી જનતાને તેમને વિષે ભ્રમમાં નાંખવામાં કંઇ બાકી રાખ્યું નથી. પરંતુ હિંદુ મુસલમાન ઐકય એ એમના જીગરની ઉત્કટ અભિલાષા હતી એ સત્ય એ જીગરને પિછાણનાર જ જાણે. મૈત્રિ સમાનની વચ્ચે જ નભી શકે અને એ દષ્ટિએ હિંદુઓને સુસંગઠિત, નીડર ને બળવાન બનાવવાનું કાર્ય તેમણે આમરણ સિપાઈની જેમ ખડે પગે બજાવ્યું અને એમાં જ પોતાની જાતને હોમી. એ રીતે હિંદુજાતિને જાગ્રત કરવા માટે, તેનામાં આત્મભાન લાવવા માટે, તેના આંતરિક સડા દુર કરી તેને બલિષ્ઠ બનાવવા માટે તેમણે જે કર્યું છે તે આ જમાનામાં કોઇએ કર્યું નથી. શ્રદ્ધાનંદજી એટલે દુનિયાનાં દુઃખોથી ત્રાસેલો મુનિવર અને એ દુઃખો મિટાવવા માટે દિનરાત અજબ પુરુષાર્થ ખેડી રહેલો યોદ્ધો—કર્મયોગી, અસહાયનો બેલી, અછુતોનો ઉદ્ધારક, નીડરતાનો અવતાર, જુવાનોને માટે જીવંત પ્રેરણા. પોતે જે સિદ્ધાન્તો માનતા તેની પ્રતિમૂર્તિરૂપ તેઓ હતા. વાણી ને વર્તનની એકતાના પુરાવારૂપ એમના જીવનનું એકેએક કાર્ય હતું. બ્રહ્મચર્ય, નીડરતા ને સેવા એ જુવાનોને તેમનો સંદેશ છે. પ્રભુ એમના અમર આત્માને ચિર શાંતિ અર્પો. પ્ર.

સદ્દગત ન્યાયમૂર્તિ સર લલ્લુભાઇ શાહ

જીવે તો સહુ યે છે, પણ જાતે જીવી જાણનાર અને

અનેકને જીવી જાણવામાં સાચી સહાય કરનાર પુરુષ વિરલ હોય છે. એવા એક વિરલ ગુજરાતી, મુંબાઇ હાઇકોર્ટના જજ, ન્યાયમૂર્તિ સર લલ્લુભાઇ શાહના અવસાનથી ગુજરાતે એક અણમોલ નરરત્ન ખોયું છે.

લલ્લુભાઇનો જન્મ ઈ. સ. ૧૮૭૩ ના ફેબ્રુઆરી માસની ૪ થી તારીખે અમદાવાદમાં વણિક જ્ઞાતિમાં થયો હતો. વિદ્યાર્થી તરીકે તેમની કારકીર્દિ સફળ હતી. તેમણે અમદાવાદની ગુજરાત કૉલેજમાં અભ્યાસ કર્યો હતો અને ગણિતશાસ્ત્રના ઐચ્છિક વિષય સાથે એમ. એ. થયા હતા. પછી તેઓ કાયદાના અભ્યાસ માટે મુંબાઈ ગયા અને ઇ. સ. ૧૮૯૫ માં એલએલ. બી. ની ડિગ્રી મેળવી.

પોતાના બુદ્ધિબળથી અને સ્વાશ્રયથી તેઓ વકીલાતના ધંધામાં ફાવતા ગયા અને એક બુદ્ધિશાળી, ઉદ્યોગી, ખંતીલા અને મક્કમ વકીલ તરીકે પ્રતિષ્ઠા મેળવી શક્યા. ઇ. સ. ૧૯૧૧ માં તેઓ સરકારી વકીલ નીમાયા. સરકારી વકીલ તરીકે તેઓ ન્યાયબુદ્ધિથી અને સ્વતંત્રતાથી વર્તતા અને આરોપીને ન્યાય આપવા ઉપર તેમનું લક્ષ્ય રહેતું.

ઈ. સ. ૧૯૧૩માં ન્યાયમૂર્તિનું ઉચ્ચ પદ લલ્લુભાઇને આપવામાં આવ્યું. તેમની ન્યાયાધીશ તરીકેની કારકીર્દિએ અચુક રીતે પુરવાર કરી બતાવ્યું છે કે જો યોગ્ય હિંદીઓને ઉંચામાં ઉંચી જવાબદારીની પદવીઓ આપવામાં આવે તો તેઓ બીજી કોઈપણ પ્રજાના યોગ્ય પુરુષોની સાથે સરખાવી શકાય તેવું સંતોષકારક કાર્ય કરી શકે છે. ધારાશાસ્ત્રી તરીકે મુંબાઈની હાઇકોર્ટમાં ધંધો ચલાવવા સાથે તેમણે દેશસેવાના મહામંત્રને ખુણેખાંચરે ખોસી નહોતો દીધો. સર લલ્લુભાઇ શાહની ન્યાયાધીશી એટલે આદર્શ ન્યાયને અનુસરીને સામ્રાજ્યભક્તિ અને રાષ્ટ્રભક્તિનો સમન્વય.

સર લલ્લુભાઇનું હૃદય હંમેશાં આર્દ્ર અને દયાળુ રહેતું અને અનેક વ્યક્તિઓ તેમની પાસેથી કાંઇ ને કાંઈ ગુપ્ત દાન મેળવી આશિષ આપી પાછી ફરતી. તેમનાં દાન—ખાનગી અને સાર્વજનિક—પુષ્કળ હતાં, પરંતુ તે અવિચારી ઊર્મિથી અપાએલાં નહિ પણ યથાશક્તિ તપાસ કર્યા પછી અપાએલાં, ઘટતાં અને શોભીતાં દાન હતાં. અનેક નિરાશ્રિતો, વિદ્યાર્થીઓ, વિધવાઓ અને સાર્વજનિક સંસ્થાઓના લલ્લુભાઇ આધારરૂપ હતા. પોતાનાં દાન ગુપ્ત રહે એવી જ તેમની ઇચ્છા હતી.

કેળવણીના કાર્યમાં પણ તેમણે સારો ફાળો આપ્યો છે. અનેક કેળવણીની સંસ્થાઓ સાથે તેમનો ગાઢ સંસર્ગ હતો ને ગરીબ વિદ્યાર્થીઓના તે સાચા સહાયક હતા. સૅનેટ અને સિન્ડિકેટમાં હોઇને તેમણે કેળવણીની દિશામાં જે સેવા બજાવી છે તે ઉપરાંત પ્રો. કર્વેએ પુનામાં સ્થાપેલી સ્ત્રીઓની યૂનિવર્સિટીમાં વાઈસ ચૅન્સેલરનું પદ સ્વીકારીને શિક્ષણદ્વારા સાર્વજનિક સેવા બજાવી છે.

ગુજરાતી સાહિત્યની અભિવૃદ્ધિ અર્થે તેઓ સદ્ભાવ ધરાવતા, અને કેટલાંક માસિક-ત્રિમાસિકને, સાહિત્યવર્ધક સંસ્થાઓને અને લેખકોને પણ બનતી સહાય આપવા તત્પર રહેતા. યૂનિવર્સિટીમાં ગુજરાતીને યોગ્ય સ્થાન અપાવવા તેઓ નિરંતર મથતા અને ગુજરાત વિદ્યાપીઠ સ્થપાએલી જોવાને આતુર હતા. ફૉર્બ્સ સભાના તેઓ વર્ષો સુધી પ્રમુખ હતા એટલું જ નહિ, પરંતુ તે સંસ્થાને વધારે સક્રિય કરી તેના કામકાજને સારા પાયા ઉપર મુકવામાં તેમણે પ્રત્યક્ષ ને પરોક્ષ ભાગ લીધો હતો.

તેઓ સમાજસેવા પણ યથા અવકાશે ધર્મ તરીકે બજાવતા હતા. તેમનામાં પ્રકૃતિથી અને શિક્ષણથી એટલો બધો સર્વદેશીય સમભાવ હતો કે પ્રાંત અને જાતિનાં સંકુચિત દૃષ્ટિબિન્દુઓ તેમને સદૈવ ખુંચતાં.

આપણા હિન્દુઓને લગતો કાયદો બરાબર સમજવા માટે એમણે ચાળીસ વરસની ઉમરે સંસ્કૃત જેવી કઠિન ભાષાનો અભ્યાસ શરૂ કર્યો અને તેમાં પણ એટલા આગ્રહથી મંડયા રહ્યા કે આખા દેશમાં હિંદુ લૉના એક નમુનેદાર જજ તરીકે એમને સૌ માન આપવા લાગ્યા. સવારે સંસ્કૃતનો અભ્યાસ, ત્યારબાદ પાંચ છ કલાક કોર્ટનું કામ, પછી સાંજે અગણિત સંસ્થાઓ જોડે પોતે જોડાએલા હતા તેને લગતાં કાગળિયાં જોવાનું કામ; રાત્રે ફરી પાછું બીજે દિવસે નીકળનારાં કેસનાં કાગળિયાં વાંચવાનું કામ તે મોડી રાત સુધી;— આ એમનો કાર્યક્રમ.

સત્ય તેમને હંમેશાં પ્રિય હતું; અને રખેને અસત્ય થઇ જાય તેનાથી તે ચોંકતા રહેતા.

જુના જમાનાની એક વાત છે. આશારામભાઇ મોરબીથી આવતા હતા. અસલના જમાનાની રૂઢિ પ્રમાણે પોતે સેકંડ કલાસમાં હતા; છોકરાઓ થર્ડમાં હતા. બાપે થોડો વખત વગર ટિકિટે છોકરાંઓને સેકંડ કલાસમાં બેસાડયાં. લલ્લુભાઇનો સત્યપ્રેમ ઘવાયો: થર્ડની ટિકિટે સેકંડની મુસાફરી થાય! તેમણે બાપથી અજાણ્યા રેલવે કંપનીપર સેકંડકલાસનું ભાડું મોકલી આપ્યું! પિતાની મનોદશા શી થઈ હશે તે જોવાની જરૂર નથી. આ વાત ખરી હોય તો તે લલ્લુભાઈના ચારિત્ર્યનું મધ્યબિંદુ દર્શાવે છે.

સ્વ. ડાહ્યાભાઈ લક્ષ્મણભાઇ પટેલ

અમારા મિત્ર ડાહ્યાભાઈ પટેલના અવસાનની નોંધ લેતાં તેના આઘાતનો અનુભવ સહેજે થઇ જાય છે.

જન્મે પટેલ પરંતુ સંસ્કારથી દ્વિજ બનેલા એ સજ્જનનો પરિચય, તેઓ 'બાલમિત્ર'ના તંત્રી થયા ત્યારથી અમને થએલો, અને તે દહાડાથી અમારા સમાનધર્મી અને શાંતપ્રકૃતિના આનંદી મિત્ર તરીકે અમે તેમના સ્નેહ અનુભવ્યો છે.

તેઓ ઉમરે મોટા થએલા અને ધોળી મુછોવાળા ગૃહસ્થ



હોવા છતાં અંતરથી યુવાનોના અને વિદ્યાર્થીઓના સાચા મિત્ર હતા. તેમણે ગુજરાતી ભાષામાં અવતારેલું સાહિત્ય જ આની સાખ પુરે છે. તેમની સાથે અનેકવાર વિનોદવાર્તા કરતાં અમે તેમને ધોળી મુછોવાળા વિદ્યાર્થી જ કહેતા. એમનું મોં સહેજે હસી પડતું અને કંઇક વિનોદવાક્યથી જ તે વાત શરૂ કરતા.

મહાન પુરુષ થવાનું દરેકથી બની ન શકે, પરંતુ 'સારા મનુષ્ય' તો અવશ્ય થઇ શકાય એ એમનું જીવનસૂત્ર હતું; અને તેથી મોટા કે આગેવાન થવા કરતાં સારા મનુષ્ય બનવાનું એમણે લક્ષ્ય બાંધી તે પર જીંદગી દોરી.

પોતાના વતન વડનગરમાં પોતાની કણબી કોમની તથા વડનગર શહેરની ઉત્તમ સેવા એમણે કરી. જ્ઞાતિની બોર્ડિંગ અને શહેરની લાયબ્રેરી સ્થાપીને તેના નિભાવ અને દેખરેખની સતત ચિંતા રાખી તેને સરસ રીતે ચલાવી. 'સાહિત્ય પ્રવૃત્તિ'ને જીવનની મુખ્ય પ્રવૃત્તિ બનાવી એ 'બંધુ સમાજ'માં જોડાયા અને એ સમાજના મુખપત્ર 'સુંદરી સુબોધ'ના તંત્રીમંડળમાં રહી અગત્યની સેવા કરવા ઉપરાંત એક કાવ્યસંગ્રહ તથા આઠ બીજાં મળી નવ પુસ્તકો પણ લખ્યાં. દરમ્યાન એ 'ગુજરાતી પંચ'ના ઉપતંત્રી તરીકે તો કામ કરતા જ હતા, જે ઘણાં વર્ષો સુધી તેમણે ચલાવ્યું. ત્યારપછી 'બાલમિત્ર'ના તંત્રી અને પછી 'કચ્છ કેસરી'ના ઉપતંત્રી તરીકે એમણે મરણની ઘડી સુધી કામ કર્યું.

આ રીતે સાહિત્ય અને સમાજની શાંત સેવામાં ૫૧ વર્ષનું નિર્મળ ચારિત્ર્યવાન જીવન ગાળી એમણે લેખક, કવિ, પત્રકાર, સમાજ સેવક—અને સૌથી વિશેષ 'સારા મનુષ્ય' તરીકેની સફળ કારકીર્દિ બજાવી પોતાનો જીવનક્રમ પાર કર્યો છે.

તેમના પુત્ર નિરંજનમાં એમની વિભૂતિ ઉતરે એવી આશા રાખી અમે સ્વર્ગસ્થને માનસિક અંજલિ આપીએ છીએ.

શ્રી મગનલાલ વ્યાસ

ભાઈ શ્રી મગનલાલ ત્રિ. વ્યાસ છેલ્લાં બે વર્ષથી ઇંગ્લંડની કિંગ્સ કૉલેજમાં અભ્યાસ કરતા હતા. ગયા નવેમ્બર માસની ૨૮ મી તારીખે તેમણે કેળવણી વિષય લઇને એમ. એ. ની ડિગ્રી મેળવી છે. એ પ્રમાણે તો ગુજરાતમા એ ડિગ્રી લેનાર આ ભાઇ બીજા જ ગુજરાતી છે. ઉ. વિભાગના એજ્યુ. ઇન્સ્પે. મિ. વકીલ એ ડિગ્રીવાળા છે, પરંતુ તેમની ડિગ્રી બીજી કોઈ યૂનિવર્સિટીની છે. ઉપરાંત બંનેની ભાવનામાં પણ ફરક છે.

ભાઈ મગનલાલ શુકલતીર્થના નર્મદાઆશ્રમ દ્વારા ગુજરાતના કેળવણીક્ષેત્રમાં ફાળો આપી સેવા કરવા માગે છે. મોટી નોકરી મળી શકે એ હેતુથી એ વિલાયત નથી ગયા. જે થોડો વખત તેમણે નર્મદા-આશ્રમમાં કામ કરેલું તેને જ પરિણામે નર્મદા-આશ્રમ આટલી ખ્યાતિ પામેલું.



એ નવયુવાન છે, ભાવનાવાદી છે, આદર્શ સિદ્ધ કરવાની એમનામાં ધગશ છે અને કાર્યકુશળ સેવક થવું એ એમનો જીવનમંત્ર છે. પ્રખ્યાત કેળવણીકાર જ્યૉર્જ એરન્ડેલના એ પરમપ્રિય શિષ્ય છે ને એમણે સ્કાઉટિંગની પણ ત્યાં રહી ખાસ તાલીમ લીધી છે.

એવા ગુજરાતના એક આશાવાદી નવયુવાન ડિસેમ્બરની ગઇ ૩૧ મી તારીખે ઘણુંકરીને સ્વદેશ આવી પહોંચ્યા હશે. અહીંના શિક્ષકવર્ગના એ પ્રેરણામૂર્તિ થશે.

એ તેજસ્વી યુવાનનો આટલો પરિચય વાચકોને ઉપયોગી થશે એમ જાણી અહીં આપ્યો છે.

[અનુસંધાન પાન ૫૨૧થી ચાલુ]

અને ૧૨ મીએ આ હરિફાઇની રમતો થઇ હતી. શ્રી. છોટાલાલ પુરાણી તથા બીજા ભાઇઓએ અમ્પાયર્સ તરીકે હાજરી આપી હતી.

ચરોતરની દસ હાઈસ્કૂલના લગભગ ૩૦૦ વિદ્યાર્થીઓએ એમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. દરેક વર્ષની માફક કોઇ એક જ સ્કૂલને ઘણા માર્કસ ન મળતાં લગભગ દરેક સ્કૂલને ફાળે થોડા ઘણા માર્કસ વહેંચાઈ જતા હતા, એ ચરોતરમાં શારીરિક કેળવણી તરફ અપાતા ધ્યાનના પૂરાવારૂપે ગણાય.

જે હાઇસ્કૂલને વધારે માર્કસ મળે તેને શ્રીમંત આબા સાહેબ ચાંદીનો કપ મળે છે. આ વર્ષે આણંદની ડી. એન. હાઇસ્કૂલે એ કપ જીતી લીધો છે. શ્રી. પુરાણીએ આ વર્ષના કામ બદલ આનંદ દર્શાવી આ હરિફાઈના ઉદ્દેશ બતાવ્યા હતા. સંયમન અને ભ્રાતૃભાવની તાલીમ સંબંધી જણાવીને એમણે કહ્યું હતું કે 'માત્ર ઇનામની લાલચ ખાતર રમત રમાય એ ઇષ્ટ નથી જ. ઈનામની ખાતર રમવું એ તો મજુરનો શોખ થયો, આપણે તો રમતની ખાતર, મરદાઇની ખાતર જ રમવું જોઇએ.'

સ્વીકાર

કુંજકોકિલ: રાષ્ટ્રીય શિક્ષણ વિષયક લેખો તેમ જ કાવ્યોનો સંગ્રહ; પ્રકાશક, આચાર્ય, શ્રી રાષ્ટ્રીયશાળા, મુંબાઇ; કીમત ૦-૧૪-૦

ગાઇડ ટુ પાટણ: (અંગ્રેજીમાં) લેખક અને પ્રકાશક, મહાદેવ મુકુન્દ જોશી; કીમત ૦-૫-૦

અમદાવાદ મજુર મહાજનનો સને ૧૯૨૫નો હેવાલ.

શિલ્પીએ એક દેવીની પુતળીનું મ્હોં વાળથી ઢાંકી દીધું હતું ને પગ ઉપર પાંખો કરી હતી. આ જોઈ એક માણસે તેને એ દેવીનું નામ પુછ્યું.

શિલ્પીએ જવાબ આપ્યો, ' એ દેવીનું નામ 'તક' છે. જ્યારે એ માણસ પાસે આવે છે ત્યારે તે ભાગ્યે જ એને ઓળખે છે, એટલે એનું મ્હોં મેં વાળથી છુપાવ્યું છે અને એ તરત સટકી જાય છે ને પાછી મળતી નથી, એ બતાવવા મેં પાંખો કરી છે.'

મનુ—મારે કવિ થવું કે ચિત્રકાર?

વિનુ—ચિત્રકાર થજે!

મનુ—કેમ? તેં મારાં ચિત્રો કોઈવાર જોયાં છે કે શું?

વિનુ—ના રે! પણ મેં તારાં કાવ્યો વાંચ્યાં છે તેથી કહું છું!


હાથીદાંત સાચો છે કે બનાવટી તે જાણવા માટે તેના ઉપર ગંધકના તેજાબનું એક ટીપું પાડવું. જો દસ મિનિટ પછી ટીપાની જગ્યાએ ગુલાબી રંગનો ડાઘ ઉપડી આવે તો જાણવું કે દાંત બનાવટી છે ને જો કંઇ જ ન દેખાય તો દાંત સાચો છે એમ માનવું.

તારનાં કવરને ગુંદરથી ચોંટાડવાને બદલે પિત્તળની ચકરી નાખી શા માટે ચોડે છે?

ગુંદર ઉખેડી કોઇ તાર વાંચી લે અને પાછો ચ્હોડી શકે: ચકરી એક વાર ઉખડ્યા પછી બીજી વાર ન આવી શકે. કદાચ બીજી નવી ચકરી કોઈ નાખે, તો પણ પહેલીની જગ્યાએ પડેલું કાણું કાયમ રહે. એટલે ચોરી પકડાઈ જાય.


આંખમાં ઝીણું જીવડું કે કણું પડે ને રૂમાલના છેડાને વળ દઇ આંખમાં ફેરવવાથી નીકળે નહિ ત્યારે આંખ ઉપર ખુબ દુધ છાંટવું. દુધ ચીકણું હોવાથી આંખમાંથી જીવડું કે કણું જે હશે તે તરત ખેંચી લાવશે; અને વળી દુધમાં આંખ ઠારવાનો ગુણ છે.


આજ્ઞાંકિત દીવાસળીઓ




ઉપરના ચિત્રમાં બતાવ્યા મુજબ પાણીથી ભરેલા એક પ્યાલામાં પાંચ કે છ દીવાસળીઓને તરતી મુકો. હવે દીવાસળીઓ વચ્ચેની ખાલી જગ્યાએ અગાઉથી અણી કાઢી રાખેલ સાબુ અડ'ડો. દીવાસળીઓ એક બીજાથી નાસીને પ્યાલાની બાજુ તરફ દોડવા માંડશે. પણ તમે સાકરનો ટુકડો લઇ પ્રથમની જ જગ્યાએ અડાડશો એટલે તરત જ દીવાસળીઓ પાછી પોતાની જગ્યાએ આવી ભેગી થઈ જશે.

દોરડાંની ગાંઠના બે વધુ નમુના





પતરાના ડબાનું ઢાંકણું સજ્જડ બંધ થઈ ગયું હોય તો તેને ઉઘાડવાની એક યુક્તિ છે. ડબાની આસપાસ મજબુત દોરી વીંટી તેમાં પેન્સિલ કે દાતણ ભરાવી વળ દો. એથી ડબો સંકોચાશે અને ઢાંકણું ઢીલું પડશે; એટલે ઉઘાડી લેજો.



ઝેશુઅન (ચીન)માં આ (આર્કેડ બ્રિજ) જાતના પુલ બહુ સામાન્ય છે. વેનિસની ગ્રાન્ડ કેનાલ ઉપરના પુલને તે મળતા આવે છે. પથ્થરની માત્ર એક જ કમાનના તે બનેલા હોય છે ને તેની વચ્ચોવચ ઓરડા જેવો વિસામો બાંધેલો હોય છે. એ વિસામાની અંદરની ભીંતો ચિત્રો ને કોતરકામથી શણગારવામાં આવે છે. અહીં મુસાફરો માટે મીઠાઇ ચવેણાની દુકાનો હોય છે.